ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 5 ISSUE : 6 • SEPTEMBER 2017 • PAGES 64 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ – ૫ (કુલ વર્ષ ૬૫) અંક-૬ • સપ્ટેમ્બર ૨૦૧૭ • પાનાં ૬૪ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

A horse-rider enjoys riding a noble horse. Similarly, the Guru enjoys instructing intelligent disciples. A horse-rider gets tired of riding a bad horse. Similarly, the Guru gets tired of instructing dull disciples.

जैसे उत्तम घोडे को हाँकता हुआ सवार आनन्द पाता है, वैसे ही पंडित शिष्य पर अनुशासन करते हुए गुरु आनन्द पाते हैं। जैसे दुष्ट घोडे को हॉकता हुआ सवार खिन्न होता है, वैसे ही अविनीत शिष्य पर अनुशासन करते हुए गुरु खिन्न होते हैं।

સારા ઘોડા ઉપર સવારી કરનારને ઘોડો ચલાવવામાં જેમ આનંદ આવે છે, તેમ ડાહ્યા શિષ્યો ઉપર અનુશાસન કરવામાં ગુરુને આનંદ થાય છે. જેમ ગળિયા ઘોડાને ચલાવવામાં સવારી કરનાર થાકી જાય છે, તેમ મૂર્ખ શિષ્યો ઉપર અનુશાસન કરતાં ગુરુ પણ થાકી જાય છે.

ડૉ. રમણલાલ ચી. શાહ 'जिन वचन' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

# આચમન

## નિસ્પૃહી છોડ - વૃક્ષ

એક પ્રખ્યાત બાગમાં ફળફૂલ અને જાતજાતના વૃક્ષો અને છોડ હતા. એક દિવસ ત્યાંની દેખભાળ કરનાર માળીને વિચાર આવ્યો અને વૃક્ષો સાથે વાતચીત કરતા વૃક્ષોને સંબોધીને બોલ્યો, "આપને માટે એક આનંદના સમાચાર લાવ્યો છું. આજ સુધી મનુષ્યોનો જ ઈતિહાસ લખાયો છે પરંતુ વૃક્ષોનો નહીં, હવે વૃક્ષોનો ઈતિહાસ પણ લખવાનો છે. આજ સુધી તમે મનુષ્યની જે સેવા કરી છે, ફળફૂલ લાકડા આપ્યા છે તેના ઈતિહાસની એક સ્મરણિકા બહાર પડવાની છે જેને લીધે તમારૂં નામ અમર થઈ જશે."

વૃક્ષો તથા છોડને તો આ સાંભળીને હસવું આવ્યું અને બોલ્યા, "અમે ક્યાં કોઈ સેવા કરી છે? આ તો અમારા દ્વારા કરવામાં આવી છે. "કર્યા"નો ઈતિહાસ લખાય "થઈ"નો નહીં. અમે તો સમયે સમયે ફૂલ્યા ફાલ્યા તે પણ કોઈને માટે ખાસ નહીં. જે થયું તે સહજ જ થયું. અમે કોઈના પર ઉપકાર નથી કર્યો તો લખવાનું શું?"

ઈતિહાસમાં કોઈનું નામ અમર નથી રહેતું. અમર તો શાંત જીવન જ રહે છે. અમારૂં જીવન શાંત અને કામના મુક્ત છે.

ઉત્તર સાંભળી માળી અવાક થઈ ગયો. દુનિયા આખી નામ પાછળ ગાંડી છે જ્યારે વૃક્ષો અને છોડ ખરેખર નિસ્પૃહી સંત બરાબર છે. મનુષ્ય તેમનો આદર્શ જીવનમાં ઉતારે તો ધન્ય બની જાય.

હિંદી : સંત અમિતાભ   અનુ. : પુષ્પાબેન પરીખ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મતિ સુધારે ગતિ... | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | અષ્ટમંગલનું પ્રત્યક્ષીકરણ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૯ |
| ૩. | સુખનો હરિયાળો દેશ : ભુતાન | કિશોરસિંહ સોલંકી | ૧૨ |
| ૪. | જૈન સાહિત્યમાં પ્રાણીપ્રેમનાં દૃષ્ટાંતો | પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મહારાજ | ૧૪ |
| ૫. | ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું સવાસો ગાથાનું સ્તવન | ડૉ. રશ્મિ ભેદા | ૧૭ |
| ૬. | 'અમૂલ્ય તત્ત્વવિચાર' | આત્માર્પિત દેવાંગભાઈ | ૨૦ |
| ૭. | તત્ત્વચિંતન અને સમ્યક્દર્શન | સુરેશ શાહ | ૨૫ |
| ૮. | સપ્તરંગી જીવન | હરજીવન થાનકી | ૨૭ |
| ૯. | પથારો | ગુલાબ દેઢિયા | ૨૮ |
| ૧૦. | માનવ થઈને જીવીએ.. | નટવરભાઈ દેસાઈ | ૨૯ |
| ૧૧. | અષ્ટમંગલનું ઐશ્વર્ય | ભારતી બી. શાહ | ૩૦ |
| ૧૨. | પંથે પંથે પાથેય પહલે એક આસમાન પૈદા કર | ગીતા જૈન | ૩૪ |
| ૧૩. | સુખની શોધમાં | ડૉ. નરેશ વેદ | ૩૬ |
| ૧૪. | અભ્યંતર તપ - ૧૦-૧૧-૧૨ સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ | સુબોધીબેન સતીસ મસાલીઆ | ૩૯ |
| ૧૫. | સુકલકડી કાયામાં જ્ઞાનનો ભંડાર - અભયસાગરજી મહારાજ આચાર્ય | શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૪૨ |
| ૧૬. | કોણ ઘડે છે મને ? મારી જ નાનીમા... | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૪૩ |
| ૧૭. | ગાંધી વાચનયાત્રા : આઝાદીના ઇતિહાસનાં મહત્ત્વનાં સોપાન અને ગાંધીજી | સોનલ પરીખ | ૪૪ |
| ૧૮. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૪૭ |
| ૧૯. | ભાવ-પ્રતિભાવ | — | ૫૦ |
| ૨૦. | જ્ઞાન-સંવાદ | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૫૨ |
| ૨૧. | An Eternal & Spiritual Eve of Paryushan Maha Parva.. on the Acreage of New Jersey | Prachi Dhanvant Shah | ૫૬ |
| ૨૨. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૫૯ |
| ૨૩. | 'જો હોય મારો આ અંતિમ પત્ર તો...' : ચિરંજીવીને પત્ર | ધીરુબહેન પટેલ | ૬૪ |




### મુખપૃષ્ઠ

सरस्वती नमस्तुभ्यं वर्दे कामरूपिणी
विद्यारम्भं करिष्यामि सिद्धिर्भवतु में सदा।

हे सबकी कामना पूर्ण करने वाली माता सरस्वती, आपको नमस्कार करता हूँ। मैं अपनी विद्या ग्रहण करना आरम्भ कर रहा हूँ , मुझे इस कार्य में सिद्धि मिले।

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)


# પ્રબુદ્ધ જીવન


વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૩ • વીર સંવત ૨૫૪૩ • ભાદરવો વદ તિથિ - ૧૧

**માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ**


**તંત્રી સ્થાનેથી...**

## મતિ સુધારે ગતિ...

*જોગિયા કે નગર બસો મતિ કોય, જો રે બસે, સો જોગિયા હોય,*
*ગયઉ દેસંતર કોઈ ન બતાવૈ, જાગિયા બહુરિ ગુફા નહિ આવૈ,*
*જરિ ગૌં કથા ધજ ટૂટી, ભજિ ગૌ દંડ ખપ્પર ગૌ ફૂટી,*
*કહંહિ કબીર ઈ કલિ હૈ ખોટી, જો રહે કરવા નિકરે ટોટી.*

કબીર કહે છે કે - જે વેશધારી યોગી છે, એમના વાસમાં રહેતા નહીં અને રહેશો તો એવા થઈ જશો. એ લોકો અવળું જ્ઞાન ધરાવે છે અને તે જ્ઞાન દંભ તથા અહંકારથી મેલુ બનેલું હોય છે. તેથી તેને સત્યના મ્યાનમાં સમાવી શકાતું નથી. સ્થૂળ શરીર રૂપી ત્યાં તો પ્રગટ હોવાથી દેખી શકાય છે, પણ જીવ નિરાકાર હોવાથી પ્રગટ થતો નથી માટે ગુપ્તપણે રહે છે. કબીર કહે છે કે જે આત્માની અમૃતવેલીનું ઔષધ ખૂબ ઘોળી ઘોળીને પીવે છે, તે જુગ જુગ સુધી જીવે છે અને અમર બને છે.

એક નાદ બ્રહ્મનું પદ છે અને તેનાથી વાતનો આરંભ કરું તો,

*ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો દિન રાત જી,*
*માયાનો બાંધ્યો પ્રાણીઓ, સમજ્યો નહિ શુદ્ધ આતમજી,*
*કુંભ કાચો તે કાયા જાવરું, જોઈને કરો જતનજી,*
*વણસંતા વાર લાગે નહિ, રાખે રૂડું રે મન.*

ભમરા જેવું મન દિવસ અને રાત ભ્રમણ કરે છે. પોતે જ પોતાની ગતિ નથી સમજી શકતો ત્યારે કઈ રીતે મુક્તિ પામશે? આ આત્માની ગતિ જે સમજી લે છે, તે આપોઆપ પોતાની ગતિને સુધારી લે છે. 'મતિ' શું છે? મતિ આપણું મન, વિચારો જે આપણી પાસે કર્મ બંધાવે છે. જીવનના ચક્રવ્યુહને જે ગાંઠોને વધુ ઘેરી કરી ગૂંચવે છે. 'તોરા મન દર્પન કહેલાયે, ભલે બુરે સારે કર્મ કો, દેખે ઔર દિખાયે... તોરા મન...'

પછી આગળ છે,

*મન હી દેવતા, મન હી ઈશ્વર, મન સે બડા ન કોઈ*
*મન ઉજિયારા જબ જબ ફૈલે, જગ ઉજિયારા હોય,*
*મન સે કોઈ ભાગ સકે ના, મન કે*
*નૈન હજાર... તોરા મન...*

માણસનું મન જ તેનો અરીસો છે. માણસ સારા કર્મ કરે કે ખોટા કર્મ કરે તેણે બીજાને પૂછવા નથી જવું પડતું, પણ તેનું મન જ તેને ભીતરમાંથી સાચો જવાબ આપી દે છે. જગતને જીતવું સહેલું છે પણ મનને જીતવું દુશ્કર છે. સંસાર છોડી, મન જો સાધુત્વ સ્વીકારી પણ લે, તો પણ મન એનો પીછો છોડતું નથી. માણસના જીવનનું કેન્દ્રબિંદુ મન છે અને ત્યાંથી જ તેના જીવન વિકાસની પરિક્રમા શરૂ થાય છે. માણસનું મન એક દિવસમાં ૬૦,૦૦૦ વિચારો કરે છે. તન વિહાર કરે છે અને મન વિચાર કરે છે. મન વિચરે છે અને પરિણામે વિચારો જન્મ લે છે. સતત વિચાર કરતું મન, આપણે કોઈ રિમોટ કંટ્રોલ દ્વારા રોકી નથી શકતા. આપણા ચિત્તતંત્ર પર આ મન મહાસત્તાની જેમ રાજ કરે છે.

મનને કાબુમાં રાખવા આમ તો કેટલીક ઉત્તમ ચાવી આપણી

> **આ અંકના સૌજન્યદાતા**
> **એક બહેન તરફથી**
> **માતા-પિતા ના સ્મરણાર્થે**


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન :૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260, બૅન્ક ઑફ ઇન્ડિયા
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

પાસે છે. અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ, સત્ય, તપ, જપ, ધ્યાન વગેરે.

અંતે આપણી શોધ મોક્ષ તરફની જ હોય છે. કોઈ વ્યક્તિ નરકની ગતિની અપેક્ષા, તો નથી જ કરતાં, પરંતુ મોક્ષ તરફની માત્ર અપેક્ષાથી શું થશે, એ તરફની ગતિ કેળવવી પડશે. આનંદઘનજીના સ્તવનને યાદ કરીએ તો,

*ષડદરસન જિન અંગે ભણીજે ન્યાયષડંગ જો સાધે રે,*
*નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્દર્શન આરાધે રે...*

ષડદર્શન તો એક માત્ર ઉપલક્ષણ છે પણ મૂળ તો બધા જ લક્ષણોને સમજી, આત્માને પામવાનો છે.

મોક્ષની ગતિ અધ્યાત્મમાં સમાયેલી છે, અને એના ચાર સોપાનો છે.

દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન.

દર્શન એટલે શ્રદ્ધા. ઉપનિષદમાં કહ્યું છે કે મનન વિના વિજ્ઞાન શક્ય નથી અને શ્રદ્ધા વિના મનન શક્ય નથી. આમ શ્રદ્ધા, મનન અને વિજ્ઞાન એ ત્રણેય ક્રમિક સોપાનો છે.

આચારાંગ સૂત્રમાં दिट्ठं सुतुं मयं विण्णायं આ વાક્યખંડ દ્વારા ઉપર કહ્યા એ જ ચાર સોપાનોનો ઉલ્લેખ છે. જે મોક્ષ માર્ગે લઈ જાય છે તે રત્નત્રયીને જો યાદ કરીએ તો સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર્ય. આપણે પ્રથમ દર્શન પામીએ છીએ, પછી જ્ઞાન અને પછી ચારિત્ર. દર્શનનો અર્થ શ્રદ્ધા છે અને શ્રદ્ધા જ્ઞાનભણી લઈ જાય. પછી ચારિત્ર ઉજ્જવલિત થાય અને મોક્ષમાર્ગ માટે મનુષ્ય લાયક બને. સમ્યક્દર્શનમાં શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન બંનેનો સમાવેશ થાય છે. જે મૂળભૂત રીતે શ્રવણ અને મનન છે અને મનન એજ મતિ છે. પૂજ્યપાદ પોતાના તત્ત્વાર્થ સૂત્રો ઉપરની સર્વાથસિધ્ધિ ટીકામાં બે સ્થાને 'મતિ' શબ્દનો અર્થ મનન કરે છે.

मनन मात्रं, वा मतिः
मननं मतिः

મનન એ જ મતિ છે. ચોથું સોપાન નિદિધ્યાસન છે. ધ્યાન એ ઉત્કૃષ્ટ પ્રકારનું અભ્યંતર તપ છે. ધ્યાનને ચારિત્ર્યની ચરમસીમા ગણી, ધ્યાનની સમગ્ર પ્રક્રિયામાં ચારિત્ર્યનો સમાવેશ માની શકાય છે.

આ ચાર સોપાને મોક્ષમાર્ગનો પાયો છે. કર્મ પ્રમાણેની ગતિ જેટલી સહજતાથી આપણે સ્વીકારી છે, એટલી સહજ નથી. ઘણી બાબતનું જ્ઞાન હોય અને તોયે મન એના અમલ અંગે આળસ કરે. સ્વામી વિવેકાનંદનું એક વાક્ય યાદ આવે છે, મનુષ્યે પોતાની અંદરથી સમૃદ્ધ થવાનું છે અને એ બાબત કોઈ પણ શિક્ષક એને શીખવાડી નહીં શકે. માત્ર મનુષ્યનો આત્મા જ એને ત્યાં દોરી શકશે. એક ગુરૂની ઝૂંપડી પાસે જ એક સ્મશાનગૃહ હતો. શિષ્યએ ગુરૂને પૂછ્યું, આ આત્મા સ્વર્ગે જશે કે નરકે. ગુરૂએ કહ્યું, સ્વર્ગ. બીજે દિવસે પૂછ્યું તો જવાબ મળ્યો નરક. આ ગુરૂએ છ દિવસ સુધી જવાબ આપ્યો. પછી શિષ્યને આશ્ચર્ય થયું કે ગુરૂ કઈ રીતે જવાબ આપે છે. અને ગુરૂને પૂછ્યું કે આપ જ્યોતિષશાસ્ત્ર જાણો છો ત્યારે ગુરૂએ કહ્યું કે ના. પરંતુ માણસને જ્યારે લઈ જાય છે ત્યારે તેની આજુબાજુના લોકોની વાત સાંભળતા અને એના સાંભળેલા કર્મથી એની ગતિ ગુરૂએ ધારી કારણ મનુષ્યની ગતિ તો એના કર્મ જ નક્કી કરે છે અને કર્મની ગતિ, મનની ગતિ દ્વારા નક્કી થાય છે.

ગણિતના ક્ષેત્રમાં એકડાની મહત્તા છે, ભૂમિતિના ક્ષેત્રમાં બિંદુની મુખ્યતા છે. શરીરના ક્ષેત્રમાં આંખનું મહત્ત્વ છે તેમ માનવતાની સફળતાના ક્ષેત્રમાં રોયલ સ્વભાવની જરૂર છે. એમ કહેવાય કે ચા બગડે તો દિવસ બગડે, અથાણું બગડે તો વરસ બગડે, પત્ની બગડે તો ભવ બગડે, પરંતુ સ્વભાવ બગડે તો ભવોભવ બરબાદ થાય છે... માટે જ ગતિ બદલાય, તે પહેલા મતિ - સ્વભાવ બદલીએ. કુંડળીમાં સર્પદોષ હોય તો ભારે પડે એવું કહેવાય પરંતુ સર્પદોષ કરતાં સ્વભાવદોષ વધારે ભયાનક છે. કારણ સર્પદોષની વિધિ તો પંડિત કરશે પરંતુ સ્વભાવદોષ તો માણસે પોતે જ સુધારવો પડે છે. સ્ટુડિયોમાં ફોટા સારા આવે છે પણ હોસ્પિટલમાં એક્સ-રે બગડેલા આવે છે ત્યારે શરીર માટે તે ભયાનક છે. તેમજ દેખાવ હેન્ડસમ હોય પરંતુ સ્વભાવ પીત્તળનો હોય, તો આવી સ્થિતિ આત્માના ભાવિ માટે અને કુટુંબ માટે ભયાનક છે.

આ વાતને થોડી આગળ ચલાવીએ, રોયલ સ્વભાવ અને પીત્તળ સ્વભાવ વચ્ચેનો ભેદ વરસાદ અને વીજળી જેવો છે. ધરતી ઉપર વરસાદ પડે અને વીજળી પણ પડે. વરસાદ પડે ત્યારે ચારેબાજુના વાતાવરણમાં નવી તાજગી આવી જાય છે, ધરતી લીલીછમ બની જાય છે અને ખેડૂત આનંદિત થાય છે. જ્યારે વીજળી પડે ત્યારે ધરતી ઉપર નુકશાન થાય તેમજ પીત્તળ સ્વભાવ કડવું બોલી હૃદય દુભાવે છે. આ કડવાશ ડાયાબીટીશ ઘટાડતી કે વધારતી નથી પરંતુ સંબંધમાં અંતર લાવે છે.

એક વાર એક પતિ પત્ની વચ્ચે ખૂબ જ મોટો ઝઘડો થયો. આજે **પોઈન્ટ ઓફ વ્યુ**ના જમાનામાં આપણે જીવીએ છીએ. દરેકનો પોતાનો પોઈન્ટ ઓફ વ્યુ, દરેકના પોતપોતાના કેન્દ્ર, ક્યાંય સમન્વયની વાત જ નહીં. ઝગડાંને કારણે પતિ-પત્નીએ નક્કી કર્યું કે હવેથી આપણે, એકબીજા વિશે ડાયરીમાં લખશું અને વર્ષના અંતે ડાયરી અદલાબદલી કરશું. પરંતુ રોજેરોજ એ બાબત પર વિવાદ નહીં કરીએ. વર્ષના અંતે બંનેએ ડાયરીની અદલબદલ કરી. પત્નીની ડાયરીમાં નોંધ્યુ હતું, 'તમે મોડા આવવાને કારણે બહાર જવાયું નહી, શોપીંગ, તમારી પાસે મારા માટે સમય નથી, વગેરે ફરિયાદો હતી, પતિ પાના ફેરવતો ગયો અને પોતાની ભૂલો કબૂલ

કરી. ૩૬૫ દિવસની ભૂલોનો સ્વીકાર અને ભૂલો નહિ કરવાનું ઠેરવે છે. પછી પતિની ડાયરી લીધી, પત્ની પાના ફેરવતી રહે છે. દિવસો, મહિનો અને આમ જ પાંચ-છ-નવ-દસ-બાર મહિના સુધી ડાયરીમાં ખાલી જગ્યા. પતિનો ચહેરો નીચે ઝૂકેલો હતો. ૩૬૫માં પાના ઉપર નોંધેલું હતું, એમાં લખેલું હતું કે, 'આ એક વર્ષના ગાળામાં તારાથી કોઈ ભૂલ નથી થઈ તેવું નથી અને મને તારી ભૂલ નથી દેખાઈ, એવું પણ નથી પણ તારા પ્રત્યેના મારા પ્રેમને કારણે એક પણ ભૂલ લખવાનું મન નથી થતું.' પત્ની ચોધાર આંસુએ રડી પડે છે. પ્રેમને કારણે કોરા પાનાં રાખેલ પતિ સામે જોયા કરે છે. આપણે સૌએ સમજવાનું છે કે, જ્યારે કોઈ પણ વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ ગાઢ હોય છે, ત્યારે ભૂલ પાતળી દેખાય છે અને પ્રેમ ઓછો પડે છે ત્યારે ભૂલ વધુ દેખાય છે. આ સો ટકાનું સત્ય છે. જ્યારે ભૂલ દેખાય ત્યારે પ્રેમ ઓછો અને ભૂલ ઓછી દેખાય ત્યારે પ્રેમ વધુ. આ આપણા વિચારોનો પ્રભાવ છે. આજે જ્યાં અને ત્યાં એક જ વાત સાંભળીએ છીએ કે ચારે તરફ જનરેશન ગેપની વાત બહુ સંભળાય છે. મા-દીકરા વચ્ચે, બા-દિકરી વચ્ચે અને એને કારણે સંઘર્ષ વધે છે. કહે છે કે જનરેશન ગેપ છે પરંતુ પતિ-પત્ની વચ્ચે તો જનરેશન ગેપ નથી, તો પછી પણ કેમ કુમેળ છે, શું કારણ છે કુમેળનું ? કદાચ મનની અવસ્થા જ અહીં ભાગ ભજવે છે.

આ એક આડી વાતથી આપણે મૂળ વાત ઉપર આવીએ,

મનુષ્ય માટે સૌથી કઠીન કાર્ય છે પોતાના રાગથી પોતાની જાતને છોડાવાનું. હેમચંદ્રાચાર્ય કહે છે, દૃષ્ટિ રાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સીતામપિ (વિતરાગ સ્તોત્ર) રાગના દૂર થવાથી ચિત્તશુદ્ધિ આવે અને પછી પ્રગટે સત્ય પ્રવણતા, એ જ શ્રદ્ધા છે.

શ્રદ્ધાની ભૂમિકા શ્રવણ પહેલાં પણ હોય છે. શ્રવણ, મનનો આધાર છે, પ્રતિષ્ઠા છે. શ્રુતધર્મ કે સિદ્ધાંત સાચો લાગે પરંતુ ખરેખર સાચો છે કે નહિ તેની પરીક્ષા સાધકે કરવી જોઈએ. આ પરીક્ષા, સાધકે તર્કથી, બુદ્ધિથી કરવી જોઈએ. સાધક શ્રુતધર્મ કે સિદ્ધાંતને ચિત્તમાં ધારણ કરે છે. અનુકૂળ, સ્થળ -કાળ પ્રાપ્ત થતાં તેની તર્કથી પરીક્ષા કરે છે, તેના ઉપર મનન કરે છે. શ્રદ્ધાનો સ્વીકાર, શ્રદ્ધાથી માત્ર ન થવો જોઈએ. તર્કથી, બુદ્ધિથી, મનનથી તેમનું ઉન્મૂલન થવું જોઈએ. મનન પછી શ્રદ્ધા બીજા અર્થમાં આકારવતી બને છે.

વ્યક્તિની આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં તર્કને, મનનને અત્યંત મહત્વનો ભાગ ભજવવાનું કાર્ય સોંપાયું છે. દરેક અધ્યાત્મ વિદ્યામાં એનું મહત્વ સ્વીકારાયું છે. આમ અધ્યાત્મ ગુરુ, તર્કને, બુદ્ધિને, મનનને ઉતારી પાડવું ન જોઈએ. શ્રવણ મનનને માટે સામગ્રી પૂરી પાડે છે. એ અર્થમાં શ્રવણ મનનનો આધાર છે, પ્રતિષ્ઠા છે. શ્રદ્ધાની ત્રણ ભૂમિકા છે. (૧) શ્રુત - શ્રવણનો સ્વીકાર (૨) મનન (૩) ધ્યાન.

જ્યાં સુધી મનની ભૂમિકા પાર નથી કરી શકાતી, ત્યાં સુધી ધ્યાન શક્ય નથી. તર્કથી, મનનથી પ્રતિષ્ઠિત થયેલ ધર્મ કે સિદ્ધાંતને ધ્યાન કરવા મળે છે. એ માટે સાધકે યોગ્ય રીતે તર્ક અને મનથી ધર્મતત્ત્વ પામવું પડે.

ગતિને ખરા અર્થમાં ઉચ્ચતમ કક્ષાએ ત્યારે લઈ જવાય, જ્યારે મતિ પણ એ દિશામાં જ વહે. મનની ભૂમિકા સ્પષ્ટ હોવી જોઈએ. આત્માને ધ્યાન તરફ વાળવો આવશ્યક છે. આત્મા શું ઈચ્છે છે ? અને જે ઈચ્છે છે તે, તેને માટે યોગ્ય છે કે નહીં, આત્મા વિરાગ-રાગમાં તો મસ્ત નથી, આવા પ્રથમ કક્ષાના સર્વ વિઘ્નોમાંથી પાર ઊતરી ધ્યાન ધરવાનું છે. એ કઈ રીતે શક્ય બને ? **તો આપણે જ એને શક્ય બનાવવું પડશે, અન્ય કોઈ નહીં બનાવે.** આપણી જરૂરીયાત અને અભાવના મેળથી ઈચ્છા જન્મે છે. એ ઈચ્છા પર લગામ લાદવી પડશે. કારણ આપણી પાસે આવનારા સો વર્ષનું પ્લાન છે. એ માટે અત્યારથી માત્ર તૈયારી નથી શરૂ કરી, પરંતુ એને આજેને આજે પહોંચી વળવાના છીએ, એમ ગદ્ધાવૈતરું કરીએ છીએ. એ અંગે કોઈ ખાત્રી નથી કે જે સ્વપ્ન પુરૂં કરવાનું છે એ ભોગવવા મળશે કે નહીં, પરંતુ આવા જ સ્વપ્નસ્થ વિશ્વની લાયમાં વર્તમાન જીવનને રોંદી નાખીએ છીએ.

બસરાનગરની બહાર રાબિયા નામની એક સ્ત્રી સંત રહેતી હતી. એકવાર પાંચ સજ્જનો રાબિયાને મળવા આવ્યા. ત્યારે રાબિયા ઝૂંપડી બહાર કંઈક શોધી રહ્યા હતા. બધાએ પૂછ્યું કે 'શું ખોવાયું છે ?' ત્યારે તેમને કહ્યું કે, 'મારી સોઈ ખોવાઈ ગઈ છે અને એ શોધી રહી છું.' બધાએ ખૂબ મહેનત કરી, પણ સોય ન મળી. છેવટે એક જણે કંટાળીને પૂછ્યું કે 'રાબિયા, તારી સોય ક્યાં ખોવાઈ હતી ?' ત્યારે તેમને જવાબ આપ્યો કે 'મારી સોય કુટીરમાં અંદર ખોવાઈ હતી.' ત્યારે એક સજ્જન નારાજ થઈ ગયા અને કહ્યું કે 'તો પછી અમને બહાર કેમ શોધાવડાવ્યું ? ત્યારે રાબિયાએ કહ્યું કે 'હું તમને એ જ સમજાવું છું કે 'જો ચીજ જહાં ખો જાતી હૈ, વહી ઢૂંઢની ચાહિયે, પરંતુ તમે બધા જ ભગવાનને બહાર શોધી રહ્યા છો, કેવી રીતે મળશે ? ધ્યાન દ્વારા આત્મા તરફ ગતિ કરવાની છે, નહિ કે બાહ્ય તરફ. મહાવીરે પણ તપ દ્વારા આત્માને મળવાની, અંદર તરફ વાળવાની વાત કરે છે. આજે આપણા સ્વરૂપ સિવાય અન્ય સ્વરૂપને પામવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. **જે જ્યાં નથી, ત્યાં તે કદી ન જ મળે,** તો પછી પ્રશ્ન એમ થાય છે કે ખોટી દિશામાં પ્રયત્ન થવાની આટલી તીવ્ર ઈચ્છા કેમ રહે છે ? આમ થવાનું કારણ એ છે કે **ભોગાનંદમાં આત્મનંદનું પ્રતિબિંબ છે, આભાસ બિંબને ચૂકી ગયેલું આપણું મન, પ્રતિબિંબમાં બિંબને શોધવાનો પ્રયત્ન કરે છે.**

યાદ એ રાખવાનું છે કે જેનું પ્રતિબિંબ આટલું આકર્ષક હોઈ

શકે તો એ મૂળ કેટલું આનંદમય હશે? એવું ઘણી વાર બને છે, સુખ પ્રાપ્તિના મારગે જતા હોઈએ અને એવું લાગે કે એ જ આનંદ પ્રાપ્તિનો ભાગ છે. પરંતુ એમ ન પણ હોય. પ્રથમ સ્વરૂપનો 'ભોગ' ગણાય છે અને બીજા સ્વરૂપનો 'યોગ' અર્થાત્ 'અધ્યાત્મ' ગણાય છે. મન પ્રથમ ધ્યાનમાં પ્રવૃત્ત થાય છે - જેમાં સિદ્ધાંતનું ગંભીર તોલન થાય છે. દ્વિતીય ધ્યાનમાં, બાકી બધાથી મુક્ત થઈ પરમ શુદ્ધિની અવસ્થા આવે છે. જેમાં તર્ક-વિતર્કોનો નાશ થાય છે. તૃતીય ધ્યાનમાં વિતર્ક અને વિચાર સંપૂર્ણપણે નિરુદ્ધ હોય છે. ત્યારબાદ ધ્યાનની ઉત્કૃષ્ટ કોટિ, ચિત્ત પરમ શુદ્ધિ પ્રસાદ પ્રાપ્ત કરે છે. તેને જ **અધ્યાત્મ પ્રસાદ** કહેવામાં આવે છે. અહીં પ્રજ્ઞા -જ્ઞાનનો ઉદય થાય છે.

મનન પછી ધ્યાનની આ અવસ્થા છે. આપણે એ જાણવું જોઈએ કે જેમ જેમ શ્રધ્ધા વધુ ને વધુ પુષ્ટ થતી જાય છે તેમ તેમ ચિત્ત આ ભૂમિકાઓમાંથી પસાર થાય છે. તેમ તેમ રાગ વધુ ને વધુ ક્ષીણ થતો જાય છે. શ્રદ્ધાના વિકાસ સાથે જ્ઞાનનો વિકાસ પણ થાય છે. માત્ર કરૂણા કે માત્ર શ્રદ્ધાથી સૃષ્ટિ ટકી નથી શકતી પરંતુ સાથે વાસ્તવિકતાને અનુરૂપ જ્ઞાન પણ આવશ્યક છે. જ્યારે વિશુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે કેવળજ્ઞાન કે અનંતજ્ઞાન ઉદય પામે છે.

આનું મૂળ સોપાન શ્રદ્ધા હતી અને શ્રદ્ધા બે પ્રકારની છે. એક નૈસર્ગિક શ્રદ્ધા અને બીજી અધિગમ શ્રદ્ધા.

શ્રદ્ધા નિમિત્તથી જન્મે છે. ગુરૂ ઉપદેશને કારણે જન્મે ત્યારે તે અધિગમ શ્રદ્ધા કહેવાય છે જ્યારે કુદરતી રીતે જન્મે ત્યારે નૈસર્ગિક શ્રદ્ધા કહેવાય છે.

આ બન્ને શ્રદ્ધા એક જ વ્યક્તિને વારાફરતી વારા થાય છે. જૈન ચિંતકોએ શ્રદ્ધા અર્થાત્ સમ્યક્દર્શનનો બે પ્રકારે સ્વીકાર કર્યો છે. નૈશ્ચિયિક શ્રદ્ધા અને વ્યવહારિક શ્રદ્ધા.

ઉપાધ્યાય યશોવિજયજી તેમની સમ્યક્ત્વ ષટસ્થાનક ચૌપાઈ ઉપર બાલાવબોધમાં લખે છે : 'દર્શન મોહનીય કર્મનો જે વિનાશ ક્ષય - ઉપશમ - ક્ષયોપશમ રૂપ, તેહથી જે નિર્મલ મલરહિત ગુણનું થાનક ઉપજેઈ તે નિશ્ચય સમ્યક્ત્વ જાણિઈ.' આધ્યાત્મિક વિકાસથી ઉત્પન્ન થયેલી આત્માની વિશુદ્ધિ એ નિશ્ચય શ્રદ્ધા છે. જ્યારે તેને કારણે થતો શ્રુત જીવાદિ તત્ત્વો સાચા હોવાનો વિશ્વાસ કે ભાવ એ વ્યવહાર શ્રદ્ધા છે.

જૈન ગ્રંથો શ્રદ્ધાના પાંચ લિંગો, ચિન્હો ગણાવે છે. જે નીચે પ્રમાણે છે.

(૧)પ્રશમ :- રાગદ્વેષ, મતાગ્રહનો દ્રષ્ટિ રાગનું શમન એજ પ્રશમ.

(૨)સંવેગ :- સત્યશોધ માટેની ગતિ / સાંસારિક બંધનોથી દૂર થવાની વૃત્તિ.

(૩)નિર્વેદ :- બે અર્થો છે. (૧) સાંસારિક વિષયોમાં ઉદાસીનતા - આસક્તિ સત્યના માર્ગને બાધિત કરે છે. (૨) માન્યતાઓમાં અનાસક્તિ - કોઈ પણ મતમાં રાગ ન હોવો, દ્રષ્ટિબદ્ધતા ન હોવી.

(૪)અનુકંપા :- બે અર્થો છે. (૧) બીજાને દુઃખે દુઃખી થવું, દુઃખ દૂર કરવાની અનુકંપા. (૨) બીજાને સત્યાન્વેષણમાં મથતા જોઈ સહાય કરવાની ઈચ્છા થવી.

(૫)અસ્તિક્ય :- કોઈ પણ વ્યક્તિ દ્વારા કોઈ પણ ભાષામાં કોઈ પણ રીતે રજૂ કરવામાં આવેલ સત્યને સ્વીકારવું - મનનું ખુલ્લાપણું, તત્પરતા, ચિત્તનું રચનાત્મક વલણ.

આ રીતે શ્રદ્ધા અને મનન દ્વારા વ્યક્તિ જ્ઞાનના માર્ગ પર સ્થિર થઈને ચાલે છે. દુઃખમુક્તિ માટે સાત તત્ત્વોમાં વિશ્વાસ કરવો જોઈએ. (૧) જીવ (૨) અજીવ (૩) આશ્રવ (૪) બંધ (૫) સંવર (૬) નિર્જરા (૭) મોક્ષ.

પાંચ પ્રકારના જે જ્ઞાનનો સ્વીકાર થયો છે તેમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. આની સાથે આપણે ઉપર જેની વાત કરી ગયા તે દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસને - એક જ સમાંતર રેખાએ ચાલે છે. મનન એ જ મતિ છે. શ્રદ્ધાથી પ્રેરાયેલો ગુરૂ પાસે જઈ ઉપદેશ સાંભળે છે. આ શ્રુત છે પણ પછી જે સાંભળ્યું, તેના પર મનન કરે છે. મનન કરતી વ્યક્તિ અનાયાસે જ પ્રત્યક્ષ, સ્મૃતિ, પ્રવિભિજ્ઞા, તર્ક, અનુમાન, વગેરે પ્રમાણો પ્રયોગ કરે છે. આ મનન માટે કોઈ શાસ્ત્રીય જ્ઞાનની આવશ્યકતા નથી. અનુભવે જ આ થાય છે. આગમોમાં મતિજ્ઞાનનું વર્ણન છે. તત્ત્વાર્થ સૂત્રમાં मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् - मति, स्मृति, संज्ञा, चिन्ता, अभिनिबोध, इत्यनर्थान्तरम् - અર્થાત્ આ બધા જ શબ્દો પર્યાયવાચી છે. મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અને અભિનિબોધ આ બધા જ મતિ છે - મતિના પ્રકારો છે. મનુષ્ય જીવ છે. હાથી જીવ છે. ઘોડો જીવ છે. મનુષ્ય, હાથી, ઘોડો બધા જ જીવના પ્રકારો છે.

આપણે આખી વાતને ટૂંકમાં સમજી લઈએ તો મનન એક ચિંતન પ્રક્રિયા છે - ચિંતન પ્રવાહ છે. જેમાં ઈન્દ્રિયપ્રત્યક્ષનો ફાળો છે છતાંય તેમનું સ્વતંત્ર અસ્તિત્વ પ્રવાહમાં ઓગળી જાય. મનને કારણે નિમિત્ત જન્મે અને ધ્યાનની કક્ષાએ પહોંચાય. આ મન વાનર જેવું છે - ઉમાસ્વાતિએ **અવગ્રહ, ઈહા, અવાય** અને **ધારણા** આ ચાર ભેદો આપ્યા છે. વસ્તુ કઈ જાતિની છે, વિશેષ ગુણો કહ્યા, વિશેષતાઓથી રહિત તે વસ્તુનું સાવ સામાન્ય જ્ઞાન તે અવગ્રહ છે - ઉદા. અંધારામાં ગાઢ અંધકારમાં પગે કંઈક સ્પર્શે કંઈક છે એવું જ્ઞાન થાય પણ શું છે એ નથી ખબર આમ અવ્યક્ત જ્ઞાન તે અવગ્રહ છે, એને ઉકેલવા પછી વિકલ્પો વિચારાય તે ઈહા છે - સ્પર્શઅનુભવ તે કારણે લંબાઈ, ગોળાકાર, નળાકારનો અનુભવ હવે અનુભવે દોરડું કે સાપ હોવાની શક્યતા લાગે - ત્યારબાદ આપણે એક પછી એક વિકલ્પો દૂર કરીએ છીએ અને દોરડું છે એવા મત ભણી સ્થિર થઈએ છીએ - લીસો નથી, ખરબચડો છે,

ડંખ નથી માર્યો, અડ્યા પછી પણ સ્થિર છે વગેરે. હવે આ ભેદો અને પ્રભેદોની વાત આજે નથી કરવી. પરંતુ આ મનન, આ મતિ કઈ રીતે ગતિ સુધારે છે તે સમજીએ - મનુષ્યના કર્મ આ અનાયાસે થતી ઘટના નથી એમાં એનો સ્વભાવ અને પરિસ્થિતિનો મેળ હોય છે. આ મનુષ્ય મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પોતાની સ્થિરતા ટકાવી શકે તો જ તેની ગતિ ઉચ્ચ અવસ્થા ભણી વળે. મોટે ભાગે સ્વભાવનું કોઈ ઓસડ નથી. પોતાના ગરમ સ્વભાવને કારણે ઋષિ ચંડકોશિયા નામની યોનિમાં જન્મ્યા, તે જ મતિ અને ગતિનો સીધો સંબંધ સ્થાપી આપે છે. (મનન, ઈન્દ્રિયપ્રત્યક્ષ, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, તર્ક અને અનુમાનનો સમાવેશ)

**મનનું કાબુમાં આવવું, મનુષ્યને સત્યની શોધ ભણી લઈ જાય છે.** જો માનવી સાચા અર્થમાં માનવી હોય, તેના જીવન વિશે જાગૃત હોય, તે પોતાના આંતરિક અનુભવને અનુભવતો - ચકાસતો હોય અને તેના સમાધાન માટે આતુર હોય, ત્યારે તે પોતાની સાચી ગતિ ભણી યાત્રા કરે છે.

મહર્ષિ બૃહદારણ્ય ઉપનિષદમાં એક સુંદર સંવાદ છે. યાજ્ઞવલ્કયને બે પત્નીઓ છે. મૈત્રીયી અને કાત્યાયની. યાજ્ઞવલ્કયને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરવા તૈયાર થયા ત્યારે યાજ્ઞવલ્કય અને મૈત્રીયી દેવી વચ્ચે સંવાદ થાય છે. ઋષિ કહે છે કે 'હું હવે ગૃહસ્થાશ્રમથી સંન્યાસઆશ્રમ તરફ જાઉં છું અને તેથી તારી અને કાત્યાયની વચ્ચે બધા ભાગ વહેંચી દઉં છું.' ત્યારે મૈત્રીયી કહે છે કે 'શું એ દ્વારા હું જીવનની કૃતાર્થતાને પામી શકીશ.' ઋષિ કહે છે કે 'ના, આ સામગ્રીથી તારું જીવન સંપન્ન રહેશે પરંતુ અમૃતતત્ત્વ નહીં મળે' તો પછી મૈત્રીયી પૂછે છે કે 'અમૃતતત્ત્વની પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ?' ત્યારે ઋષિ કહે છે 'આત્મપ્રાપ્તિ દ્વારા જ એ શક્ય છે અને એ માટે અધ્યાત્મને માર્ગે આગળ વધો.' આત્મા-દર્શનીય, શ્રવણીય, મનનીય અને ધ્યાન કરવાને યોગ્ય છે. અને એના દ્વારા જ જ્ઞાનપ્રાપ્ત થાય છે.

આવા **માર્ગમાં અવિદ્યા અને અહંકાર આવે છે. જે જ્યાં નથી ત્યાં તેનું દર્શન અવિદ્યા છે.** મનુષ્ય પોતાના સુખની પ્રાપ્તિ ભૌતિક સંપદામાં જુએ છે. તે દ્વારા તેને શાંતિ નથી મળતી. ક્ષણિક સુખને તે આનંદ સમજી પોતાની જાતને છેતરે છે. પોતાને સતત અરીસામાં જોઈને અહંકારને પોષે છે. પોતાના અધુરા જ્ઞાનની કથા ચારે તરફ વહેંચે છે. આ કાર્ય કઈ રીતે સુગતિ તરફ લઈ જાય. બીજી તરફ મનુષ્યનો અહંકાર પણ એને વિઘ્નરૂપે નડે છે. સેન્સ ઓફ I-ness નો ભાર એને સતાવે છે.

એક રાજા હતો... રાજ્યમાં બધી રીતે સુખ પરંતુ એક વાતનું દુઃખ... રાજ્યમાં ચોરનો ભય હતો. આ ચોરે બધે જ ચોરી કરી હતી. સેનાપતિના ઘરે, અમાત્યના ઘરે, રાજમહેલમાં... રાજાએ કોઈ પણ રીતે ચોરને પકડવાનો સંકલ્પ કર્યો. તેથી ઢંઢેરો પીટાવ્યો અને જાહેરાત કરી જે કોઈ વ્યક્તિ આ અઠંગ ચોરને પકડશે તેને અડધુ રાજ્ય અપાશે અને ચોરને પકડવા તેને રાજ્યનો પોલીસવડો બનાવાશે. હવે અનેક લોકોએ અરજી કરી, ચોરે પણ કરી અને ચોરની જ પસંદગી થઈ. હવે આ ચોર જ રાજ્યનો પોલીસવડો બની ગયો. તો પછી હવે આ ચોર કેવી રીતે પકડાય?

આ ચોર, જે પોલીસના વેશમાં છે તે આપણો અહંકાર છે. અને અહંકાર જ વડો બને તો પછી બચવું કઈ રીતે? એને માટે એક બીજો ઉપાય છે કે રાજા અર્થાત્ આત્મા પોતે જ વડા બની આ અહંકારને ભેદે - આત્માએ પોતાના પર આવરણ લાગી ગયેલ અહંકારનું નિવારણ થાય. માટે જીવન સંચાલનના સૂત્રો પોતે જ સંભાળવા પડશે. એક વાર અવિદ્યા, અહંકારનો નાશ થાય પછી જ જીવન વિદ્યામય બને છે. જે જ્ઞાની છે, તે દરેક અવસ્થામાં બધુ જ પામે છે. પણ મોટે ભાગે પ્રશ્ન તો સામાન્ય જીવનનો છે. આજે જે ભૌતિક સંપદા પ્રાપ્ત થઈ છે, તે નસીબના જોરે, તે જ ધનને મનુષ્ય જાણે પોતાની માત્ર ઉપલબ્ધિ હોય તેમ અહંકારથી વાપરે છે. આવા સમયે એ કઈ રીતે તરશે? આ અનંતપથની યાત્રાને પાર કરવાની છે.

મનુષ્યનું શરીર માત્ર આહાર, નિંદ્રા, ભય અને મૈથુન માટે નથી. આજે આખી દુનિયા આપણી મુઠ્ઠીમાં છે અને દિવસ રાત આપણે લોકોના ચારિત્રને જોવામાં પડ્યા છીએ. પરંતુ હકીકતમાં તો માણસે સવાર-સાંજ પોતાનું જ ચારિત્ર જોવું જોઈએ. એમાં બે વાત જોવાની. એક - કે હું બહારથી સુંદર દેખાઉં છું પરંતુ મારી અંદર કેટલા પશુ બેઠાં છે, કેટલી દુવૃત્તિઓ બેઠી છે. વેદમાં આવે છે કે આપણી અંદર ઘુવડ બેઠું છે અને તે આપણને પ્રકાશ તરફ નથી જવા દેતું. જ્ઞાનની ચર્ચા નથી કરવા દેતું. માનવી ક્યારેક ખૂબજ હિંસક બની જાય છે. ક્યારેક તે ગરુડ બને છે, તો ક્યારેક કુતરો. કોઈ વસ્તુને પથ્થરથી ટીપીને બરાબર કરી દેવામાં આવે તેમજ માનવે પોતાની વૃત્તિને ટીપીને નષ્ટ કરી નાંખવાની છે. સૌથી પહેલા તું મનુજ બન. જો દીવો સ્વયં પ્રજ્વલિત થયેલો હોય તો અન્યને પ્રજ્વલિત કરી શકે. અન્યથા બન્ને કોડિયાનું ઘી નકામું જાય એમ મનુષ્યરૂપી દેહને ઉચ્ચાવર ગતિ તરફ ન વાળીએ તો આ મનુષ્યભવ શા કામનો? એક સુગંધિત બગીચામાં પ્રવેશીએ છીએ ત્યારે કોઈ પણ એક ફૂલ, જીવનને આનંદિત કરવા પૂરતું છે. જો મનન અને વાંચન દ્વારા એક શબ્દ પણ જીવનને બદલાવવા પૂરતો છે. વાલિયા લૂંટારાનું ઋષિ વાલ્મિકીમાં રૂપાંતર થયું, ક્રૌંચવધ બંધ દ્વારા જીવન બદલાયું - જીવનમાં જો ઉથલપાથલ ન જન્માવે તો વાંચન કે મનન શા કામનું?

ઈશ્વરની સતત કૃપા મનુષ્ય પર હોય જ છે, પણ મનુષ્ય એ સમજી શકતો નથી. એની તૃષ્ણાને કોઈ મર્યાદા નથી. શરીર જીર્ણ થઈ જાય પરંતુ ઈચ્છાઓ જીર્ણ થતી નથી. આવા સમયે કઈ રીતે

દેવગતિ પ્રાપ્ત થાય. મનુષ્યને પોતાના પર એટલો બધો આત્મવિશ્વાસ છે કે એ સત્યને પણ જાણે બદલવા નીકળ્યો હોય. આઠ દિવસ અચાનક વસ્ત્રો બદલી જીવનનું ભાથું ભરી લેવાશે એવી એની ઈચ્છા કેટલી હાસ્યાસ્પદ છે.

આજે આપણે ઈન્ટરનેટના યુગના જમાનામાં જીવીએ છીએ. કોમ્યુનિકેશનમાં માનતા થયાં છીએ. વિચારોનું એક્સચેન્જ આનંદ પમાડે છે. પણ આ બધુ એક બાહ્ય સ્તર પર અટકી ગયું છે. વધુ ને વધુ વિસ્તારની ઝંખનામાં આપણે, આપણા અંતરકેન્દ્રથી દૂર જવા લાગ્યા છીએ. આપણને સંતોષ પમાડે એવી ટેકનોલોજીથી દેખાવ અને દંભની દુનિયામાં જીવીએ છીએ. આપણને હવે કોઈને Acknowledge કરતા નથી આવડતું. બીજાની બાબતોને ગુગલની મદદથી લઈ આપણે એના પર આપણે દાવો ઠોકી દઈએ છીએ. આપણે સહુ સમજી લઈએ કાનનેય કાન છે, મનનુંયે મન છે, વાણીનીયે વાણી છે, ધીરપુરૂષે એનાથી મુક્ત થવાનું છે. જીવનની ઘણી બાબતો બુદ્ધિના તર્કથી પાંગળી પડે, ત્યારે શ્રદ્ધાથી વંદનને લાયક હોય છે. જે મનુષ્યે પોતાના શરીરના વધુ પડતાં લાલન પાલન પાછળ જીંદગી વેડફી નાખી તે મનુષ્ય જાગૃત થઈ બધા બંધનોથી મુક્ત થાય છે. આવો મનુષ્ય આત્માના ધીર-ગંભીર પ્રદેશમાં પ્રવેશે છે અને પોતાની તરફ વળે છે. આપણે ટેલીસ્કોપથી દૂર - સુદૂર જોઈ શકીએ છીએ. હવે આ ટેલીસ્કોપ પાસે પોતાની કોઈ વિઝન નથી. એને જીવંત બતાવનાર તે આંખો જ છે. જે ટેલીસ્કોપમાંથી જુએ છે તે મનુષ્ય દૃષ્ટા છે - મનુષ્યને વિઝન આપે છે. આપણા - આત્માની શક્તિ ઘડાય છે વિચારોથી અને વિચારથી ગતિ સુધરે છે.

આપણે સહુ ઉચ્ચ ગતિને પામવા તો આજથી જ આરંભ કરીએ.

માનવી આજે વિકાસ માટે તરફડે છે અને બાહ્ય વિકાસ તેને અંદર તરફ પ્રવેશવા નથી દેતો. દર્શન, શ્રદ્ધા, મનન, ચિંતન અને નિદિધ્યાસનના માર્ગે મનુષ્યે પોતાને પામવાનો છે. આત્મા પવિત્ર અખંડ છે તેના પર જે મલીન તત્ત્વોનું આવરણ ચડ્યું છે તેને ઉતારવાનું છે. આ વિચાર એટલે જીવનની અવગણના નહીં પરંતુ જીવનની પરિપૂર્ણતા. આત્મામાં બધુ જ છે. જ્ઞાન, પ્રેમ, શક્તિ, આનંદ, સૌંદર્ય, સ્વાતંત્ર્ય, શાંતિ વગેરે. પોતાના વિચારોને યોગ્ય દિશા આપીને જ આ જીવનવિકાસ તરફ વળી શકાય છે.

આપણી ગતિ આપણા જ હાથમાં છે. તીર્થંકર ભગવાનનું ચારિત્ર સાંભળીને માત્ર આ આઠ દિવસનો વ્યવહાર પૂર્ણ નથી કરવાનો પરંતુ એને હૃદયમાં ઉતારવાનો છે.

છેલ્લી વાત કરી મારી આજની લાંબી વાત હવે આટોપી લઈશ. છેવટે તો મનને મુંઝવણ છે કે કોની પ્રેરણાથી મન દોડાદોડ કરે છે? કોના હુકમથી પ્રાણ ચાલે છે? વાણી કોના હુકમથી બોલાય છે? મનુષ્યે પોતાની ઈન્દ્રિયોની મર્યાદાને સમજવાની છે. સંસારના ભોગો માટે ગીધવૃત્તિ રાખી મન ચકાવો લે છે. જે મળે છે તે સર્વ સ્વીકારે છે અને એ જ રીતે અનંત ચકાવાતી તેની મુક્તિ નથી થતી.

*આવડચું બધુ સાવ સહજ ઉકેલતા,*
*એક ન આવડચું સંબંધ ગણિત,*
*ભલભલા ગણિતજ્ઞો ખોટા પડચા,*
*માનવી મનનો ભેદ પામવા.*

❑ સેજલ શાહ
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

---

**૨૪મી ઓગસ્ટના દિવસને 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે કવિ નર્મદનો જન્મદિવસ પણ હોય છે** અંધવિશ્વાસ અને ધાર્મિક અસહિષ્ણુતાનો એ સમયે પણ વિરોધ કરનાર નર્મદ ગુજરાતી સાહિત્યના પાયાના રચનાકાર હતા.

## જય જય ગરવી ગુજરાત

જય જય ગરવી ગુજરાત!
દીપો અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી, પ્રેમ શૌર્ય અંકિત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સૌને, પ્રેમ ભક્તિની રીત -
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.
ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ;
ને સોમનાથ ને દ્વારકેશ, એ પશ્ચિમ કેરા દેવ-
છે સહાયમાં સાક્ષાત
જય જય ગરવી ગુજરાત.
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય.
વળી જોય સુભટના જુદ્ધ રમણને, રત્નાકર સાગર;
પર્વત પરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર-
સંપે સોયે સૌ જાત,
જય જય ગરવી ગુજરાત.
તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ.
તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત!
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત.
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

-નર્મદ

# અષ્ટમંગલનું પ્રત્યક્ષીકરણ

ડૉ. કુમારપાળ દેસાઈ

ભારતીય સંસ્કૃતિની એક આગવી વિશેષતા એ છે કે એમાં શુભ ભાવોને ચિત્ર, આકૃતિ કે પ્રતીક દ્વારા પ્રગટ કરવામાં આવ્યા છે. વિશ્વના ધર્મો પર નજર નાંખીએ તો ખ્યાલ આવે છે કે એણે શુભ ભાવને પ્રગટ કરવા માટે કાં તો માનવ આકૃતિઓનું, પ્રાણીઓનું અથવા તો પ્રકૃતિનાં કોઈ તત્ત્વોનું અવલંબન લીધું છે. કેટલાક લોકો જેને માનવસંસ્કૃતિનું પારણું કહે છે તે મૅસોપોટેનિયામાં (ENKY) નામના દેવનું ચિત્ર મળે છે. જે શુભ છે અને મનુષ્યોને પૂર જેવી આપત્તિઓથી બચાવનાર છે. એવી જ રીતે ક્ષમાસ નામનો દેવ પ્રકાશનું પ્રતિનિધિત્વ કરે છે અને સૂર્યને ઊર્જા આપે છે. ઈજિપ્તના ધર્મોમાં વાંકોચૂકો સાપ અને ડ્રેગન જેવો એપોફિસ (Apofish) નામનો દેવ મળે છે, જે શુભની સામે પ્રબળ આક્રમણ કરનારો અને અંધાધૂંધી સર્જનારો દેવ છે.

ગ્રીક સંસ્કૃતિ અને રોમન સંસ્કૃતિમાં માનવ આકૃતિ ધરાવતા શુભ કે અશુભ દેવો મળે છે, જ્યારે આફ્રિકામાં પ્રકૃતિનાં તત્ત્વોને દેવ તરીકે પૂજવામાં આવે છે. જેમકે ઝુલુ જાતિમાં એન્કોસી યેઝુલુ (iNKosi Yezulu) ને વરસાદ લાવનારા આકાશી દેવ તરીકે પૂજવામાં આવે છે, જેનું સ્વરૂપ વાદળનું છે. એ જ રીતે મેઘધનુષની આકૃતિને કુમારિકાઓને મદદ કરતા દેવ તરીકે પૂજવામાં આવે છે. આમ અન્ય ધર્મોમાં મુખ્યત્વે વિશિષ્ટ આકારની માનવઆકૃતિ, વિચિત્ર લાગે તેવું પ્રાણીસ્વરૂપ કે પ્રકૃતિનાં કોઈ તત્ત્વને માનવજાતિના શુભ કે અશુભ સાથે જોડવામાં આવ્યું છે. પણ કોઈ ચિત્ર કે આકૃતિને શુભ કે અશુભ સાથે જોડવાનું ભારતીય સંસ્કૃતિમાં વિશેષ રૂપે જોવા મળે છે.

આપણે મંગલદાયક આઠ વસ્તુઓના સમૂહને 'અષ્ટમંગલ' કહીએ છીએ અને ધાર્મિક પ્રસંગોએ આ અષ્ટમંગલનું આલેખન થાય છે. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના જન્મના અભિષેક પ્રસંગે ઈન્દ્ર મહારાજે આવા અષ્ટમંગલનું આલેખન કર્યું હતું. આ અષ્ટમંગલ છે : (૧) સ્વસ્તિક (૨) શ્રીવત્સ (૩) શ્રી નંધાવર્ત (૪) વર્ધમાનક (શરાવ-સંપુટ) (૫) ભદ્રાસન (૬) કળશ (૭) મત્સ્ય-યુગલ અને (૮) દર્પણ.

જૈન દર્શન પ્રત્યેક ચિત્ર, આકૃતિ કે પ્રતીક વિશે આગવું વિવેચન કરે છે. એ શબ્દનો માત્ર વ્યવહાર જગતમાં થતો સ્થૂળ કે સપાટી પરનો ઉપયોગ સ્વીકારીને આગવું ચાલતું નથી. કિન્તુ એના ગર્ભિતાર્થ એવા આધ્યાત્મિક અર્થને ઉપસાવવાનો સદૈવ પ્રયત્ન કર્યો છે. શબ્દની આધ્યાત્મિક અર્થછાયાઓ જાણીને જ સાધક એની સાધનાના માર્ગે આગળ વધી શકે, પરિણામે 'મંગલ' શબ્દ એમ ને એમ સ્વીકારવાને બદલે તેનો સાચો અર્થ અને મર્મ સમજાવવા દ્રવ્યમંગલ અને ભાવમંગલ એમ બે પ્રકાર દર્શાવ્યા છે.

દ્રવ્યમંગલ એટલે આપણા સામાજિક વ્યવહારમાં મંગલરૂપ ગણાતી ચીજવસ્તુઓ, જેમાં દહીં, અક્ષત, ચંદન વગેરેનો સમાવેશ થાય છે. દૂવા(ધરો), શ્રીફળ, પૂર્ણકળશ અને સ્વસ્તિક વગેરે પણ મંગલરૂપ મનાય છે. આ પદાર્થ દુઃખ કે અનિષ્ટનું નિવારણ કરીને સુખ આપે છે તેવી માન્યતા પ્રવર્તે છે. આ પદાર્થો નિશ્ચિતપણે આ કાર્ય કરે તેવું હોતું નથી, આથી એને સંદિગ્ધ સાધન તરીકે ગણવામાં આવ્યા છે. એનાથી સુખ મળે કે ન પણ મળે. વળી જે સુખ મળે તે પૂર્ણ સુખ ન હોય.

આ પ્રકારના દ્રવ્યમંગલ કરતાં ભાવમંગલનું વિશેષ મહત્ત્વ છે. આ ભાવમંગલ દ્વારા પૂર્ણ અને અવિનાશી સુખની પ્રાપ્તિ થાય છે. અહિંસા, સંયમ અને તપને ભાવમંગલ કહ્યાં છે. સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાનાદિ ગુણોનો આમાં સમાવેશ થાય છે. મતિ,શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એ પાંચ જ્ઞાનના સમૂહને ભાવમંગલ કહ્યાં છે. ધર્મશાસ્ત્રોમાં પણ અરિહંત, સિદ્ધ વગેરે દ્વારા પ્રણીત ધર્મની ગણના ભાવમંગલમાં કરવામાં આવી છે. આમ 'મંગલ' શબ્દનો અર્થ સંસાર-પરિભ્રમણનો ક્ષય અને હિતસાધક ધર્મની પ્રાપ્તિ એવો થાય છે. અહીં આ મંગલ શબ્દના જુદા જુદા અર્થો જોઈ લઈએ. 'મંગ' એટલે 'ધર્મ' અને તેને લાવે તે 'મંગલ'. એવો જ મંગલનો બીજો અર્થ છે - સંસારથી પાર ઉતારે તે મંગલ. એનો ત્રીજો અર્થ છે - જેનાથી શાસ્ત્રો શોભે છે તે. એનો ચોથો અર્થ છે - સંસારથી મુક્ત કરાવે તે મંગલ. એનો પાંચમો અર્થ છે - જેનાથી વિઘ્નોનો નાશ થાય, જેનાથી પ્રસન્નતા પ્રગટે અને જેના વડે પૂજા થાય અને અંતે છઠ્ઠો અર્થ છે- મનને ભવથી એટલે કે સંસારથી દૂર કરે તે મંગલ. એનો સાતમો અર્થ છે - જે સમ્યગ્દર્શન દ્વારા મોક્ષ પમાડે તે મંગલ.

આવા મંગલનું દર્શન શુભ તો છે જ, પરંતુ એ દર્શનથી ચિત્તમાંથી અશુભ વિચારો, આસપાસનું અશુચિમય વાતાવરણ કે મનમાં રહેલી અશુભ ગ્રંથિઓનું વિસર્જન થાય છે. જે વ્યક્તિમાં અષ્ટમંગલનું દર્શન કરતાં આવું માનસપરિવર્તન ન થાય, એનું ધર્મજીવન પાણીમાં ગયું માનવું. જીવનના પ્રત્યેક કાર્યમાં, પછી તે સંસારલક્ષી હોય કે અધ્યાત્મલક્ષી બધે જ શુભની ગૂંથણી કરવી એ આપણી સંસ્કૃતિની વિશેષતા છે. મજાની વાત એ છે કે આ શુભ ભલે સાંસારિક વ્યવહારોમાં પ્રયોજાતું હોય, તો પણ એ સંસારભાવથી ઊર્ધ્વતાનો સંદેશ આપી જાય છે. ધાર્મિકજનને માટે અધ્યાત્મનું પાથેય પૂરું પાડે છે. આવા શુભ ભાવના પ્રાગટ્ય માટે જુદાં જુદાં માધ્યમો કે સાધનો હોય છે. કોઈ ચિત્રપટનું દર્શન કરે,

કોઈ સાધકની છબી જુએ તો કોઈ શુભભાવદાયી આકૃતિ જુએ. વસ્તુ ભિન્ન છે, પણ એનું ધ્યેય તો ભાવજાગૃતિનું છે.

શા માટે આવાં પ્રતીકોથી ભાવજાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હશે? પહેલી વાત એ છે કે ભાવને વ્યક્ત કરવા માટે પ્રચલિત ભાષા ક્યારેય કારગત નીવડતી નથી. ભાષાના શબ્દોમાં આપણે આપણા ભાવોને ઉતારી શકતા નથી. આપણે જાણીએ છીએ કે માનવજાતિની સૌથી પહેલી ભાષા તે ચિત્રો છે. પહેલાં એણે ચિત્રો સર્જ્યાં, પછી શબ્દો આવ્યા.

બીજી બાબત એ છે કે ભાષા દ્વારા એ પ્રગટ કરવા સમર્થ ન નીવડે ત્યારે એ આકારનો આધાર લે છે. સાધકની પ્રકૃતિ, સ્વભાવ, લેશ્યા, અધ્યવસાય, ઉદયમાન કર્મ ઈત્યાદિનો એના માનસ પર ઘણો મોટો પ્રભાવ પડતો હોય છે. આવે સમયે સાધકને એના ચિત્તમાં ભાવને બદલે આકૃતિ કે ચિત્ર દેખાતાં હોય છે. અને એ 'ચિત્રની ભાષા' દ્વારા પોતાના આંતરિક, આધ્યાત્મિક ભૂમિકાને પ્રગટ કરે છે. આ ચિત્ર એ એના ચિત્તના ભાવ, સંવેદના, વિચાર અને સાધનાની અનુભૂતિની અભિવ્યક્તિનું શક્તિશાળી માધ્યમ બને છે. કોઈ એક ધર્મ વિચાર કે અધ્યાત્મભાવ ચિત્ર દ્વારા આલેખી શકાય છે. અને એમાં પણ આવા આઠ-આઠ શુભ ભાવોનું મિલન થાય છે ત્યારે અષ્ટમંગલ સર્જાય છે. એ દૃષ્ટિએ અષ્ટમંગલ એ પ્રતીક છે અથવા તો એમ કહેવાય કે ચિત્રો દ્વારા પ્રગટેલી શુભ ભાવની પ્રતિમા છે. જે શબ્દ દ્વારા કે ભાષા દ્વારા શક્ય નથી, એને આ પ્રતીક પ્રગટ કરે છે. પણ એના કરતાં ય બીજી મહત્ત્વની ઘટના એ બને છે કે આ પ્રતીક સાધનાના ગહનતમ વિચારો અને ધર્મભાવનું નવનીત પ્રગટ કરે છે. અને આથી જ પ્રતીકના ઊંડાણમાં જઈને એના એક પછી એક પડ ઊઘાડતા જોઈએ, તો અધ્યાત્મલોકની યાત્રા થાય છે.

આનો જરા ગંભીરતાથી વિચાર કરીએ તો વર્તમાન યુગની બે બાબતો મારી નજરે પડે છે. એક તો આજે એવો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રવર્તે છે કે મનમાં પહેલાં જે ઈચ્છો તેનું ચિત્ર દોરો અને પછી એ ધ્યેયની પ્રાપ્તિ માટે અહર્નિશ પ્રયાસ કરો અને બીજી બાબત છે 'પ્રત્યક્ષીકરણ' ની કે તમે એ ચિત્ર, મુદ્રા કે આકૃતિ જોઈને એનું પ્રત્યક્ષીકરણ કરો તો તમારામાં એ ભાવોની જાગૃતિ થશે. ઈજિપ્તમાં ફૅરોની મૂર્તિ મળે છે, જેમાં ઉચ્ચસ્થાને બિરાજમાન વ્યક્તિ કઈ રીતે બેઠી હોય, તેની મુદ્રા જોવા મળે છે. એ સમયે સામાન્ય માનવીઓ જમીન પર બેસતા અથવા તો ઊભા રહેતા અને રાજાઓ અને સમ્રાટો ઊંચા આસન પર બે હાથ બાજુના હાથા પર મૂકીને બિરાજમાન થતા હતા.

મજાની વાત એ છે કે ઈજિપ્તમાં ફૅરોની મૂર્તિ મળે છે, તે જ રીતે આજે અમેરિકાના વૉશિંગ્ટન શહેરમાં અબ્રાહમ લિંકનની અને અવકાશયાત્રીની આ રીતે ખુરશીમાં બે હાથા પર હાથ રાખીને બેઠા હોય તેવી મુદ્રા જોવા મળે છે. હકીકતમાં આ મુદ્રા એ સત્તા અને શક્તિનું પ્રગટીકરણ બની ગઈ છે અને સવિશેષ તો એ વ્યક્તિનું પરિસ્થિતિ પરનું નિયંત્રણ સૂચવે છે. આમ મુદ્રા એ અમુક ભાવને સૂચવે છે અને ત્યારે જો અષ્ટમંગલની આકૃતિની ભીતરમાં રહેલા આધ્યાત્મિક ભાવોનું પ્રત્યક્ષીકરણ કરવા માટે કોઈ સાધક પ્રયત્ન કરે, તો એ એના ગહનતમ ધાર્મિક ભાવોના પેટાળમાં જઈ શકે.

આજે ડૉ. લી પુલોસની સર્જનાત્મક પ્રત્યક્ષીકરણની પધ્ધતિ અને એની છ પ્રયુક્તિઓ વિદેશી આધ્યાત્મિક જિજ્ઞાસુઓમાં પ્રસિદ્ધ છે. પણ ખેર, આજે એ વિચારીએ કે કોઈ મુમુક્ષુ અધ્યાત્મસાધક અષ્ટમંગલની આકૃતિઓનું પ્રત્યક્ષીકરણ કરે, તો આત્મજાગૃતિનું કેટલું અણમોલ પાથેય મળી રહે!

સામાન્ય રીતે શુભ સૂચક એક ચિન્હ હોય છે. એક મંગલ હોય છે. પણ અષ્ટમંગલમાં આઠ મંગલનું આલેખન છે. અષ્ટમંગલની આકૃતિમાં એક સાથે આઠ શુભ નું દર્શન છે અને એ રીતે એનાથી દર્શનાર્થીની ભાવસૃષ્ટિમાં શુભ ભાવનું પ્રબળ સંચલન થાય છે. એમાંની આકૃતિ કોઈ એક નહીં, પણ આઠ આઠ ધર્મ સંદેશ આપી જાય છે. આ પ્રતીકોમાંથી આત્મજાગૃતિ, આત્મચિંતન અને આત્મવિકાસના સંકેતો પ્રાપ્ત થાય છે. પણ સાથોસાથ આ પ્રતીકોમાં માત્ર 'સ્વ'નો જ વિચાર નથી. 'સર્વ'નો પણ વિચાર કર્યો છે. અને તેથી તેની સાથે વ્યાપક લોકહિત અને જનકલ્યાણની મંગલ ભાવના જોડાયેલી છે.

શ્વેતાંબર પરંપરામાં જિનાલયમાં અષ્ટમંગલની ધાતુની પાટલી જોવા મળે છે. એક સમયે અષ્ટમંગલની આકૃતિઓમાં દોરવામાં આવતી હતી. આજે એ અષ્ટમંગલની પટ્ટી કે સ્ટીકર જૈનોના દ્વાર (બારશાખ) પર મળે છે. તે શુભ ભાવની અંગત અભિવ્યક્તિ છે. આજે તીર્થંકર ભગવાનની પૂજા કર્યા પછી અંતે અષ્ટમંગલ આલેખવાનો રિવાજ છે. શ્વેતાંબર જૈન મંદિરમાં અષ્ટમંગલની પાટલી અવશ્ય હોય જ. મોટાં પૂજનો સમયે પણ પાટલાપૂજનમાં એક પાટલા પર અષ્ટમંગલની આઠ આકૃતિઓ ચાંદીના પતરામાં દોરેલી હોય છે.

અષ્ટમંગલનું દર્શન થાય છે, પણ વિશેષ આવશ્યકતા તો એના આંતરિક અનુભવની છે. હજારો વર્ષથી સ્વસ્તિક (સાથિયો) એ શુભ, મંગલ અને કલ્યાણકારી એવું ઉત્તમ મંગલ ગણાય છે. માત્ર જૈન પરંપરામાં જ નહીં, બલ્કે હિંદુ અને બૌદ્ધ પરંપરામાં પણ એનો આવો જ મહિમા છે. સ્વસ્તિ એટલે જે કલ્યાણ કરે અને આશીર્વાદરૂપ હોય. વળી એની આકૃતિ પણ એવી સરળ કે સહુ કોઈને આલેખવી સહજ બને. જિનાલયમાં અષ્ટમંગલની પાટલી પર કે ઘરના દ્વારે રાખેલી અષ્ટમંગલની પટ્ટીઓ પર જ્યારે સ્વસ્તિક જુઓ ત્યારે એ વિચારજો કે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ

ચાર ગતિમાં ભમતાં આ જીવને વિશુદ્ધિ પ્રાપ્ત થાય. દ્રવ્ય-પૂજામાં સ્વસ્તિક પર ચોખાનો સાથિયો કરીને ત્રણ ઢગલી કરવામાં આવે છે. આ ઢગલી તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. એના પરની અર્ધચંદ્રાકાર આકૃતિ તે સિદ્ધશિલા અને તેના પરની નાની રેખામાં સિદ્ધ ભગવંતો હોય છે. આમ સ્વસ્તિકના ચાર પાંખિયા એ ચાર ગતિની વાત કરે છે. અને એમાંથી કઈ રીતે ત્રણ રત્નો વડે મોક્ષ ગતિ પ્રાપ્ત કરી સિદ્ધશિલા પર પહોંચી શકાય અને ત્યાં અનંતકાળ માટે વિશુદ્ધ આત્મસ્વરૂપે સ્થિર થઈ શકાય એનો સંકેત આપે છે. આમ સ્વસ્તિક એ ચાર ગતિના જીવોને એના ઊર્ધ્વ જીવનપથનું દર્શન કરાવે છે.

જ્યારે શ્રીવત્સ એટલે પુરુષની છાતીના મધ્યભાગમાં, નાના ખાડા જેવા ભાગમાં જે વાળ ઊગે છે તે અંગને શ્રીવત્સ કહેવામાં આવે છે. જેમ સ્વસ્તિક ભગવાન સુપાર્શ્વનાથનું લાંછન છે, એ જ રીતે શ્રીવત્સ ભગવાન શીતલનાથનું લાંછન છે. તીર્થંકરોની પ્રતિમામાં શ્રીવત્સ ચોક્કસ આકારે કલાત્મક રીતે ઉપસાવવામાં આવે છે. આ તીર્થંકર ભગવાનની દેશના જેમાંથી પ્રગટ થઈ હતી એવું આ શ્રીવત્સ છે અને તેથી ભગવાનના હૃદયમાં રહેલા પરમ જ્ઞાનને વંદના કરવામાં આવે છે. એક અર્થમાં કહીએ તો સાધક પ્રભુને પ્રાર્થના કરે છે કે મારા આત્માની જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ આપના માર્ગે ચાલીને આપના જેવી બને એવી ભાવના સેવું છું.

નંદ્યાવર્તને 'સર્વતોભદ્ર' પણ કહેવામાં આવે છે. અરનાથ ભગવાનના લાંછન જેવા નંદ્યાવર્ત એ સ્વસ્તિકનુ વધુ વિકસિત અને કલાત્મક સ્વરૂપ છે. બૌદ્ધ અને જૈન પરંપરામાં આ પ્રચલિત છે અને તે સુખાકારી આપનારું છે. અહીં નંદી શબ્દનો અર્થ આનંદ છે. અને આવર્ત શબ્દનો અર્થ પુનઃ અથવા ફરી ફરીને થવું તે છે અને એ રીતે નંદ્યાવર્ત એ સુખના આવર્તનરૂપ ગણાય છે. નંદ્યાવર્તને અક્ષયનિધિના પ્રતીક તરીકે ઓળખવામાં આવે છે.

જ્યારે ચોથું મંગલ વર્ધમાનક છે. વર્ધમાનક એટલે જે વૃદ્ધિ પામે તે. આ વર્ધમાનક તે નાના કે મોટા કોડિયા જેવું માટીનું વાસણ છે, જે સમયાંતરે ધાતુનું પણ થયું. આ વર્ધમાનકની આકૃતિ તંત્રસાધનામાં પણ ઉપયોગી ગણાય છે. જ્યારે પાંચમું મંગલ ભદ્રાસનમાં તીર્થંકર પરમાત્મા સમવસરણમાં સિંહાસન પર બેસીને દેશના આપે છે. આ રીતે ભદ્રાસન એ ભદ્ર કરનારું મંગલ છે. કલ્યાણ કરનારું છે. અને એ કલ્યાણ ત્યારે સધાય જ્યારે આસનની સ્થિરતા હોય. આમ, આસનની સ્થિરતા દ્વારા ધ્યાનની સ્થિરતા સાધીને અંતે શુકલધ્યાન વડે જીવ કેવળજ્ઞાન પામે છે અને મોક્ષગતિ મેળવી શકે છે. તેવો આ પ્રતીકનો ભીતરનો ભાવ છે.

છઠ્ઠું મંગલ કળશ દ્વારા માનવદેહના કળશને આત્મજ્યોતિથી સભર કરવાની વાત છે. તો બીજી દૃષ્ટિએ કળશ એ વિશુદ્ધિ અને પૂર્ણતાનું પ્રતીક છે. તીર્થંકર ભગવાનના જન્મ સમયે સ્નાત્ર મહોત્સવની ઉજવણી વખતે દેવો વિવિધ ધાતુના કળશ ભરીને ભગવાનને મેરૂશિખર પર સ્નાન કરાવે છે. મંદિર પર કળશ ચડાવવામાં આવે તે કરેલા પુરુષાર્થ કે કાર્યની પૂર્ણાહૂતિનુ પ્રતીક છે. હસ્તપ્રતોમાં પણ લહિયાઓ હસ્તપ્રત લખાઈ જતાં કળશની આકૃતિ દોરતા હતા. બીજા અર્થમાં કહીએ તો જેમ પાણીનો આધાર કળશ છે, એ જ રીતે સર્વ પ્રાણીઓના જીવનનો આધાર પ્રભુ છે.

સાતમું મંગલ છે મીનયુગલ. આમાં નર અને માદા તરીકે બે માછલી બતાવવામાં આવી છે. સામાન્ય અર્થમાં તે સુખનું પ્રતીક છે. હસ્તરેખા શાસ્ત્રમાં પણ મત્સ્યની આકૃતિ ધરાવનાર વ્યક્તિ ભાગ્યશાળી ગણાય છે. મત્સ્ય (માછલી)માં મત્સ્યગલાગલન્યાય પ્રવર્તતો હોય છે. મોટી માછલી નાની માછલીને મારી નાંખતી હોય છે. ત્યારે અહીં દર્શાવવામાં આવ્યું છે કે સબળે નિર્બળની રક્ષા કરવી જોઈએ. પોતાની શક્તિથી નિર્બળોને પીડવા કે હણવા જોઈએ નહીં. આને સૂક્ષ્મ અર્થમાં જોઈએ તો જગતમાં પ્રવર્તતા મત્સ્યગલાગલન્યાયને જોઈને સાધકે વિચારવું જોઈએ કે મારે મારાથી જે નિર્બળ છે અને નિઃસહાય છે, એના તરફ ઉપેક્ષા કે ધિક્કારનો ભાવ છોડીને ઉદારતા કે અનુકંપા રાખવી જોઈએ. માણસ એ પ્રાણી જગતમાં સૌથી બળવાન છે, તેથી જ એણે પ્રાણીઓની હત્યા કરવાને બદલે એની રક્ષા કરવી જોઈએ. આમ વિચારીને જીવનમાં અહિંસા અપનાવવી. અન્ય પ્રાણીઓને અભયદાન આપવું જોઈએ એનો સંકેત મત્સ્ય યુગલમાં મળે છે.

આઠમું મંગલ છે દર્પણ. આજના માનવીના જીવન સાથે દર્પણ જોડાયેલું છે. પણ હકીકતમાં એ પોતાની જાતને દર્પણમાં જોઈને ભીતરમાં રહેલા પરમાત્માનો વિચાર કરતો હોય છે અથવા તો પોતાના અંતઃકરણમાં પ્રભુનું પ્રતિબિંબ ઝીલતો હોય છે. આત્મદર્શનની ઓળખ મેળવવા માટે માણસને જાગ્રત કરતું દર્પણ મંગલમય ગણાય છે. દર્પણમાં ભગવાનના દર્શન કરવાની પ્રથા પણ પ્રવર્તે છે. આ દર્પણ એવો પણ સંકેત કરે છે કે ભલે તું અત્યારે તારા નશ્વર બાહ્યરૂપને જો, પણ સાથોસાથ તેમાં ભીતર વસેલા આત્મતત્ત્વનું દર્શન કર. આમ રૂપને જોઈને અરૂપીને પામવાનો આમાં પ્રયાસ છે.

અષ્ટમંગલનાં આ આઠેય મંગલ એક અર્થમાં કહીએ તો સાધકને સંસારની ભંગુરતા, આત્મસ્વરૂપની ઓળખ અને મોક્ષમાર્ગ પ્રત્યેની ગતિનો આધ્યાત્મિક સાધનાપથ છે.

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭
ફોન૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો.૦૯૮૨૪૦૧૯૯૨૫

# સુખનો હરિયાળો દેશ : ભુતાન

કિશોરસિંહ સોલંકી

ભુતાન ભારત આધારિત દેશ હોવા છતાં પોતાની પ્રાચીન સંસ્કૃતિ અને રિવાજો સાચવી રાખ્યા છે. પર્યાવરણનો નાશ કર્યા વિના પ્રગતિ સાધી છે. ત્યાંની સરકારે પર્યાવરણને જાળવી રાખવા માટે ઘણા પગલાં લીધાં છે. લેસ્ટર યુનિએ ૨૦૦૬ માં કરેલાં 'વર્લ્ડ મેપ ઑફ હેપીનેસ' ના સર્વેના આધારે 'બીઝનેસ વીક' નામના સાપ્તાહિકે ભૂતાનને એશિયાનો સૌથી સુખી અને દુનિયામાં આઠમા સુખી દેશ તરીકે ગણાવ્યો છે. તે હિમાલયની ગોદમાં વસેલો મહત્વપૂર્ણ દેશ છે. એનું મૂળ નામ ડ્રુક-યુલ (Druk-Yul) છે, જેનો અર્થ થાય છે 'અજગરોનો દેશ' અંગ્રેજો એને The Land of thander Dragon એટલે કે 'ગરજતા ડ્રેગનનો દેશ' તરીકે ઓળખતા.

હિમાલયની ગિરિમાળાઓમાં સ્થિત આ 'કિંગડમ ઓફ ભૂતાન' મુખ્યત્વે પહાડી પ્રદેશ છે. એણે છૂપું સ્વર્ગ રહેવાનું પસંદ કર્યું છે. આ એક એવી ભૂમિ છે કે જે કાયમી પ્રવાસી હોય તેઓને પણ આકર્ષે છે. પ્રવાસીઓ માટેની આ અતિ પ્રિય જગ્યા હોવા છતાં ય ખૂબ જ ઓછા લોકો ત્યાં જઈ શકે છે.

ભૂતાનનો વિસ્તાર આશરે ૩૮૦૦૦ ચો. કિ.મી. જેટલો છે. તેની પૂર્વ-પશ્ચિમ લંબાઈ આશરે ૩૨૦ કિ.મી. અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ આશરે ૧૭૭ કિ.મી. છે. તેની દક્ષિણ-પૂર્વમાં સિક્કીમ આવેલું છે. જે તેને નેપાળથી અલગ પાડે છે. સાંસ્કૃતિક અને ધાર્મિક રીતે તે તિબેટ સાથે જોડાયેલો છે. ભારત-ભૂતાન વચ્ચેની સીમાની લંબાઈ આશરે ૫૮૭ કિ.મી. છે. અગ્નિ હિમાલયમાં આવેલા આ દેશની ચારેબાજુ પર્વતીય હારમાળાની કુદરતી દિવાલ છે.

ભૂતાનની પ્રજાએ આધુનિક વિકાસના ખોટા માપદંડને બદલે સુખનો માપદંડ સ્વીકાર્યો છે. 'ગ્રોસ ડૉમેસ્ટિક પ્રોડક્ટ' નહિ પણ 'ગ્રોસ નેશનલ હેપીનેસ' નો સ્વીકાર છે. તેથી તો તમને કોઈપણ ભૂતાનીઝ દીવેલ પીધા જેવું મોંઢુ લઈને ફરતો જોવા નહિ મળે. હર હાલતમાં હસતો જ હોય!

આ દેવભૂમિ છે. 'મહાયાન બૌદ્ધિઝમ' છેલ્લું આશ્રય સ્થાન છે. 'મહાયાન' એટલે ખરા અર્થમાં બુદ્ધના અસલ આદર્શોનું શિક્ષણ આપતો પંથ છે. ઊંચા શિખરો પર આવેલા પવિત્ર બૌદ્ધમઠ જે મંત્રોથી ભરપૂર અને ઉન્નત શિખરોની ધાર ઉપર ફરફરતા ધ્વજ અને લાલ કપડામાં દિવસ-રાત મંત્રોચ્ચાર કરતા બૌદ્ધ સાધુઓ આપણને એક અલગ દુનિયામાં લઈ જાય છે. એવા ભૂતાનને ૨૩ એપ્રિલ ૨૦૧૭ થી ૨૯ એપ્રિલ ૨૦૧૭ સુધી જે માણ્યું છે એમાંથી કેટલીક બાબતો તમારા માટે -

**ભિક્ષુઓ અને એમની ધાર્મિક શ્રેણીના વર્ગો**

આપણે જાણીએ છીએ કે, ભૂતાનમાં રાજશક્તિ અને ધર્મશક્તિ એક સાથે જ ચાલે છે. રાજના પાટનગરનું સમગ્ર વહીવટીતંત્ર અને બુદ્ધનું વડુમથક એક સાથે જ હોય છે. તેમાં ન્યાયાલય પણ ખરું જ. રાજકીય રીતે જેમ જિલ્લા, એના વિભાગો અને ગામો હોય છે એ રીતે જ ધર્મને આધારિત વ્યવસ્થા ગોઠવાયેલી છે.

દીક્ષા લીધેલા ભિક્ષુકો ગૅલોન્ગ (Gelong) કહેવાય છે. તેઓ જોન્ગ અને ચોરટનમાં રહે છે. તેઓ પરંપરાગત રીતે ઘટ્ટ-લાલ રંગના લાંબા ઝભ્ભા પહેરે છે. તેમને સામાન્ય રીતે પાંચ-છ વર્ષની ઉંમરમાં જ મઠમાં મોકલવામાં આવે છે. જે તેમના પરિવાર માટે પ્રતિષ્ઠા ગણાય છે. ત્યાં તેમને પરંપરાગત ધાર્મિક શિક્ષણ અપાય છે. થોડા વર્ષના અભ્યાસ પછી તેમની યોગ્યતાના આધારે કાં તો તેમને વધુ શાસ્ત્રીય અભ્યાસ માટે મોકલવામાં આવે છે અથવા તો અન્ય ધાર્મિક કલાઓ જેવી કે નૃત્ય,સંગીત, ચિત્ર કે સીવણકામમાં જોતરવામાં આવે છે.

બૌદ્ધ ભિક્ષુકોના વડાને - ધર્મગુરૂને - જે ખેનપો (Je Khenpo) કહેવામાં આવે છે. જે સૌથી અગત્યના મઠ દ્રાત્સંગ લ્હેન્ત્સોંગ (Dratshang Lhentshog) ની દેખરેખ રાખે છે. એમના મુખ્ય સહાયક તરીકે દોરજે લોપેન ધાર્મિક શિક્ષણના વડા તરીકે સેવા આપે છે.

આ લોપેન (શિક્ષક,ગુરૂ) મુખ્યત્વે ચાર પ્રકારના હોય છે. જે જુદા જુદા અભ્યાસક્રમ શીખવે છે. તે બધાં જ મોનેટરીંગ પણ કરે છે. એના પછી દ્રાપે લોપેન (દ્રાપે) એ વ્યાકરણના શિક્ષક છે. સાહિત્યનો અભ્યાસ કરાવે છે. યંગપે લોપેન (Yangpe) એ સંગીત અને કર્મકાંડના શિક્ષક છે. ત્સેનીયી લોપેન (Tsenyi) એ માસ્ટર ઑફ ફિલોસોફીના શિક્ષક હોય છે. આ ચારે ગુરૂઓનું સ્થાન એવું છે કે એમને પ્રધાનનો દરજ્જો અપાયેલો છે.

આ ચાર ગુરૂઓ સિવાય જે છે તે ખીલકોર લોપેન (Khilkor) છે. કલાઓના શિક્ષક હોય છે અને ત્સીપે લોપેન (Tsipe) એટલે કે જ્યોતિષ વિદ્યાના શિક્ષક હોય છે.

દરેક મઠમાં એક કુદુન (Kudun) હોય છે. જે શિસ્તપાલન કરાવે છે. આ ભિક્ષુઓનીકાળજી સરકાર લે છે પણ ધાર્મિક ક્રિયાકાંડ કરીને જે કમાય છે તે એમની પોતાની મૂડી ગણાય છે. જોન્ગ કે મઠમાં ધાર્મિક ક્રિયાઓ એ કરાવે છે.

જ્યારે દીક્ષા આપવામાં આવે છે ત્યારે બ્રહ્મચર્યનું પાલન, ધૂમ્રપાનનો નિષેધ અને મદ્યપાનની બંધીની પ્રતિજ્ઞા લેવી પડે છે. આમાં એક છૂટછાટ છે કે જો એમને સંસાર માંડવો હોય તો છૂટ

છે, પ્રતિજ્ઞાનો ત્યાગ કરી શકે પણ એના માટે એમને દંડ ભરવો પડે છે. જે ભિક્ષુ સંસાર માંડે તેને ગેટ્રે (Getre) તરીકે ઓળખવામાં આવે છે. એ નિવૃત્ત ભિક્ષુ કહેવાય છે. અને તેનું સમાજમાં એટલું જ સ્થાન હોય છે.

ભૂતાનમાં જેટલા ભિક્ષુ છે તે મોટાભાગના ડ્રુકપા (Drukpa) સંપ્રદાયના છે પરંતુ ન્યીંગમાપા (Nyingmapa) સંપ્રદાયના ભિક્ષુઓ પણ જોવા મળે છે. આ બંને સંપ્રદાય સરકાર માન્ય છે. એ સિવાય કેટલાક સરકાર માન્ય નહિ હોય એવા બીજા ઘણા સંપ્રદાય છે જેને સરકાર નહિ પણ કેટલાંક કુટુંબો એમની સંભાળ લે છે.

કોઈ મહાન ગુરૂના અલગ અલગ અવતારોને તુલ્કુ (Tulku) અથવા રીનપૉચે (Rinpoche) કહેવામાં આવે છે. જો તે સંસાર માંડે તો પણ તુલ્કુ તરીકે જ ઓળખાય છે. તિબેટીયન બૌદ્ધધર્મ પાળનારા દેશોમાં અત્યારે આવા તુલ્કુની સંખ્યા સારી છે.

ધર્મગુરૂઓની એક બીજી શ્રેણી ગૉમચૅન્સ (Gomchcns) તરીકે ઓળખાય છે. તેઓ ન્યીન્ગમાપા સંપ્રદાય સાથે જોડાયેલા છે. તેઓ ઘેર રહે છે, મઠમાં નહીં. તેમનો પરિવાર પણ હોય છે. અને તેઓ ખેતી કરે છે. સરકારી નોકરીઓમાં હોય છે. તેઓ ખો નામનો લાંબો ઝભ્ભો પહેરે છે. લાંબા વાળ રાખે છે. ગળાની ફરતે એક લાંબો સ્કાર્ફ વીંટે છે. તેઓ અંતરિયાળ વિસ્તારોમાં ભિક્ષુઓની ગરજ સારે છે.

**લામા** : લામાનો અર્થ ધર્મગુરૂ થાય છે. સંસ્કૃત શબ્દ ગુરૂનું ભાષાન્તર છે. લામા કોઈપણ હોઈ શકે, તે દિક્ષિત હોય કે સંસારી પણ હોય. એ ગૅલોન્ગ, ગેન્ચોન કે તુલ્કુ પણ હોય. લામા એ માનદ્ ઈલકાબ છે.

એ કોઈ વ્યક્તિને એના શાણપણ અને ધાર્મિક જ્ઞાન માટે આપવામાં આવે છે. આપણે જૂના જમાનામાં અંગ્રેજો તરફથી 'રાવ' કે એવા ઈલકાબ આપવામાં આવતા હતા એવું જ. ઘણીવાર આવા ઈલકાબ વંશ વારસામાં ચાલ્યા આવતા હોય છે. અંતરિયાળ વિસ્તારમાં આ લામા શિક્ષક છે કે આચાર્ય તરીકે સાદા વસ્ત્રોમાં પણ સેવા આપતા હોય છે. એમના જ્ઞાનના કારણે 'લામા' તરીકે ઓળખવામાં આવે છે.

ભૂતાનમાં ભિક્ષુઓ કરતાં ભિક્ષુણીઓ ઓછી છે. જેને તિબેટી ભાષામાં એનીમ્સ કહેવાય છે. પિતૃસત્તાક સમાજમાં સાધ્વીઓની દેખરેખ બૌદ્ધ ભિક્ષુઓ જ રાખે છે. એમાંથી સોએક જેટલી સાધ્વીઓની દેખરેખ સરકાર રાખે છે. એવું જાણવા મળ્યું હતું.

❑❑❑

**'ઋત્', ૪૩, તીર્થનગર,**
**વિ૦૧, સોલારોડ, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧**
**મો. ૯૮૨૫૦૯૮૮૮૮**

## પ્રબુધ્ધ જીવનમાં પ્રકાશિત થતાં લેખને વાર્ષિક બેસ્ટ લેખ પારિતોષિક

જ્ઞાનને વિચારના ક્ષેત્રમાં સતત જાગૃત રહેવાની નેમ સાથે આપનું પ્રિય સામાયિક **'પ્રબુધ્ધ જીવન'** સમય સાથેના બદલાવને પણ ઝીલી રહ્યું છે તો બીજી તરફ વિવિધ પડકારોને ખાળવાનો અવિરત પ્રયત્ન ચાલુ છે.

વધુને વધુ લેખકો અને વાચકો સાથે જોડાય અને પોતાના વિચારો પ્રસ્તુત કરે, તે અર્થે એક વિચાર આપ સહુ સમક્ષ મુકું છું. પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતાં લેખ માટે વાર્ષિક એવોર્ડ આપવાની ઈચ્છા છે. વર્ષ દરમ્યાન વ્યક્ત થયેલાં વૈચારિક પ્રદાનની અનુમોદના કરાય, તો પ્રોત્સાહન મળે. વર્ષ દરમ્યાન પ્રગટ થયેલાં લેખમાંથી પસંદ કરી, બેસ્ટ લેખને પારિતોષિક આપવું, એમ વિચાર્યું છે.

આપે હંમેશા પ્રબુધ્ધ જીવનના કાર્યને વેગ આપ્યો છે. વાચકો અને દાતાઓના સહકારથી આ સામયિક નવા શિખરો સર કરતું રહ્યું છે. આપ જાણો જ છો કે આ કાર્ય આર્થિક અનુદાનની સહાય વગર આગળ નહીં વધે, માટે આપ સહાય કરો તેવી અભ્યર્થના.

પ્રબુદ્ધ વાચકો આ કાર્ય પણ પાર કરાવશે જ ને??

**તંત્રી – પ્રબુધ્ધ જીવન**

# જૈન સાહિત્યમાં પ્રાણીપ્રેમનાં દૃષ્ટાંતો

**પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મહારાજ**

**સં**સાર ચક્રના ચાર છેડા છે. જે ચતુર્ગતિ રૂપ છે. મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ અને નરકગતિ. તેમાં તિર્યંચગતિ પશુયોનિરૂપ છે જે મુખ્યત્વે ત્રણ વિભાગમાં જોવા મળે છે. - જલચર, સ્થલચર અને ખેચર - આ ત્રણે સંજ્ઞી પંચેન્દ્રિય છે.

આ લેખના સંદર્ભમાં અહીં તેને પ્રાણીસૃષ્ટિ તરીકે ઓળખીશું. પ્રાણીજગતની વાતો, કથાઓ, પ્રસંગો લગભગ દરેક ધર્મગ્રંથોમાં મળે છે. પંચતંત્ર ની નીતિ -કથાઓ પણ જાણીતી છે.

જૈન સાહિત્યમાં પણ પશુ-પક્ષીઓને સાંકળી લેતી કથાઓ છે. અને કથાનુયોગનો એક સ્વતંત્ર વિભાગ જ છે. જૈન સાહિત્યમાં પ્રાણીપ્રેમના દૃષ્ટાંતો જોતાં અગાઉ આપણે જાણીશું કે કહેવાતા પશુઓને પણ કેવી રીતે વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે. ચાલો દૃષ્ટિપાત કરીએ...

- જેમકે ૨૪ તીર્થંકર ભગવંતોના લાંછન- ચિન્હોમાં ૧૫ ભગવાનનાં લાંછન તો તિર્યંચ પશુસૃષ્ટિનાં જ છે.

- સમવસરણના ત્રણ ગઢ - પ્રાકાર પૈકી મધ્યમાં બીજો ગઢ માત્ર તિર્યંચો - પશુસૃષ્ટિ માટે જ આરક્ષિત છે. જે મારી દૃષ્ટિએ પ્રાણીપ્રેમનું સૌથી ઊંચુ ઉદાહરણ છે.

- અને ધર્મના અધિકારની વાત કરીએ તો ૧૪ ગુણસ્થાનકો પૈકી ૪ થું ગુણસ્થાન 'અવિરતિ સમ્યગ્દૃષ્ટિ' નું છે. તેની યોગ્યતાનો અધિકાર તિર્યંચોને પણ આપ્યો છે.

આગમગ્રંથોમાં એવા પણ દાખલા નોંધાયા છે કે કેટલાક ભવ્ય તિર્યંચ જીવો શ્રાવક - ગૃહીધર્મ સ્વીકારીને સમાધિમરણ પામીને દૃષ્ટિ વિષ સર્પ ચંડકૌશિકની જેમ સહસ્ત્રાટ - આઠમા દેવલોકમાં પણ ઉત્પન્ન થયા છે. અલબત્ત તિર્યંચ યોનિ નિકૃષ્ટ હોવા છતાં 'પશુ' શબ્દનો પ્રયોગ કરીને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વીતરાગસ્તોત્રમાં કાવ્ય પ્રતિભાને ઉજાગર કરી છે.

- તીર્થંકરોની રત્નકુક્ષિમાતાઓને ૧૪ સ્વપ્નમાં પણ હાથી, વૃષભ અને સિંહને ગૌરવવંતુ સ્થાન મળ્યું છે.

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠ્ઠો, ત્રીજે કેસરી સિંહ.. (સ્નાત્રપૂજા)

- ભગવાનના સ્નાત્ર અભિષેક પ્રસંગે સૌધર્મેન્દ્ર પણ વૃષભનું રૂપ લઈને નમ્રતાની અભિવ્યક્તિ કરે છે.

'વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે..' ઉલ્લેખ જોઈ શકાય છે.

- જૈન ધર્મના **અષ્ટમંગલમાં** પણ મત્સ્ય યુગ્મને મંગલનું પ્રતીક માન્યું છે. આ અષ્ટમંગલનું આલેખન ભગવાન સમક્ષ કરાય છે.

આટલી સંક્ષિપ્ત ભૂમિકા પછી પ્રાણીપ્રેમના દૃષ્ટાંત તરફ દૃષ્ટિપાત કરીએ.

૧. વર્તમાન ચોવીશીના ૧૬ મા ભગવાન શાંતિનાથ ચક્રવર્તીપદ સાથે તીર્થંકર પદે પણ પ્રતિષ્ઠીત હતા. તેઓ જ્યારે તેમના ૧૦ મા ભવમાં **મેઘરથ રાજા** હતા ત્યારે એકવાર તેમણે પૌષધશાળામાં પૌષધવ્રત લીધું હતું. તેમની જીવદયાની પરીક્ષા લેવા દેવે પોતાનું માયાવી રૂપ કરીને બાજપક્ષી (સિંચાણો) અને પારેવાનું રૂપ લઈ શરણાગત પારેવાને પોતાના ભક્ષ્ય માટે આપી દેવા કહ્યું...ત્યારે રાજા મેઘરથે જરા પણ અચકાયા વિના પોતાના શરીરનું માંસ આપીને પણ પારેવાની રક્ષા કરીને અભયદાન આપ્યું હતું.

૨. નર્મદા તટે વસેલું આજનું ભરૂચ ભૂતકાળમાં 'ભૃગુકચ્છ' નામે પ્રસિદ્ધ હતું. અહીંના રાજા જિતશત્રુએ મોટે પાયે હિંસક યજ્ઞ આરંભ્યો હતો. તેમાં એક પંચકલ્યાણી લક્ષણ યુક્ત અશ્વરત્નની પણ આહૂતિ આપવાની હતી.

ભગવાન મુનિસુવ્રત સ્વામિએ જાણ્યું કે એક અશ્વને હોમવાની તૈયારી થઈ ચૂકી છે ત્યારે તેને બચાવવા અને તેના ઉદ્ધાર માટે જરા પણ વિલંબ કર્યા વિના પોતાના ગણધર શિષ્યો સાથે ૨૫૦ યોજનનો રાત્રિવિહાર કરીને ભગવાન સ્વયં કોરંટક ઉદ્યાનમાં પધાર્યા. જ્યાં પ્રભુનું સમવસરણ રચાયું.. અહીં નજીકમાં જ અશ્વ પણ ઊભો ઊભો પ્રભુની ધર્મદેશના સાંભળવા આવ્યો.

પ્રભુએ અશ્વ તરફ ઈશારો કરીને કહ્યું કે બસ, આ જ આવવાનું પ્રયોજન સિદ્ધ થયું.

અશ્વે પ્રભુની પ્રદક્ષિણા કરીને અહોભાવ જણાવ્યો પ્રાંતે આયુષ્ય પૂર્ણ થતાં સમાધિમૃત્યુથી સદ્ગતિ પામ્યો. ગ્રામ્યજનોએ ત્યાં અશ્વાવબોધ તીર્થનું નિર્માણ કર્યું.

અશ્વનો આત્મા મુક્તિગામી બનશે.

૩. ભગવાન નેમિનાથ આબાલ બ્રહ્મચારી હતા. પણ તેની નિમિત્તભૂત ઘટના જાણવા જેવી છે.

અનેક માન્યતાઓ અને મહેનત પછી જ્યારે નેમિકુમારની જાનની તૈયારી થઈ ચૂકી છે જાન ઉગ્રસેન રાજાના મહેલ તરફ પ્રયાણ કરી ચૂકી છે ત્યારે માર્ગમાં જ પશુઓનું કરૂણ આક્રંદ સાંભળીને વરરાજા નેમિકુમારે રથના સારથિને પૂછયું કે : આ આક્રંદ - આર્તનાદ ક્યાંથી આવે છે? જુઓ અને તપાસ કરો.

સારથિએ કહ્યું : રાજન્! આપના લગ્નના ભોજન સમારંભમાં આવનાર અતિથિ માટે આ પશુઓની બલિ અપાશે. ક્ષણના પણ વિલંબ વિના નેમિકુમારે સારથિને સત્તાવાહી સ્વરે કહ્યું, 'રથને અહીંથી જ પાછો વાળ..' પછી રાજુલ સાથેનું પાણિગ્રહણ ન થયું તે ન જ થયું. આવી નેમિકુમારની કરૂણા...

૪. વારાણસી નગરીમાં પંચાગ્નિ તપ કરનાર કમઠ તાપસની સામે જઈને પાર્શ્વકુમાર તેની અજ્ઞાનતાને અને અંધશ્રદ્ધાને પડકારે છે. કાષ્ઠમાં બળતા નાગને ઉગારીને નવકારમંત્ર સંભળાવે છે અને તેના પ્રતાપે ધરણેન્દ્ર દેવ બને છે. ક્યાંક નાગ-નાગણી જોડીનો પણ ઉલ્લેખ છે. ધરણેન્દ્ર અને પદ્માવતીનો પરચો આજે પણ છે.

૫. ભગવાન મહાવીર એકવાર દક્ષિણ વાચાલથી ઉત્તર તરફ વિહાર કરી રહ્યા હતા. આ ક્ષેત્રમાં કનકખલ આશ્રમના માર્ગમાં દૃષ્ટિ વિષ સર્પ ચંડકૌશિકનો રાફડો હતો. એટલે ગ્રામજનોએ પ્રભુને તે માર્ગે ન જતાં અન્યત્ર જવા કહ્યું. પણ પ્રભુ ન માન્યા. અને ચંડકૌશિકના એક માત્ર પ્રતિબોધના હેતુથી એ માર્ગે જ આગળ વધ્યા. અને 'बुज्झह बुज्झह चंडकोशिया.. ' ના ગારૂડી મંત્રથી તેના ક્રોધનું ઝેર ઉતારી દીધું.

પ્રભુના પાદ-અંગૂઠાનું સફેદ લોહી જોતાં જાતિસ્મરણથી પોતાના ગત ભવોનું સ્મરણ કરીને સમાધિમૃત્યુ પામી સહસ્ત્રાર નામના ૮ મા કલ્પમાં દેવગતિ પામ્યો.

૬. ભગવાન મહાવીરના વરદ હસ્તે દીક્ષિત થનાર મગધ દેશના રાજકુમાર મેઘકુમારને પ્રભુએ જ્યારે તેનો પૂર્વિત ભવ કહી સંભળાવ્યો ત્યારે તે પૂર્વમાં ત્રીજા ભવમાં સુમેરૂપ્રભ હાથીના અવતારમાં હતો. એકવાર તે જંગલમાં દાવાનળ લાગવાથી એક સસલા ઉપર દયા લાવી પોતાના પગને અદ્ધર રાખીને તેને બચાવી લીધો હતો. તિર્યંચભવમાં પણ તારા જીવદયાના પરિણામથી જ તને રાજકુળમાં જન્મ મળ્યો છે. મેઘકુમાર આ સાંભળીને સંયમમાં સ્થિર બની ગયા.

૭. રાજગૃહીનો નંદ મણિયાર પ્રતિમાધારી શ્રાવક હતો. તેણે નગરની બહાર એક સુંદર પાણીની વાવનું નિર્માણ કર્યું હતું... પણ પૌષધવ્રતમાં લાગેલા દોષનું પ્રાયશ્ચિત કર્યા વિના જ, તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધી એણે બનાવેલી વાવમાં જ દેડકો થયો. એકવાર રાજગૃહીના ઉદ્યાનમાં ભગવાન મહાવીર પધારતા શ્રેણિક રાજા પોતાના ચતુષ્પદ રસાલા સાથે વંદનાર્થે જતા ઘોડાના પગ નીચે દેડકો દબાઈ ગયો. પણ શુભ અધ્યવસાયથી મૃત્યુ પામી દેવ બન્યો. નામ પડ્યું - દર્દુરાંક દેવ. આમ તિર્યંચગતિમાં પણ તેનો જન્મારો સુધરી ગયો.

૮. આ એક એવી અદ્ભુત ઘટના છે - જેમાં હરણ, વટેમાર્ગુ અને જૈનમુનિને એક જ હરોળમાં મૂકીને સદ્ભાવનાની સાચે જ કદર કરી છે. જૈનધર્મની પરિભાષામાં કહીએ તો 'કરણ, કરાવણ અને અનુમોદન - ત્રણે સરખા ફળ નીપજ્યા...' એ પંક્તિને ચરિતાર્થ કરે છે. જોઈએ કેવી રીતે... ?

શ્રી કૃષ્ણના વડીલબંધુ બલભદ્ર હતા. કહેવાય છે કે - વાસુદેવ અને પ્રતિવાસુદેવ વચ્ચે સ્નેહનો અતૂટ તંતુ હોય છે, બલભદ્ર રૂપરૂપનો અંબાર હતા. મુનિ બન્યા પછી પણ તેનું રૂપ ઢાંક્યુ ન રહ્યું. વાદળ વચ્ચે પણ ચંદ્રની જ્યોત્સના પ્રકાશ પાથરતી હોય છે.

કુવાના કાંઠે પાણી ભરતી પનિહારી તેના રૂપથી અંજાઈ હતી. ભૂલથી ક્યારેક ઘડાને બદલે દોરડાની ગાંઠ છોકરાના ગળામાં નાંખી દેતી..

બસ, બલભદ્ર મુનિ ચોંકી ઉઠ્યા. અને કાયમ માટે વનવાસ સ્વીકારી લીધો.

જંગલમાં ભટકતા હરણને આ મુનિનો ભેટો થઈ ગયો. તેમની સાથે હરણ હળી ગયું. મુનિના વસ્ત્રનો છેડો પકડીને - એટલે મોમાં લઈને પસાર થતા પથિક-વટેમાર્ગુ પાસે ભોજન માટે ખેંચી જતો અને આહારદાનની મનોમન અનુમોદના કરતો.

એકવાર આ ત્રણે ભવ્યાત્માઓ ઉપર આપત્તિનું આભ વરસ્યુ. આકાશમાંથી વીજળી ત્રાટકી અને વૃક્ષ ધરાશાયી થતા ત્રણે જીવો નીચે દટાઈ ગયા - ત્રણે જીવો એકી સાથે દેવલોકમાં મિત્રદેવ બન્યા. એક અબોલ પશુનું પણ જીવન ધન્ય બની ગયું.

૯. તે યુગમાં શ્રાવકો પશુધન પાળતા હતા. સ્થાવર - જંગમ મિલકતની જેમ તેની ગણતરી કરતા. આવો જ એક વ્રતધારી શ્રાવક જિનદાસ મથુરામાં રહેતો હતો. એકવાર તેનો એક ભરવાડ મિત્ર બે નવજાત વાછરડાંની ભેટ આપી ગયો. જિનદાસે અનિચ્છાએ પણ સ્વીકારી લીધા. પરિવારના સભ્યની જેમ જ તેનો ઉછેર થતો. નામ પાડ્યું, કંબલ અને શંબલ. સમય જતા વાછરડાં બળદરૂપે વૃદ્ધિ પામ્યા.

જિનદાસની જાણ બહાર તેનો મિત્ર બંને બળદોને કામ માટે લઈ ગયો અને ગાડામાં જોતરીને તેને થકવી નાખ્યા. પાછળથી ખબર પડતા બંને મૂક જીવોને સંલેખના કરાવી, મૃત્યુ પામી બંને નાગકુમાર મહર્ધિક દેવ બન્યા.

આ છે મૂક પશુઓ માટેની વફાદારી, લાગણી અને મમતા. આજે દેશમાં ગાય, બળદ વગેરેની સુરક્ષા માટે પ્રેરણા લેવા જેવી છે.

૧૦. એક વાર આકાશમાં ઉડતી સમડીનું શિકારીના બાણથી મૃત્યુ થયું... જમીન ઉપર તરફડતી સમડી મુનિશ્રીના મુખેથી નવકારમંત્રના શ્રવણથી મરીને સિંહલદ્વીપની રાજકુમારી - સુદર્શના બની. જાતિસ્મરણથી પોતાનો પૂર્વભવ જોયો - જાણ્યો. ભારતમાં ભ્રમણ કરીને પોતાના મૃત્યુસ્થાનમાં ભરૂચમાં પોતાની જ સ્મૃતિમાં - રાજકુમારીએ 'શકુનિકા વિહાર' બંધાવ્યો. જે 'સમળી વિહાર' તરીકે પણ ઓળખાય છે.

૧૧. પરમાર્હત્ મહારાજા કુમારપાલના જીવનનો એક પ્રસંગ છે. એકવાર તેઓ પૌષધશાળામાં હતા ત્યારે પગના સાથળ ઉપર મંકોડો ચોંટી ગયો કેમે કરીને ઉખડે નહીં. છેવટે મહારાજા કુમારપાલ મંકોડાના જીવને બચાવવા માટે પોતાના પગની ચામડી કાપવા તૈયાર થયો... પણ તેના જીવને બચાવી લીધો...

૧૨. મહારાજા કુમારપાલ એકવાર ગુપ્ત વેશે જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. એક વૃક્ષની નીચે વિશ્રામ માટે બેઠાં. તેમણે દૂર એક દ્રશ્ય જોયું. એક મૂષક - ઉંદર જમીનના ખાડામાંથી સોનામહોર બહાર લાવે છે. અને તેની ઉપર નાચે છે.

મહારાજાએ નજીક જઈ કુતૂહલથી સોનામહોર ઉઠાવી લીધી. મૂષકને દરમાંથી બહાર આવતા સોનામહોર નહીં જોતા આઘાત લાગ્યો અને તરફડીને મરી ગયો. પંચેન્દ્રિય પશુની હત્યાનું પાપ લાગ્યું. રાજાને ઘણો જ પશ્ચાતાપ થયો. આ પાપના પ્રાયશ્ચિત રૂપે રાજાએ એ જગ્યાએ મૂષકવિહાર બંધાવીને તેની શુદ્ધિ કરી.

એક મૂષકની સ્મૃતિમાં બનેલું આ સ્મારક પ્રાણી-પ્રેમનો અદ્‌ભુત નમૂનો નથી શું..?

**પ્રસ્તુત લેખમાં ઉપયોગી આધાર ગ્રંથોની સૂચિ :-**


- ૨૩ તીર્થંકરોકા ચિત્રસંપુટ (સાહિત્યમંદિર પાલીતાણા)
- આગમ કથાનુયોગ (ભાગ-૬) મુનિ દીપરત્નસાગર
- તીર્થંકર નામ મહિમા - ડૉ. મયંક શાહ
- પ્રાણીપ્રેમની કથાઓ - જયભિખ્ખુ
- પ્રાણી મારો પરમ મિત્ર - જયભિખ્ખુ


❑❑❑


**મો.: ૯૯૦૪૫૮૯૦૫૨**



## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧. | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨. | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩. | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪. | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫. | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬. | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭. | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮. | જિન વચન | ૨૫૦ |
| ૯. | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦. | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧. | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨. | પાસપોર્ટની પાંખે ભાગ-૧ થી ૩ | ૫૦૦ |
| ૧૩. | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા.૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૫. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | |
| | **ડૉ. કે.બી. શાહ લિખિત** | |
| ૨૬. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૭. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૮. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૯. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૦. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૧. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૨. | પ્રભાવના | ૧૨ |
| ૩૩. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે. | ૩૯ |
| ૩૪. | મેરુથી યે મોટા | ૧૦૦ |
| ૩૫. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૬. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૭. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૩૮. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૩૯. | પંથે પંથે પાથેય | ૧૨૫ |
| ૪૦. | Inspirational Stories of Shravak | ૫૦ |
| ૪૧. | **જૈન તત્ત્વનું સંક્ષિપ્ત વિવરણ** રમાબેન વિનોદભાઈ મહેતા લિખિત ગુજરાતીમાંથી અનુવાદ - | વિના મૂલ્ય |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે. નં. ૨૩૮૨૦૨૯૬.**
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટ બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું સવાસો ગાથાનું સ્તવન

ડૉ. રશ્મિ ભેદા

આ સ્તવનમાં પૂ. ઉપાધ્યાયજી કહે છે :

નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર,

પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રને પાર.. સોભાગી જિન..સીમંધર સુણો વાત...

લગભગ ૩૨૮ વર્ષ પૂર્વે થઈ ગયેલ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. જૈન ધર્મના પરમ પ્રભાવક,ષડ્દર્શનના જાણકાર, ન્યાય વિશારદ, ન્યાયાચાર્ય તેમજ તાર્કિક શિરોમણિ અને કુર્ચાલશારદા જેવા બિરૂદ પામ્યા હતા. તેમણે સંસ્કૃત, પ્રાકૃતમાં જેમ અનેક કૃતિઓની રચના કરી છે. તેમજ માતૃભાષા ગુર્જરગિરીમાં પણ ઘણા સાહિત્યનું સર્જન કર્યું છે. તેઓએ સરળ ચોવીસીઓ, વીશીઓ, વિશિષ્ટ જિન સ્તવનો, ૧૨૫-૧૫૦ અને ૩૫૦ ગાથાના આધ્યાત્મિક સ્તવનો, સજ્ઝાયો, દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ ઈત્યાદિની રચના કરી છે. આવી જ એક રચના છે - સવાસો ગાથાનું સ્તવન. પૂજ્ય ઉપાધ્યાયજીએ શ્રી સીમંધર પરમાત્માને વિનંતીરૂપ ૧૨૫ ગાથાના આ સ્તવનમાં નિશ્ચયનય અને વ્યવહારનયથી ધર્મતત્ત્વનું સ્વરૂપ સમજાવ્યું છે. પરિણતિની નિર્મળતા એ નિશ્ચય ધર્મ છે જ્યારે પ્રવૃત્તિની નિર્મળતા એ વ્યવહાર ધર્મ છે. પ્રવૃત્તિની નિર્મળતારૂપ વ્યવહાર ધર્મ પરિણતિની નિર્મળતારૂપ નિશ્ચયધર્મને પ્રાપ્ત કરાવનાર છે. અર્થાત્ નિશ્ચયધર્મ એ સાધ્ય છે અને વ્યવહાર ધર્મ એ સાધન છે. પરિણતિની નિર્મળતા જ્ઞાન દ્વારા વધારે શક્ય છે જ્યારે પ્રવૃત્તિની નિર્મળતા એ ક્રિયા (એટલે કે ચારિત્ર) દ્વારા વધારે શક્ય થાય છે. તેથી બંને ધર્મો અનુક્રમે જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ છે. અને પરસ્પર ઉપકારી હોવાથી આત્માર્થી મુમુક્ષુ જીવો માટે બંને ધર્મો ઉપાદેય છે. એક અભ્યંતર શુદ્ધિનો હેતુ છે તો બીજો બાહ્ય શુદ્ધિનો હેતુ છે. શુદ્ધ ધર્મનું સ્વરૂપ આ પ્રમાણે હોવા છતાં કેટલાક આત્માઓ ધર્મનું સાચું સ્વરૂપ સમજતા નથી. આજે જૈન સમાજમાં કેટલોક વર્ગ કેવળ એકલા નિશ્ચયનયનું જ આલંબન લઈને ત્યાગ -તપ મય ક્રિયામાર્ગથી દૂર રહેનાર બન્યો છે. જ્યારે કેટલોક વર્ગ કેવળ એકલા વ્યવહારનયનું જ આલંબન લઈને ક્રિયામાર્ગમાં રચ્યોપચ્યો રહીને સર્વથા જ્ઞાનમાર્ગનો ઉપેક્ષા કરનાર બન્યો છે. મિથ્યાત્વની તીવ્રતાના કારણે કેટલાક જીવો ધર્મનું સાચું સ્વરૂપ સમજતા નથી અને જગતના જીવોને સમજાવતા નથી. ઉલટો ઊંધો રસ્તો બતાવે છે. તેવા આત્માઓ પ્રત્યે હૈયામાં રોષ ન લાવતાં ભાવકરૂણાથી આત્માર્થી જીવોને તેવા કુગુરૂઓથી બચાવવા માટે નિશ્ચય ધર્મ અને વ્યવહાર ધર્મ સમજાવવા ઉપાધ્યાયશ્રી શ્રી સીમંધર સ્વામીને વિનંતી કરે છે કે સાચા ધર્મનું સ્વરૂપ સમજાવનારા સદ્ગુરૂનો અમને સંયોગ કરાવજો. ૨ થી ૪ થી ઢાળમાં નિશ્ચયનયથી અને પાછળથી ૫ થી ૧૦ ઢાળમાં વ્યવહારનયથી ધર્મનું સુંદર સ્વરૂપ સમજાવ્યું છે. ઉપાધ્યાયશ્રી નિશ્ચયનયથી સમજાવે છે કે હે આત્મન્! ધર્મ તો તારા પોતાના આત્મામાં જ છે. આત્માને વિષય કષાયોથી દૂર કરવો એ જ પારમાર્થિક ધર્મ છે. પરિણતિને નિર્મળ કરવી, પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર, વિનય, વિવેક આદિ ગુણોને પ્રાપ્ત કરવા એ જ સાચો આત્મધર્મ છે. અને આવી પ્રાપ્તિ માટે તત્ત્વપ્રાપ્તિ માટે સાધનભાવે જે જે ધર્મ અનુષ્ઠાનો કરાવે છે તે સર્વે વ્યવહારનયથી ધર્મ છે.

૧૧ ઢાળના આ સ્તવનમાં સવાસો ગાથાઓ છે. પ્રથમ ઢાળમાં દસ ગાથામાં કુગુરૂનું સ્વરૂપ સમજાવ્યું છે. કુગુરૂના ફંદામાં ફસાયેલા જીવો ધર્મ કરીને પણ હિત સાધી શકતા નથી. કારણ કુગુરૂ સ્વયં તરવાનો ઉપાય જાણતા નથી. ભવથી તરવાના માર્ગને પ્રાપ્ત કર્યો નથી તે બીજાને તેઓ કઈ રીતે તારશે? જ્ઞાન, દર્શન, ચારિત્રના ગુણ વગર કુગુરૂ જે કુલાચારથી તમારા કુળના વડીલો જે ગુરૂને માનતા હોય તેને જ તમે સેવવો જોઈએ એમ કહી તત્ત્વને જાણવાની જિજ્ઞાસાથી દૂર રાખીને ધર્મ કરાવે છે. જે ધર્મની પ્રવૃત્તિથી સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રની નિષ્પત્તિ થતી હોય તે ધર્મ જ કલ્યાણની પરંપરાનું કારણ છે. સંસારથી તરવાના ઉપાયભૂત યોગમાર્ગ છે. અને આ યોગમાર્ગનું આલંબન લઈને તેમાં સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાથી મોહનો ક્ષય થાય છે. પરંતુ જે આચરણથી આ રત્નત્રયની વૃદ્ધિને અનુકુળ ગુણો પ્રગટે નહિ પરંતુ માત્ર કુલાચારનું સેવન થાય તે પરમાર્થથી ધર્મ નથી. કેટલાક કુગુરૂઓ ધનના વ્યયથી ધર્મનું મૂલ બતાવીને ઉન્માર્ગની સ્થાપના કરે છે. શ્રાવકોને ધર્મમાર્ગમાં ધનવ્યય કરવાની પ્રેરણા કરે છે. અને પોતાને ઈષ્ટ એવા માન-સન્માન પ્રાપ્ત કરે છે. તો કેટલાક કુગુરૂઓ સાધુપણાના પોતાના શિથિલ આચરણને છૂપાવવા અનેક રીતે જિનાગમિત તત્ત્વથી વિપરીત પ્રરૂપણાઓ કરે છે. ભિન્ન ભિન્ન કુગુરૂઓ પાસે ધર્મનું ભિન્ન ભિન્ન સ્વરૂપ સાંભળીને આત્માર્થી જીવો તેમની પર વિશ્વાસ કરતા નથી પરંતુ સાચું ધર્મતત્ત્વ જાણવા, સાંભળવા માટે સદ્ગુરૂની શોધ કરે છે.

એટલે પ્રથમ ઢાળના અંતે યશોવિજયજી કહે છેઃ

બહુમુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસ રે,

ઢૂંઢતા ધર્મને તે થયા, ભ્રમર જિમ કમળની વાસ રે...

સ્વામી સીમંધર વિનંતી..

આમ પ્રથમ ઢાળમાં અશુદ્ધ વ્યવહારથી કરાતી ધર્મની આચરણા ધર્મ નથી તેમ બતાવી મુમુક્ષુ જીવોને જ્યારે કોઈ સદ્‌ગુરૂ મળે ત્યારે સદ્‌ગુરૂ શુદ્ધ વ્યવહારનો મર્મ બતાવવા અર્થે તે જીવોને પ્રથમ નિશ્ચયનયથી ધર્મ શું છે તે બતાવે છે. તેથી બીજી, ત્રીજી અને ચોથી ઢાળમાં નિશ્ચય નયનો મર્મ બતાવેલ છે. તે ત્રણે ઢાળોના સમ્યક્ સમાલોચનથી નિશ્ચયનયની દૃષ્ટિ કઈ રીતે સમ્યક્ ધર્મ કરાવવા પ્રેરણા કરે છે તેનો મર્મ પ્રાપ્ત થાય છે. આમ છતાં નિશ્ચય નયના વક્તવ્યને સાંભળીને કેટલાક જીવો નિશ્ચય નય પ્રત્યેના વલણવાળા થવાથી તેના ઉપાયભૂત વ્યવહારનયને અનુપયોગી સમજે છે. એટલે તેઓ માટે નિશ્ચયનયની પ્રાપ્તિનો ઉપાય વ્યવહારનય કેવી રીતે થાય તે પાંચમી ઢાળમાં બતાવ્યું છે.

કસ્તુરી મૃગને કસ્તુરીની ગંધ પ્રત્યે અત્યંત આકર્ષણ હોવાથી તે કસ્તુરીની પ્રાપ્તિ માટે ચારે દિશામાં દોડાદોડ કરે છે. વસ્તુતઃ કસ્તુરી બહાર કયાંય નથી પરંતુ તેનામાં વિદ્યમાન છે. તેમ ઘણા મુમુક્ષુ જીવો ધર્મ કરવાની મનોવૃત્તિ હોવા છતાં તે આત્મામાં રહેલા પારમાર્થિક ધર્મના સ્વરૂપને જોતા નથી પરંતુ બાહ્ય આચરણમાં જ ધર્મ માને છે.

પરઘર જોતા રે ધર્મ તુમ ફિરો, નિજ ઘર ન લધે રે ધર્મ
જિમ નવિ જાણે રે મૃગકસ્તુરીઓ, મૃગમદ પરિમલ મર્મ...
શ્રી સીમંધર સાહિબ સાંભળો..

જેમ તે ભૂલો રે મૃગ દશ દિશિ ફરે લેવા મૃગમદ ગંધ,
તેમ જગ ઢૂંઢે રે બાહિર ધર્મને, મિથ્યાદૃષ્ટિ રે અંધ...
શ્રી સીમંધર સાહિબ સાંભળો..

વસ્તુતઃ અંતરંગ પરિણતિરૂપ જે ધર્મ છે તે જ નિશ્ચયધર્મ છે. જે ઉચિત આચરણ અંતરંગ પરિણતિના નિષ્પત્તિમાં કારણ બને તે ઉચિત આચરણને ઉપચારથી ધર્મ કહેવામાં આવે છે. અર્થાત્ આત્મભાવમાં રહેવું તે જ ધર્મ અને પરભાવ, વિભાવમાં રહેવું તે અધર્મ અર્થાત્ મિથ્યાત્વ છે. પરદ્રવ્યોને પોતાના માનવા, તેની પ્રાપ્તિ અપ્રાપ્તિમાં હર્ષ-શોક કરવો આ બધી બહિર્દૃષ્ટિ છે, વિભાવદશા, પરપરિણતિ છે. આ પરપરિણતિનો ત્યાગ અને સ્વપરિણતિની પ્રાપ્તિ તે જ ધર્મ છે. પરંતુ જે જીવો માર્ગાનુસારી બુદ્ધિવાળા નથી તે પોતપોતાની માન્યતા અનુસાર, રૂચિ અનુસાર બાહ્ય આચરણ કરે છે. અને એમ કરીએ છીએ એ જ સાચો ધર્મ છે એમ કહે છે. તેવા ઉપદેશકો મિથ્યાદૃષ્ટિ અંધ છે. પરંતુ જે ગીતાર્થ સદ્‌ગુરૂ છે તે નિશ્ચયનયથી ધર્મનું સ્વરૂપ બતાવતાં કહે છે, મોક્ષ એટલે જીવની સંપૂર્ણ નિરાકુળ જ્ઞાનમય અવસ્થા. તે અવસ્થાની પ્રાપ્તિ માટે જે જે ઉપાય છે તે તે ધર્મ છે. અન્ય ધર્મ નથી. આત્માના શુદ્ધ સ્વરૂપનું લક્ષ્ય થવું એજ નિશ્ચયધર્મ છે. અને તેના ઉપાય માટે શાસ્ત્રમાં બતાવેલ ધર્મક્રિયામાં પ્રવર્તન કરવું, ત્યાગમાં વૈરાગ્યમાં પ્રવર્તવું એ વ્યવહારધર્મ છે. અહીં સ્ફટીકનું દૃષ્ટાંત આપેલું છે કે જેમ સ્ફટિકરત્નની નિર્મળતા એ સ્વાભાવિક છે તેમ જીવની શુદ્ધ, બુદ્ધ અવસ્થા એ સ્વાભાવિક છે. પરંતુ આ જ સ્ફટિક પાસે લાલ ફૂલ રાખવામાં આવે તો તે ઉજ્જવલ એવું સ્ફટિક લાલ દેખાય અને જો પીળું ફૂલ રાખવામાં આવે તો તે પીળું દેખાય છે. તેવી જ રીતે શુદ્ધ, બુદ્ધ આ આત્માને સંસારમાં પૂર્વબદ્ધ એવા પુણ્યપાપના ઉદયથી રાગ અને દ્વેષના પરિણામો થાય છે એ વૈભાવિક છે. ઔપાધિક ભાવો છે, સ્વાભાવિક નથી. જેટલા અંશથી ઔપાધિક ભાવ જાય છે તેટલા અંશમાં જીવમાં નિરૂપાધિક ભાવો પ્રગટ થાય છે અને તેટલા અંશમાં ધર્મ કહેવાય છે.

જે જે અંશે રે નિરૂપાધિકપણું, તે તે જાણો રે ધર્મ,
સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણા થકી, જીવ લહે શિવ શર્મ...
શ્રી સીમંધર સાહિબ સાંભળો..

એમ જાણીને રે જ્ઞાનદશા ભજી, રહીએ આપ સ્વરૂપ,
પરપરિણતિથી રે ધર્મ ન છાંડીએ, નવિ પડીએ ભવકૂપ...

કારણ માત્ર બાહ્ય આચરણ એ ધર્મ નથી. સંયમ જીવનના કષ્ટો સહન કરો, બાહ્ય ઈન્દ્રિય પર નિયંત્રણ રાખો, બાહ્ય દુષ્કર તપ કરીને દેહને ક્ષીણ કરો આ સર્વ બાહ્ય આચરણ કરવા છતાં જો જ્ઞાનદશા ન આવે તો નિર્જરાની પ્રાપ્તિ થતી નથી. આત્મામાં વર્તતી રાગદ્વેષની પરિણતિ એ ભાવમળ છે. જ્ઞાનદશા પ્રગટવા માટે સાધુએ સદા આત્માની પરિણતિમાં યત્ન કરવો જોઈએ. અને પરપરિણતિને દૂર કરવી જોઈએ. હું પરભાવનો (પૌદ્‌ગલિક ભાવોનો) કર્તા છું અર્થાત્ શરીર આદિ ક્રિયાઓનો કર્તા છું એમ જે જીવોની માન્યતા હોય છે તે જીવો કર્મબંધ કરીને ચાર ગતિના પરિભ્રમણ કરે છે. આ જીવ શરીરાદિ પૌદ્‌ગલિક ભાવોનો તેમજ જ્ઞાનાવરણીય આદિ દ્રવ્ય કર્મોનો કર્તા વ્યવહારનયથી છે તથા રાગ-દ્વેષ આદિ ભાવકર્મનો કર્તા અશુદ્ધ નિશ્ચયનયથી છે અને જ્ઞાનાદિ ગુણોરૂપ શુદ્ધ સ્વભાવનો કર્તા શુદ્ધ નિશ્ચયનયથી છે.

નિશ્ચયનયને લક્ષ્ય કરીને વ્યવહારના પાલનથી મોક્ષને અનુકૂળ એવી જીવની નિર્લેપ પરિણતિ પ્રગટે છે અને તે નિર્લેપ પરિણતિ નિર્જરાનું કારણ છે તેથી પ્રથમ ભૂમિકાવાળા જીવો વ્યવહારનયને અભિમત ઉચિત ક્રિયા કરીને નિશ્ચયનય અનુસાર જ્ઞાનની પરિણતિ પ્રગટ કરે છે. અને તે દ્વારા નિર્જરાની પ્રાપ્તિ કરે છે. તેથી અહીં ઉપાધ્યાયશ્રીજી કહે છે કે પ્રથમ ભૂમિકાવાળા જીવો માટે વ્યવહારનય પ્રધાન છે અને નિશ્ચયનય ગૌણ છે. અને અસંગ યોગીઓ માટે નિશ્ચયનય પ્રધાન છે અને વ્યવહારનય ગૌણ છે. કેમકે આચારથી જીતવા યોગ્ય કર્મ તેઓને નથી. આ યોગીઓ બાહ્ય આચારોને ગૌણ કરીને સદા ધ્યાનદશામાં જ રહે છે. એટલે પાંચમી ઢાળમાં કહ્યું કે નિશ્ચયને લક્ષમાં રાખી જેઓ વ્યવહારનું સેવન કરશે તે જીવો ભવસાગરથી પાર થઈ શકશે. બે પ્રકારના વ્યવહારનય બતાવે છે - (૧) શુદ્ધ વ્યવહારનય (૨) અશુદ્ધ વ્યવહારનય.

શુદ્ધ વ્યવહાર એટલે નિશ્ચય સાપેક્ષ વ્યવહાર અર્થાત્ નિશ્ચયને લક્ષ્યમાં રાખીને વ્યવહારનું સેવન થાય તે.

અશુદ્ધ વ્યવહાર એટલે નિશ્ચય નિરપેક્ષ વ્યવહાર અર્થાત્ નિશ્ચયને લક્ષ્યમાં રાખ્યા વગર બાહ્ય ક્રિયાત્મક વ્યવહારનય. જે મોક્ષનું કારણ થતું નથી, જે અનુષ્ઠાનમાં શાસ્ત્રના વચનનું આલંબન નથી પરંતુ સ્વમતિ અનુસાર શાસ્ત્રના વચનને જોડીને જે અનુષ્ઠાન કરાવે તે મોહધારાની વૃદ્ધિનું કારણ હોવાથી તેના સેવનથી નિશ્ચયનયને અભિમિત પરિણામ થતા નથી માટે તે મોક્ષનું કારણ નથી. તેમજ જે જીવો સંયમ ધારણ કર્યા પછી સંવેગની વૃદ્ધિ કરી શકતા નથી તેવા લિંગધારી સાધુઓ જે ક્રિયાઓ કરે છે તે અશુદ્ધ વ્યવહાર છે.

સાતમી ઢાળમાં સંયમ ગ્રહણ કર્યા પછી સંયમના આચાર પાળવામાં અસમર્થ એવા સંવિગ્ન પાક્ષિકનું સ્વરૂપ બતાવો સાધુ, દેશવિરતિધર શ્રેષ્ઠ શ્રાવક અને સંવિગ્નપાક્ષિક આ ત્રણે મોક્ષમાર્ગમાં છે એમ બતાવ્યું છે. મોક્ષમાર્ગમાં પ્રથમ સાધુ છે કે શાસ્ત્ર આજ્ઞા અનુસાર ચારિત્રગુણમાં પ્રવર્તન કરનાર છે. બીજા પરમાત્માના વચન અનુસાર દેશવિરતિનું પાલન કરનાર શ્રાવક છે. અને ત્રીજા છે સંવેગપાક્ષિક આત્માઓ જે શાસ્ત્રોના શુદ્ધ અર્થની પ્રરૂપણા કરનાર હોય છે પરંતુ પોતાના નિર્બળતાના કારણે પોતાનાથી ગ્રહણ કરાયેલા મહાવ્રતોનુ સમ્યગ્ પાલન કરી શકતા નથી એટલે મોક્ષમાર્ગમાં દેશવિરતિધર શ્રાવક કરતાં પાછળ છે અને હવે ભવસંસારના માર્ગે કોણ છે એ સમજાવતાં કહે છે કે જેઓને ભવથી વિરાગ થયો નથી માત્ર ભોગો સાર લાગે છે એવા ગૃહસ્થો ભવની વૃદ્ધિના કારણભૂત એવા મોહને સેવીને સંસારમાં ભટકે છે. વળી કેટલાક ગૃહસ્થો બાહ્ય રીતે ધર્મની આચરણા કરતા હોય પણ પરમાત્માના વચનના પરમાર્થને જાણ્યા વગર સ્વમતિ અનુસાર ધર્મને સેવી મોહની વૃદ્ધિ કરે છે. તેવા ગૃહસ્થો ભવમાર્ગમાં રહેલા છે. તેમજ કેટલાક યતિલિંગધારી અર્થાત્ સાધુવેશધારી પોતામાં વર્તતી કુમતિ અને કદાગ્રહને કારણે સન્માર્ગનો લોપ કરે છે અને ઉન્માર્ગમાં પ્રવૃત્ત થાય છે. વળી અન્ય દર્શનમાં રહેલા લિંગધારી સંન્યાસી પણ કુમતિ અને કદાગ્રહથી ભરેલા હોય છે અને માર્ગાનુસારીની બુદ્ધિ પામ્યા નથી તેઓ પણ ભવમાર્ગમાં રહેલા છે.

વ્યવહારના શુદ્ધ અશુદ્ધ ભેદનું વર્ણન સાંભળીને જેઓ શુદ્ધ વ્યવહારના પક્ષપાતી બન્યા છે પરંતુ શુદ્ધ વ્યવહારના પરમાર્થને સમજ્યા નથી એટલે આઠમી ઢાળમાં કેટલાક દયાના નામે શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજાનો નિષેધ કરે છે. તેઓને જિનપૂજા કઈ રીતે કલ્યાણનું કારણ, મોક્ષનું કારણ બને છે એ સમજાવ્યું છે. જે પ્રવૃત્તિમાં વિષય આરંભ તણો ત્યાગ છે તેનાથી ભવસમુદ્રથી તરવાનો માર્ગ પ્રાપ્ત થાય છે. જિનપૂજામાં પરમાત્માના ગુણો પ્રત્યે બહુમાનરૂપ ઉત્તમભાવ હોવાથી વિષયના સેવનમાં થતો આરંભ ત્યાં નથી.

વિષયારંભ તણો જ્યાં ત્યાગ, તેહથી લઈએ ભવજલ તાગ,
જિનપૂજામાં શુભ ભાવથી, વિષયારંભ તણો ભય નથી...
સ્વરૂપથી દીસે સાવદ્ય, અનુબંધે પૂજા નિરવદ્ય,
જે કારણ જિનગુણ બહુમાન, તે અવસર વરતે શુભધ્યાન...

વિવેકપૂર્વકની, વિધિપૂર્વકની પરમાત્માની પૂજા એ શુદ્ધ વ્યવહાર છે.

નવમી ઢાળમાં શ્રી મહાનિશિથસૂત્ર, જ્ઞાતાધર્મકથા, રાયપસેણીસૂત્ર વગેરે આગમ ગ્રંથોનો આધાર આપી મુનિ ભગવંતોને ભાવપૂજા અને ગૃહસ્થોને દ્રવ્ય તથા ભાવપૂજા હોવાનું ઉદાહરણ આપી સમજાવ્યું છે. દ્રવ્ય એ ભાવનું કારણ હોવાથી દ્રવ્યસ્તવ એ ભાવસ્તવનું કારણ છે. પરિણતિ સ્વરૂપ નિશ્ચય ધર્મ જીવનમાં પરિણત બનાવવા માટે પ્રવૃત્તિ સ્વરૂપ વ્યવહાર ધર્મની પણ જરૂર છે. એના માટે પ્રભુનું આલંબન લેવું જોઈએ. અંતે અગિયારમી ઢાળમાં ઉપાધ્યાયશ્રીએ સીમંધરસ્વામી પ્રત્યે પોતાની ભક્તિની અભિવ્યક્ત કરી  છે. અંતરના ઉત્કટ ભાવપૂર્વક સ્તવના કરી છે અને ભવોભવ વીતરાગ પરમાત્માની સેવા મળે એ જ યાચના કરી છે.

મુજ હોજો શુભ ભાવથી, ભવો ભવ તાહરી સેવા રે,
યાચીએ કોડી યતના કરી, એહ તુજ આગળ દેવ રે...
સ્વામી સીમંધર સાહિબ સુણો...

કારણ ચિત્તના શુભ ભાવથી કરેલી પરમાત્માની ભક્તિ જીવને તારનારી બને છે.

આજે આપણે ધર્મના આંચલ નીચે જુદા જુદા સંપ્રદાયો, મત, માન્યતાઓ જોઈએ છીએ અને સૌ કોઈ પોતપોતાના જ અભિપ્રાયને સાચા ઠરાવવા મથે છે. એ જ સ્થિતિ આજથી ૩૦૦ વર્ષ પહેલાં પણ હતી એનો ખ્યાલ પૂજ્ય ઉપાધ્યાયજી ના આ સીમંધર સ્વામીને વિનંતીરૂપ લખેલું સ્તવન વાંચીને આવે છે. અને એ જ સ્થિતિ આજથી ૧૦૦ વર્ષ પહેલાં પણ હતી એનો ખ્યાલ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' વાંચતા આવે છે એટલા માટે મુમુક્ષુ આત્માર્થી જીવોને સત્ય ધર્મની રાહ બતાવવા માટે પૂ. યશોવિજયજી, શ્રીમદ્ રાજચંદ્રજી જેવા જ્ઞાની પુરૂષો આવી રચનાઓ દ્વારા બોધ આપે છે.

❑❑❑

**ડૉ. રશ્મિ ભેદા**
૬૦૨ રીવર હેવન, ઈકોલ મોન્ડીયલ સ્કૂલ,
ગુલમહોર ક્રોસ રોડ નં.૬,
જુહુ સ્કીમ, વિલેપારલે (વેસ્ટ), મુંબઇ - ૪૯.
ફોન : ૯૮૬૭૧ ૮૬૪૪૦

# 'અમૂલ્ય તત્ત્વવિચાર'

આત્માર્પિત દેવાંગભાઈ

'**અ**મૂલ્ય તત્ત્વવિચાર' જેવી મહાન કૃતિનો અભ્યાસ કરીએ તે પહેલાં શ્રીમદ્ રાજચંદ્રજી (કર્તા પુરુષ)ની આંતરિક ભવ્યતા પરએક દૃષ્ટિ કરીએ. કારણકે મને લાગે છે કે આ કૃતિને સમજવામાં તેઓની દિવ્યતા તથા આશયગંભીરતા બહુ મહત્વનો ફાળો આપશે. તેવું એક કથન છે કે 'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ' એટલે કે શ્રીમદ્જી વિષે તથા તેઓશ્રીની આંતરિક દશા વિષે જેટલા નિઃશંક હશો તેટલું તેમણે કહેલું તત્ત્વજ્ઞાન પણ વિશ્વાસ કરવા યોગ્ય લાગશે.

અધ્યાત્મ માર્ગે શ્રદ્ધાનું બહુ જ મહત્વ છે. મોક્ષમાર્ગના દાતા એવા શ્રી સદ્ગુરુ ભગવંત પર જેટલી શ્રદ્ધા મજબૂત તેટલો માર્ગ ત્વરાથી કપાશે. આપણે વ્યવહારિક જગતમાં પણ શ્રદ્ધાનું મહત્વ સમજીએ છીએ. સમજો કે તમે ક્યાંક ગાડીમાં જઈ રહ્યા છો અને તમને રસ્તા વિષે નિઃશંક નથી તો આપોઆપ જ તમારી ઝડપ ઓછી થઈ જશે. તમે ઝડપથી નહીં જ જઈ શકો અને જેવું તમે કોઈને પૂછો અને તમને જવાબ મળે તો આપોઆપ જ તમારી ઝડપ વધી જશે. આવું જ મોક્ષમાર્ગમાં શ્રદ્ધાનું મહત્વ છે. એકવાર નક્કી થઈ જાય કે આસાચા પુરુષ છે અને તેઓ જેમ કહે છે તે જ સત્ય છે તો પછી અધ્યાત્મ માર્ગે તમારી ઝડપ ખૂબ જ વધી જશે. અને એક વખત બુદ્ધિનો સહારો લઈને તાર્કિક (લોજીકલી) રીતે નક્કી કર્યું હોય તો પછી મહાત્મા ઉપર શંકાને સ્થાન રહેતું નથી.

**''અમૂલ્ય તત્ત્વવિચાર''ના કર્તા શ્રીમદ્ રાજચંદ્રજીની આંતરીક ભવ્યતા :**

ભવ્ય વસુંધરા ભારતભૂમિ પર ઘણા સંતો અને મહાત્માઓ થઈ ગયા છે. આજે એક એવા જ સંત વિષે વાત કરવી છે કે જેમનું માર્ગદર્શન આઝાદ ભારતના રાષ્ટ્રપિતા પણ લેતા હતા. મોહનદાસ ગાંધી માંથી મહાત્મા બનવાનો શ્રેય જેમને જાય છે, જેમના પ્રેમભર્યા અને મક્કમ માર્ગદર્શનથી જ ગાંધીજી સત્ય અને અહિંસાના પાઠ શીખ્યા. જે સિદ્ધાંતો દેશ અને દુનિયા માટે એક નવો પ્રેરણાસ્રોત બન્યા તેવા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક તથા મોક્ષમાર્ગ ઉજાગર શ્રીમદ રાજચંદ્રજીની આંતરિક ભવ્યતાની વાત શ્રવણ કરીને આપણે કૃતાર્થ થઈએ. દિવ્યતાના દરબાર સમ શ્રીમદ્ રાજચંદ્રજી બહારથી વ્યવસાયમાં હતા પરંતુ અંતરમાં તેના પડઘા પડતા નહીં. તેઓ શ્રી બધા વ્યવહારો કેવળ નિર્લેપભાવે કરતા હતા. મહાત્મા ગાંધીજીને જો શ્રીમદ રાજચંદ્રજીનો સંપર્ક ના થયો હોત તો ગાંધીજીએ કદાચ ધર્મપરિવર્તન કર્યું હોત અને જગતને શાંતિ અને અહિંસાના સિદ્ધાંતો ન મળ્યા હોત. એક સાચો મુમુક્ષુ જેણે પોતાના દોષો દેખાતા હોય અને ખૂંચતા હોય, તે દોષોમાંથી કે બહાર આવવું તેવો નિશદિન વિચાર હોય તે જ વ્યક્તિ, આત્મજ્ઞાની પુરુષના ઉદયકર્મો વીંધી તે આત્મજ્ઞાની મહાત્માનું અંતઃકરણ ઓળખી શકે છે. ગાંધીજી તેમાંના એક હતા. ગાંધીજી, કલ્યાણની કલ્પવેલી સમ શ્રીમદજીનું અંતઃકરણ ઓળખી ગયા હતા. તેઓએ પોતાના આત્મકથામાં તેમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્રજી એક જ્ઞાની પુરુષ હતા એમ સ્પષ્ટ લખ્યું છે. તેઓ લખે છે કે -...

''જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમની આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો.''1

પરમ જ્ઞાનાવતાર શ્રીમદજીનો અને મહાત્મા ગાંધીજીનો અંતરંગ સંબંધ એ માત્ર તેમના બન્નેના જીવનનું જ નહીં, માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ ભારતના સાંસ્કારિક, રાજકીય અને આધ્યાત્મિક ઈતિહાસનું એક ઉજ્જવળ પ્રકરણ છે. અધ્યાત્મનું અવતરણ એવા શ્રીમદજી આત્મજ્ઞાની હોવાની સાથે બહોળું શાસ્ત્રજ્ઞાન પણ ધરાવતા હતા. તેમને ઓટલો બહોળો શાસ્ત્રાભ્યાસ હતો અને બીજાને ધર્મની ગૂઢ વાતો સરળતાથી સમજાવી શકતા હતા...જેમ પારસમણીના સંપર્કમાં આવતાં લોઢું, સોનું થઈ જાય છે તેમ શ્રીમદજીના સંપર્કમાં આવતા કોઈપણ મુમુક્ષુ જીવ ધર્મના રંગમાં રંગાઈ જતા હતા. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો....

**''દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ પાડી શક્યા નથી. તેમની બુદ્ધિને વિશે મને માન હતું... મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો...''**2

શ્રીમદ રાજચંદ્રજીની પ્રશસ્તિ કરતાં ભારતને દષ્ટીવંત નેતૃત્વ પુરૂં પાડનાર, ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ જણાવ્યું છે કે :

**''શ્રીમદ રાજચંદ્રજીના વ્યક્તિત્વની કેવી મહાનતા હશે કે ગાંધીજીના સમગ્ર અસ્તિત્વ પર છવાઈ ગયા હતા તથા તેમના વ્યક્તિત્વથી અંજાઈ ગયા હતા.''**3

શ્રીમદ રાજચંદ્રજી સતત સાંસારિક ઉપાધીઓથી વીંટળાયેલા હતા પરંતુ તેમનું અંતર મોક્ષ દિશા જ સૂચવતું હતું. તેમના ભગીરથ પુરુષાર્થને કારણે ઉપાધિ મધ્યે પણ સમાધિ જાળવી શકતા હતા. તેઓશ્રીએ તેમના શિષ્યો તથા મુમુક્ષુઓને લખેલા

પત્રોમાંથી ''અત્ર સમાધિ છે..'' એ વાત લગભગ દરેક પત્રમાં છે. જે ઊડીને આંખે વળગે તેવી છે. બહાર ગમે તે પ્રસંગ હોય, પરિસ્થિતિ ગમે તે હોય પરંતુ આંતરિક સમાધિ તો તેઓશ્રીની હરહંમેશ રહેતી હતી.. આ પરથી પૂજ્ય ગંગાસતીજીનું આ ભજન યાદ આવે છે કે...''મેરુ તો ડગે પણ જેના મન ના ડગે રે..ભલી ભાંગી પડે બ્રહ્માંડ રે જી...'' મહાપુરુષોની અદ્‌ભુત દશા વર્ણવતા હરીભદ્રાચાર્ય સૂરીશ્વરજી ફરમાવે છે કે મહાપુરુષોનું તન જ સંસારમાં હોય છે જ્યારે તેમનું ચિત્ત મોક્ષમાં જ હોય છે.

કોઈને કદાચ એમ વિકલ્પ આવે કે તેઓશ્રીને જો આવો તીવ્ર વૈરાગ્ય હતો તો પછી સંસારની પળોજણમાં કેમ પડ્યા હશે. તેમને કોઈ આધારની જરૂરત તો નહોતી જ, લક્ષ્મી, પરિવાર, વ્યવસાય કે પછી બીજી લૌકિક એષણા પણ નહોતી તો પછી વેપાર વગેરે કાર્યો કરવાની કેમ જરૂર હતી, તો તેનું સ્પષ્ટ માર્ગદર્શન આપતા તેઓશ્રી ફરમાવે છે કે :-

''...પૂર્ણજ્ઞાની શ્રી ઋષભદેવાદિ પુરૂષોતને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે ક્ષય થયો છે; તો અમ જેવાને તે પ્રારબ્ધોદય ભોગવવો જ પડે એમાં કંઈ સંશય નથી...''4

આ વાત એક ઉદાહરણ પરથી સમજીએ. ધારો કે કોઈ એક રૂમમાં ભવ્ય ઝુમ્મર લટકાવેલું છે અને કોઈ કારણથી તે પડે છે, તેના ભુક્કા થઈ જાય છે અને કાચ અહીં-તહીં પડે છે. તેથી તેના માલિકને એમ વિચાર આવે છે કે લાવ કાચના ટુકડાઓ સાઈડમાં (કચરાપેટી)માં નાખી દઉં કે જેથી કોઈને વાગે નહીં, તેમ વિચારી તે કાચનો ટુકડો હાથમાં લે છે, અને ત્યારે જ કોઈ એક વ્યક્તિ બહારથી આવે છે અને આ દ્રશ્ય જોતા તેને એમ લાગે છે કે શેઠને ઝુમ્મર પર બહું મોહ લાગે છે, તે તૂટી ગયો તો પણ તેના ટુકડાઓને લઈને આનંદ પામે છે જ્યારે શેઠની આંતરિક દશા કંઈક જુદી જ હતી, તે તો ફક્ત પરહિત માટે કરતા હતા. આ દ્રષ્ટાંત પરથી એ સમજવાનું છે કે આપણે જ્ઞાનીને ફક્ત બહારથી જોઈએ છીએ, પણ ખરૂં જ્ઞાનીપણું તો તેમના અંતરમાં છે. તેમનું અંતર તપાસવાની આપણે દરકાર કરતા નથી. અને બહારથી તેઓનું મૂલ્યાંકન કરીએ છીએ. અજ્ઞાનીજીવ ફક્ત સપાટી પરથી જ્ઞાનીને જુવે છે પરંતુ જ્ઞાનીપણું તો ઊંડાણમાં જોવાથી જ પ્રાપ્ત થઈ શકે તેમ છે.

બહારના સંયોગો તો પૂર્વપ્રારબ્ધ આધીન છે તેઓ પણ પ્રારબ્ધ પ્રમાણે જ વિચરે છે, તેથી બહારના સંયોગો જોઈને કોઈ દિવસ જ્ઞાનીની સાચી ઓળખાણ થતી નથી. આ જ વાત શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈ ફરમાવે છે કે,

**''જ્ઞાનીને અશુભ ઉદય વર્તતો હોય ત્યારે આપણને એમ લાગે કે કેવો સમભાવ છે. જ્યારે શુભનો ઉદય વર્તતો હોય ત્યારે જ્ઞાની વિષે શંકા થાય. ખરેખર જ્ઞાની શુભ-અશુભ ઉદયોથી પર છે. તેઓ બન્નેને સાક્ષીભાવે માત્ર જોયા કરે છે. તેથી જ બાહ્ય ચેષ્ટાથી જ્ઞાનીનું માપ કાઢવું તે નરી મૂર્ખતા છે.''**5

જ્ઞાનીની ઓળખાણ કરવાની અજ્ઞાનીનું કોઈ ગજું જ નથી. ધર્મ સમજ્યો સત્પુરૂષ પાસે અને પોતાની સંકુચિત સમજણથી અને અશુદ્ધ બુદ્ધિથી તેમને જ માપવા નીકળીએ છીએ. કેવી મૂર્ખતા છે! ચમચીથી સાગરનું માપ કાઢવા નીકળીએ છીએ. જ્ઞાનીને જો સમજવા જ હોય તો તેમનું પરીક્ષણ માત્ર ઉતરદશાથી (બહારના વ્યવહારો, સંયોગો વગેરે) નહીં પરંતુ મૂળદશા પણ ધ્યાનમાં લેવી જોઈએ (તેઓશ્રીનું અંતઃકરણ, તેમની આંતરિક નિઃસ્પૃહતા, જ્ઞાનીનું સમ્યક્‌દર્શન જોવું તે મૂળદશા છે અને તેનું ચારિત્ર જોવું તે ઉત્તરદશા છે. એ તો આપણે જાણીએ છીએ કે જ્ઞાનીનું વિચરણ પૂર્વ પ્રારબ્ધોદય પ્રમાણે હોય છે. તેથી બહારમાં વેષ પરિવર્તન વગેરેના પણ હોય અને આપણી મોક્ષ યાત્રા માટે તે જરૂરી પણ નથી. (અત્રે તે યાદ રાખવું ઘટે કે તેઓશ્રીની મોક્ષયાત્રા માટે વેષ પરિવર્તન વગેરે મહત્ત્વનું છે પરંતુ આપણી મોક્ષયાત્રા માટે તેઓશ્રી આત્મજ્ઞાની છે કે નહીં તેટલું જ મહત્ત્વનું છે.) અહીંયા કહેવાનું તેમ નથી કે ચારિત્રનું (એટલે કે બહારમાં ત્યાગનું મહત્ત્વ નથી પરંતુ તે સમજવું ઘટે કે મોક્ષયાત્રાની પૂર્ણતા માટે તે જરૂરી છે પરંતુ આપણા જેવા અજ્ઞાની જીવો માટે પ્રથમ સમ્યક્‌દર્શન પામવું મહત્ત્વનું છે અને તે માટે મહાત્માની અંતરદશા જ મહત્ત્વની છે, એટલે કે આત્મજ્ઞાન મહત્ત્વનું છે.)

આજ વાત વધારે સ્પષ્ટ કરતા તેઓશ્રી ફરમાવે છે કે,

**''કોઈ પણ જાતના અમારા આત્મિક બંધનને લઈને અમે સંસારમાં રહ્યા નથી. સ્ત્રી જે છે તેનાથી પૂર્વે બંધાયેલું ભોગકર્મ નિવૃત્ત કરવું છે. કુટુંબ છે તેનું કરેલું કરજ આપી નિવૃત્ત થવા અર્થે રહ્યા છીએ. તનને અર્થે, ધનને અર્થે, ભોગને અર્થે, સુખને અર્થે, સ્વાર્થને અર્થે કે કોઈ જાતના આત્મિક બંધનથી અમે સંસારમાં રહ્યા નથી. આવો જે અંતરંગનો ભેદ તે જે જીવને નિકટપણે મોક્ષ વર્તતો ના હોય તે જીવ કેમ સમજી શકે ?''**6

તેઓશ્રીના હૃદયની વાત તો સમજાય એવી છે કે જેને સંસારની આસક્તિ સમગ્રપણે ક્ષીણ થઈ ગઈ છે તે સ્પષ્ટ રીતે સંસારને કેમ ઈચ્છે ? તેઓશ્રીની અંતરંગ ઈચ્છા તો વેપાર વગેરે કરવાની નહોતી જ, પૂર્વપ્રારબ્ધ યોગે આ પ્રવૃત્તિ થતી હતી તેમ સ્પષ્ટ ભાસે છે એટલે કે પૂર્વપ્રારબ્ધ સમભાવે વેદવા તથા જીવો સાથેનો પૂર્વનો હિસાબ ચૂકતે કરવા આ પ્રવૃત્તિ થતી હતી. આ વાત એક દ્રષ્ટાંત વડે સમજીએ. (દ્રષ્ટાંત નહિ આ તો શ્રી ભરત ચક્રવર્તી તથા શાંતીનાથ ભગવાન વગેરેનો ભવ્ય ઈતિહાસ છે.) જેમકે કોઈ એક જ્ઞાનીને તેમના ઉદયાનુસાર રાજપાટ છે. તેમને હજારો રાણીઓ છે. તેનાથી જો આપણે આ જ્ઞાની નથી તેવું કહી દઈએ તો આપણા જેવો મંદબુદ્ધિ બીજો કોણ? બાહ્યમાં અનુકૂળ પરિસ્થિતિ હોય, પુણ્યનો ઉદય હોય તો તેમાં જ્ઞાની શું કરે, તેઓશ્રીને તેમની

ખેવના નથી. બહારમાં અનુકૂળતા હોય કે પ્રતિકૂળતા, જ્ઞાની તો બન્નેથી ભિન્ન છે. આ વાત બહુ સમજવા જેવી છે, અજ્ઞાનીને બહારમાં જ મહત્ત્વ છે તેથી તે ફક્ત બહારનું જ જુવે છે અને તેના પરથી જ્ઞાનીનો ખિતાબ આપે છે. (જો આજ પ્રમાણે જ્ઞાનીને સમજવાનું રાખીશું તો તીર્થંકરોને ભગવાન તરીકે સ્વીકારવામાં બહું જ તકલીફ પડશે કારણ કે તેઓશ્રીને તો બાહ્યમાં ઉત્કૃષ્ટ પુણ્ય વર્તે છે જે તેઓના સમોસરણ આદિથી સમજાય તેવું છે.)

ગાંધીજી, અપૂર્વ જ્ઞાનયોગી તથા તેમના અખુટ પ્રેરણાસ્તોત્ર શ્રીમદ્જી વિષે અન્યત્ર લખે છે કે,

**''આપણે સંસારી જીવો છીએ ત્યારે શ્રીમદ્ અસંસારી હતા. આપણને અનેક યોનિઓમાં ભટકવું પડશે ત્યારે શ્રીમદ્‌ને એક જન્મ બસ થાઓ. આપણે કદાચ મોક્ષથી દૂર ભાગતા હોઈશું ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા.''**7

''બીજું કશું શોધ મા. માત્ર એક સત્પુરૂષને શોધ'' કહેનારા શ્રીમદ્ રાજચંદ્રજી સદ્‌ગુરૂનું માહાત્મ્ય બતાવ્યું. શ્રીમદ્જીનું ઉન્નત જીવન આપણને શીખવે છે કે સમૂહમાં કેમ પ્રેમમય રહેવું અને એકલા હોય ત્યારે કેમ ધ્યાનમય રહેવું. તેઓશ્રીને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થઈ હતી તે મુજબનું કથન પોતાના પરમાર્થ સખા શ્રી સૌભાગ્યભાઈને એક પત્ર દ્વારા વર્ણવે છે.

**''એક પુરાણપુરૂષ અને પુરાણપુરૂષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રૂચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.''**8

આ તેઓશ્રીની ઉચ્ચ અધ્યાત્મ દશાનું વર્ણન કરે છે. જ્યારે સંસારી જીવો દેહને જ સત્ય માને છે અને દેહની સંભાળ લેવામાં જ અમૂલ્ય મનુષ્યભવ વ્યતીત કરે છે, ત્યારે આ મહાત્મા પોતાની અપ્રતિમ દશા વર્ણવે છે કે અમે દેહ તો નથી જ, અમે શુદ્ધ આત્મા છીએ અને એજ પ્રતીતિ રહે છે, તે ત્યાં સુધી કે આ રાજચંદ્ર નામધારી દેહ ધારણ કરેલો છે તે પણ યાદ કરવું પડે છે.

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી પોતાની ઉચ્ચ આત્મિક દશાનું વર્ણન કરતા લખે છે કે...

**''ઓ દુષમકાળના દુર્ભાગી જીવો ! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.**

**સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઈચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.**

**વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.''**9

ઉપરના ઉદ્‌ગારો ફક્ત બીજાના હિતને માટે લખાયા છે તે વ્યક્ત કરતા આ પત્રના અંતિમ ફકરામાં તેઓશ્રી લખે છે કે...

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્‌ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરૂણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે.

પોતાની અદ્‌ભૂત જ્ઞાનદશા વર્ણવતા તેઓશ્રી લખે છે કે...

**''અજ્ઞાનયોગીપણું તો આ દેહ ધર્યો ત્યારથી જ નહીં હોય એમ જણાય છે. સમ્યક્‌દ્રષ્ટિપણું તો જરૂર સંભવે છે. કોઈ પ્રકારનો સિદ્ધિજોગ અમે ક્યારે પણ સાધવાનો આખી જિંદગીમાં અલ્પ પણ વિચાર કર્યો સાંભરતો નથી.''**10

શ્રીમદ્ રાજચંદ્રજીનો વૈરાગ્ય એટલો તીવ્ર હતો કે સંસારની કોઈ પણ પ્રકારની ઈચ્છા તેમને હતી નહીં. તેમના ઉપદેશનું એક મહત્ત્વનું અંગ હતું કે, મોક્ષના અભિલાષી જીવે વૈરાગ્ય અને ઉપશમ કેળવવા જ જોઈએ. જગત પ્રત્યે તદ્દન નિઃસ્પૃહીપણું તેમના આ વચનથી પ્રમાણિત થાય છે.

**''ક્વચિત મનોયોગને લીધે ઈચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત, પણ અમને તો એમ લાગે છે કે આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીનભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત છે; અને પરમાત્માની વિભૂતીરૂપે અમારૂં ભક્તિધામ છે...''**11

આમ તેઓશ્રી અનેક ઉપાધિઓમાં ફસાયેલા જીવો માટે સુખનો વિસામો બની રહ્યા, આંતરિક સમાધિનો સંદેશ બની રહ્યા, હૃદયને ઢંઢોળનાર ધર્મોપદેશક બની રહ્યા. જગતના દાર્શનીકોએ દેહના મૃત્યુ એટલે કે (દ્રવ્ય)મરણ પરના વિજયની વાત કરી છે પરંતુ શ્રીમદ્જીએ દેહના મૃત્યુ પહેલા અનંતી વાર કષાયોરૂપી (ભાવ)મરણ પર વિજયી થવાની વાત કરી છે. દેહનું મૃત્યુ ક્યારે આવશે તે ભલે આપણા હાથમાં નથી પરંતુ ભાવોનું મરણ રોકી, જીવન કેમ ઉન્નત બનાવવું તેની વાત તેઓશ્રીના ઉપદેશમાં મળે છે. ભાવમરણમાં રાચના સંસારી જીવોની અત્યંત કરૂણા આવતા તેમણે 'અમૂલ્ય તત્ત્વવિચાર' નામે અર્થગંભીર કાવ્યની રચના કરી તેમાં તેઓશ્રીએ લખ્યું છે કે ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કા અહો રાચી રહો ?''

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્જીની આભને આંબતી આત્મદશા તથા તેઓશ્રીનું વ્યક્તિવિશેષ આલેખતા રાષ્ટ્રીય સંત પૂજ્ય વિનોબા ભાવે કહે છે કે... **''શ્રીમદ્ રાજચંદ્ર તો મહાત્મા ગાંધીજીના 'ગુરુ તુલ્ય' મહત્ત પુરુષ હતા. આવા પુરુષ ભારતવર્ષમાં જન્મ્યા અને શ્વાસોશ્વાસ લીધા તેથી આ ભૂમિ ભાગ્યશાળી બની છે.''**12

શ્રીમદ્ રાજચંદ્રજી પોતે અધ્યાત્મના શિખર પર છે અને

પરમાત્મા પાસે કઈ પણ યાચતા નથી તે રીતનું એક પત્રમાં લખેલું છે. તેઓશ્રી ફરમાવે છે કે,

**''... છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે.''** આગળ ફરમાવે છે કે **''(કંઈ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનું કેવલજ્ઞાનેય જે પુરૂષને નથી જોઈતું, તે પુરૂષને પરમેશ્વર હવે કયું પદ આપશે ?''**13

આપણે જેમ આગળ ચિંતન કરી ગયા કે આટલો વૈરાગ્ય છતાં વેપાર વગેરે કરતા હશે? તો તેના વિષે વિશેષ લખે છે કે,

**''કોઈ એવા પ્રકારનો ઉદય છે કે, અપૂર્વ વીતરાગતા છતાં વેપાર સંબંધી કંઈક પ્રવર્તન કરી શકીએ છીએ, તેમજ બીજાં પણ ખાવાપીવા વગેરેનાં પ્રવર્તન માંડ માંડ કરી શકીએ છીએ. મન ક્યાંય વિરામ પામતું નથી, ઘણું કરીને અત્ર કોઈનો સમાગમ ઈચ્છતું નથી. આત્મા આત્મભાવે વર્તે છે. સમયે સમયે અનંતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે...''**14

શું કોઈ દેહ છતાં વિતરાગ થઈ શકે? દેહ છતાં શું રાગ-દ્વેષના બંધનોથી સર્વથા મુક્ત થઈ શકાય? તે વિષે પ્રકાશ પાડતા તેઓશ્રી ફરમાવે છે કે,

**''....દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચલ અનુભવ છે. કારણ કે અમે પણ નિશ્ચય તે જ સ્થિતિ પામવાના છીએ, એમ અમારો આત્મા અખંડપણે કહે છે; અને એમજ છે, જરૂર એમજ છે...''**15

શ્રીમદ્ રાજચંદ્રજીને જાણે મોક્ષ સાથે ઘરોબો હતો! આ કાળમાં આ ક્ષેત્રમાં મોક્ષ કેવળ શક્ય નથી, તેમ ઘણાનું માનવું છે પરંતુ આ પુરૂષે બતાવ્યું કે ચરમશરીરીપણું ભલે ના હોય પરંતુ અશરીરીપણું તો છે જ. શરીર ધારણ કર્યું હોય તો તેવું કહેવાયને કે ચરમશરીરી (એટલે કે છેલ્લું શરીર), પરંતુ અમને તો એવી ખુમારી વર્તે છે કે અમે દેહધારી જ નથી.

**''... ચરમશરીરીપણું જાણીએ કે આ કાળમાં નથી, તથાપિ અશરીરીપણે આત્મસ્થિતિ છે તો તે ભાવનયે ચરમશરીરીપણું નહીં, પણ સિદ્ધપણું છે; અને તે અશરીરીભાવ આ કાળને વિષે નથી એમ અત્રે કહીએ, તો આ કાળમાં અમે પોતે નથી, એમ કહેવા તુલ્ય છે...''**16

**''...મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે, એ તો નિઃશંક વાર્તા છે. અમારું જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્યભાવને વિષે સ્થિર થતું નથી; સ્વરૂપને વિષે સ્થિર રહે છે. એવું જે અમારું આશ્ચર્યકારક સ્વરૂપ તે હાલ તો ક્યાંય કહ્યું જતું નથી...''**17

શ્રીમદ્ રાજચંદ્રજી પરમ કરૂણા કરીને સંસારમાં ભટકતા જીવોને જાણે સંબોધે છે કે કેમ ભટકો છો? તમને જે જોઈએ છે તે અહીંયા મળશે જ. સત્પુરૂષની શોધ કરવી તે સાચું જ છે પરંતુ ક્યાંક તમારા તારણહાર સામે જ હોય અને તમે અહીં-તહીં ભટકવામાં અમૂલ્ય એવો મનુષ્યભવ વૃથા ગુમાવતા તો નથીને? શોધ કરવી તે સાચુ જ છે પરંતુ ક્યાંક તમે શોધ કરવામાં જ અટકી નથી રહ્યા ને? તે વિષે તેઓશ્રી ફરમાવે છે કે,

**''... ઈશ્વરઈચ્છાથી જે કાંઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો પ્રેમ થશે, અને તે બીજેથી નહીં પણ અમથકી, એમ પણ અત્ર માનીએ છીએ...''**18

અહીંયા 'અમથકી' શબ્દ બહુ મહત્ત્વનો છે. કોઈ એમ ના માને કે આ આપવડાઈ છે પરંતુ આ સનાતન ગુરૂ-શિષ્ય સંબંધ છે. જ્ઞાની પુરૂષોની કરૂણાનો તાગ મેળવવો દુર્ઘટ નહીં પણ અસંભવિત છે. એક સામાન્ય માણસને પણ પરહિતની થોડી ચિંતા હોય છે તો પછી મહત્પુરૂષોને હોય તેમાં કોઈ શક નથી. આ આપણે એક દ્રષ્ટાંત વડે જોઈએ. કોઈ રસ્તો ભૂલી ગયો હોય અને નક્કી ના કરી શકતો હોય કે કયો રસ્તો સાચો છે અને તે વ્યક્તિ તમને પૂછવા આવે, અને તમે સાચો રસ્તો જાણતા હોય તો તમે કહો ને કે સીધે સીધો આ રસ્તા પર જજે એટલે તને તારું ગંતવ્ય મળી જશે. હવે આને તમે આપવડાઈ કહેશો? સામેવાળો મુંઝવણમાં હોય તો તેને આગ્રહથી કહેશો કે આ જ રસ્તે જા. હવે જો સામાન્ય વ્યક્તિમાં આવી હિતવૃત્તિના દર્શન થાય તો અપાર કરૂણા સર્વ જીવો પ્રત્યે ધરાવે છે તે આમ ફરમાવે તો આપવડાઈ ના કહેવાય પરંતુ સંસાર અટવીમાં ગોથા ખાતા જીવોની પરમ કરૂણાથી આ ઉદ્ગારો નીકળ્યા હોય તેમાં શું નવાઈ?

જ્યારે પાત્ર શિષ્ય આવે છે ત્યારે ગુરૂ પોતાના અંતરની વાત દિલ ખોલીને કરે છે. આવુ જ જ્યારે શ્રીમદ્ રાજચંદ્રજી પાસે પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ આવ્યા હતા ત્યારે તેમના અંતરમાંથી ઉપર લખેલી વાત કરી હતી. આ તેઓશ્રીની અંતરંગ દશા હતી. તે બધાને કહી શકાય એવું ન હતું. કારણ કે લોકોને પ્રથમ બહારના પહેરવેશ ઉપર દ્રષ્ટિ જાય છે અને ખૂબજ અફસોસની વાત છે કે મહાત્માના અંતરંગ ભવ્યતાનું દર્શન થતું નથી. જ્યારે જ્ઞાનીપુરૂષ સશરીરે વિચરતા હોય છે ત્યારે તેનું ઓળખાણ થતું નથી અને જ્યારે તેઓશ્રીનો દેહવિલય થાય છે ત્યારે લોકો તેના મંદિરો બનાવે છે અને ભગવાનની જેમ પૂજે છે. આવુ જ જિસસ સાથે, મોહમ્મદ પયગંબર સાથે, સોક્રેટીસ સાથે, શ્રી નરસિંહ મહેતા, પૂજ્ય મીરાબાઈ સાથે તથા ભગવાન શ્રી મહાવીર સાથે થયું હતું. સમાજ ૧૦૦ થી ૧૫૦ વર્ષ પાછળ કેમ હોય છે. પ્રત્યક્ષ સત્પુરૂષનો શું મહિમા હોય છે તે આ દ્રષ્ટાંત પરથી સમજી શકાશે. જેવું કામ સાપ કરે તેવું સાપનો લીસોટો ના કરી શકે. સાપ એટલે પ્રત્યક્ષ સત્પુરૂષ અને લીસોટો એટલે તેમના જ શાસ્ત્રો વગેરે. શાસ્ત્રોમાં બધી વાત છે અરે તે મહાપુરૂષોના જ રચેલા છે પરંતુ તે પણ એજ વાત કરે છે કે પ્રત્યક્ષ જ્ઞાની પાસે જાવ તો જ તમારું કલ્યાણ છે. અને તેથી જ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે **''શાસ્ત્રોમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરૂષના અંતરાત્મામાં રહ્યો છે.''**19

સંસારમાં તપ્તાયમાન જીવોની પરમ કરૂણા શ્રીમદ્જીને આવતી હતી અને તેથી જ સર્વ જીવોને તારવા માટે પરમ શીતળ એવી વાણી તેઓશ્રી ફરમાવતા હતા.

શ્રીમદ્જી પોતાની આ અંતરદશા બધાને કહેતા પણ નહીં. આ પત્ર પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ કે જેમની સાથે શ્રીમદ્જી પોતાની દશા વિષે બધી વાત કહી શકતા, તેમને જ લખી છે. આપણા સૌભાગ્યે આ બધા પત્રો 'શ્રીમદ્ રાજચંદ્ર' (વચનામૃતજી)માં છપાયા છે તેથી આપણે પણ તેઓશ્રીની ઉચ્ચ દશાનો થોડો તાગ કાઢી શકીએ.

આ જ પત્રમાં તેઓશ્રી આગળ ફરમાવે છે કે,

**''...કોઈ વાતમાં શબ્દોમાં સંક્ષેપપણાથી એમ ભાસી શકે એવું હોય કે અમને કોઈ પ્રકારની કંઈ હજુ સંસારસુખવૃત્તિ છે, તો તે અર્થ ફરી વિચારવા યોગ્ય છે. નિશ્ચય છે કે ત્રણે કાળને વિષે અમારા સંબંધમાં તે ભાસવું આરોપિત જાણવા યોગ્ય છે, અર્થાત્ સંસાર સુખવૃત્તિથી નિરંતર ઉદાસપણું જ છે...''**20

પોતાની ઉચ્ચદશા (અત્યંત મુક્તપણું જેને સમકિત પણ કહેવાય છે) તે વર્ણવતા તેઓશ્રી લખે છે કે,

**''ચિત્તને વિષે જેવું આ ઉપાધિયોગ આરાધીએ છીએ ત્યારથી મુક્તપણું વર્તે છે, તેવું મુક્તપણું અનુપાધિપ્રસંગમાં પણ વર્તતું નહોતું; એવી નિશ્ચલ દશા માગસર સુદ ૬ થી એકધારાએ વર્તી આવી છે...''**21

આ દિવસને (માગસર સુદ ૬) શ્રીમદ્ રાજચંદ્રજીનો ક્ષાયિક સમકિત દિવસ તરીકે પણ તેમના ભક્ત વર્ગમાં ઉજવાય છે. પોતાને થયેલા શુદ્ધ સમકિત વિષે તેઓશ્રીએ પોતાની હાથનોંધમાં 'ધન્ય રે દિવસ આ અહો' કાવ્ય અંતર્ગત પણ લખ્યું છે.

**''ઓગણીસસે ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;**
**શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.''**22

પોતાને વર્તતા વૈરાગ્યની વાત કરતા તેઓશ્રી જણાવે છે કે,

**''... જો તે માર્ગની ઉપેક્ષા કરીએ તો પણ જ્ઞાનીને વિરોધીએ નહીં એમ છે, છતાં ઉપેક્ષા થઈ શકતી નથી. જો ઉપેક્ષા કરીએ તો ગૃહસ્થપણું પણ વનવાસીપણે ભજાય એવો આકરો વૈરાગ્ય વર્તે છે...''**23

મહાત્માનું જીવન અલગ-અલગ રીતે જોઈ શકાય. જેમ સમુદ્રને અલગ-અલગ જગ્યાએથી જોઈએ તો સમુદ્ર અલગ-અલગ ભાસે છે જેમકે કોઈ કિનારે જ હોય તો તે માત્ર છબછબિયાં કરે છે, વધુ ઊંડો જાય તો લહેરોના દર્શન કરે છે. પરંતુ સમુદ્રની વિરાટતા માત્ર ઉપરથી જોવામાં ખ્યાલ નથી આવતી, જો કોઈ વ્યક્તિ સમુદ્રના પેટાળ સુધી જાય તો તેને સમુદ્રની ગંભીરતા ખ્યાલમાં આવે છે. જેમ સમુદ્રને પેટાળથી જોતા એમ ખ્યાલ આવે છે કે ઉપર ઉપર એક બીજુ જ જગત ચાલે છે જ્યારે અત્યંત ઊંડાણમાં અતિ શાંત અને ગંભીર એવા બીજા જગતનું દર્શન થાય છે, તે તો જોનાર ઉપર આધાર રાખે છે કે તે ક્યાંથી સમુદ્રને જુવે છે.

જેવું સમુદ્ર વિષે તેવુ જ જ્ઞાની વિષે. કોઈ જ્ઞાનીને દૂરથી જુવે છે તો તેને ફક્ત એક સજ્જન વ્યક્તિ દેખાય છે. જરાક નજીકથી જોઈએ તો તેઓની નિઃસ્પૃહ દશા વિષે ખ્યાલ આવે છે કે તેઓ પૂર્વ પ્રારબ્ધ અનુસાર વિચરણ કરે છે, તેમના દરેક કાર્યો અગાવનો હિસાબ ચૂકતે કરવા માટે જ થઈ રહ્યો છે. પરંતુ કોઈ વિરલા જ મહાત્માની અંદરથી સાચી ઓળખાણ કરી શકે છે, તેમને એમ લાગ્યા વગર રહેતું નથી કે વ્યવહાર તો બસ બહાર થાય છે જ્યારે જ્ઞાની તો પોતાના આત્મામાં સતત પરોવાયેલા છે. જાણે કે કર્મકૃત વ્યક્તિત્વ બહારથી વ્યવહાર કરે છે તેમાં જ્ઞાનીનો કોઈ લક્ષ નથી, તેઓ તો અંતરની મસ્તીમાં મશગુલ છે.

***લેખક પરિચય :***

*આત્માર્પિત દેવાંગભાઈ મિકેનિકલ એન્જીનિયર હોવા સાથે અમેરિકામાં ઈન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટ સહિત એમ.એ. કરીને ભારતમાં ગુજરાતી ભાષામાં એમ.એ. થયા છે. શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાનું સર્વસ્વ માનતા દેવાંગભાઈએ પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈના દિવ્ય આધ્યાત્મિક ગુણોથી પ્રભાવિત થઈ તેઓશ્રીની નિશ્રામાં વર્ષ ૨૦૧૫ માં આત્માર્પિત દીક્ષા અંગીકાર કરી છે. પ્રસ્તુત લેખમાળામાં (શ્રીમદ્જીની મહાન કૃતિ 'અમૂલ્ય તત્ત્વવિચાર'નો આ પ્રથમ લેખ છે.) શ્રીમદ્જીની મહાન, ભવ્યાતિભવ્ય, આંતરિક દશા વિષે પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈએ પાડેલ પ્રકાશ પર દેવાંગભાઈ પોતાની સમજણ મુજબ આલેખન કરે છે.*

---

1 સત્યના પ્રયોગો - ભાગ ૨ પ્રકરણ ૧. 'રાયચંદભાઈ' પૃષ્ઠ ૮૭
2 સત્યના પ્રયોગો - ભાગ ૨ પ્રકરણ ૧. 'રાયચંદભાઈ' પૃષ્ઠ ૮૭
3 સાબરમતી આશ્રમ શતાબ્દી વર્ષની ઉજવણી વખતે તેમના વ્યક્તવ્યમાંથી, અમદાવાદ ૨૯ જુન
4 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૫૮૬ પૃષ્ઠ ૪૫૯
5 શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુર - ગુરૂદેવશ્રીના પ્રવચનોમાંથી
6 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૪૧૫, પૃષ્ઠ ૩૫૬
7 શ્રી ગોપાલદાસ જીવાભાઈ પટેલ દ્વારા સંપાદિત, 'શ્રી રાજચંદ્ર (જીવનયાત્રા તથા વિચારરત્નો)', બીજી આવૃત્તિ, રાયચંદભાઈના કેટલાક સ્મરણો, પૃષ્ઠ ૮૮-૮૯
8 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૨૫૫, પૃષ્ઠ ૨૯૦-૨૯૧
9 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૬૮૦, પૃષ્ઠ ૪૯૯
10 શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત દશમી આવૃત્તિ પત્રાંક ૪૫૦, પૃષ્ઠ ૩૭૪
11 શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત દશમી આવૃત્તિ પત્રાંક ૨૧૪, પૃષ્ઠ ૨૭૦
12 પવનાર આશ્રમ, વાર્તાલાપ (વર્ધા)
13 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૧૮૭, પૃષ્ઠ ૨૪૭
14 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૩૧૩, પૃષ્ઠ ૩૧૦
15 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૩૩૪, પૃષ્ઠ ૩૧૯
16 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૪૧૧, પૃષ્ઠ ૩૫૪
17 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૩૬૮, પૃષ્ઠ ૩૨૮
18 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૩૯૮, પૃષ્ઠ ૩૪૬
19 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૫૮, પૃષ્ઠ ૧૮૪
20 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૩૯૮, પૃષ્ઠ ૩૪૭
21 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૪૦૦, પૃષ્ઠ ૩૪૯
22 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, હાથનોંધ ૧, પૃષ્ઠ ૮૦૧
23 શ્રીમદ્ રાજચંદ્ર, દશમી આવૃત્તિ, પત્રાંક ૪૧૪, પૃષ્ઠ ૩૫૫

# તત્ત્વચિંતન અને સમ્યક્દર્શન

સુરેશ શાહ

તત્ત્વચિંતન જેને અંગ્રેજીમાં ફીલોસોફી કહેવાય, તે ખૂબજ મનનપૂર્વક તર્કની સહાયથી, વિનય અને વિવેક સાથે સત્ય જાણવાની પ્રક્રિયા છે. તત્ત્વ એટલે પદાર્થનું રહસ્ય અથવા તેના સારને જાણવો. દ્રવ્ય એટલે વસ્તુના કે પદાર્થના ગુણ તથા પર્યાયની જેણે સમજણ પ્રાપ્ત કરી છે અને વચનોથી દ્રવ્ય માટે શંકાનું સમાધાન થાય તે તત્ત્વચિંતક છે. તીર્થંકર મહાવીરસ્વામી મહાન તત્ત્વચિંતક હતા. તેમના બોધવચનો, દેશનારૂપે ગણધરોએ આગમ શાસ્ત્રમાં પ્રગટ કર્યા છે. જે જૈન ધર્મનો સાર છે. જીન એટલે ભગવાન અને જૈન એટલે ભગવાનનો શિષ્ય, તેનો ધર્મ વસ્તુના (આત્મદ્રવ્ય) સ્વભાવને જાણી અખંડ સુખની પ્રાપ્તિ કરવી એવો ભગવાનના બોધનો સાર છે. આત્મા પરમાત્માપદની પ્રાપ્તિ કરી, મોક્ષ એટલે સિધ્ધલોકમાં સ્થિતિ કરે. એમ તીર્થંકર મહાવીરસ્વામીના આત્માએ શુદ્ધસ્વરૂપ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, નિર્વાણને પ્રાપ્ત કરી, સિધ્ધલોકમાં સ્થિતિ કરી.

સમ્યક્દર્શન એટલે આત્માના પર્યાય જ્ઞાનગુણથી તેના સ્વસ્વરૂપનો અનુભવ છે. રત્નત્રયી એટલે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર છે. જ્યારે શુદ્ધ આત્મા પોતાના સ્વસ્વરૂપમાં અખંડ સ્થિતિ કરી, પોતાના સહજ આનંદ, અવ્યાબાધ સુખ સ્વભાવનો અખંડ અનુભવ કરે છે ત્યારે આત્મદ્રવ્યના પર્યાય જ્ઞાન, દર્શન અને ચારિત્રગુણ એક જ સમયે પ્રગટ હોય છે તે રત્નત્રયીની પ્રાપ્તિ છે. તેથી રત્નત્રયી પ્રાપ્ત કરવા માટે પહેલા સમ્યક્દર્શનની જરૂર છે.

વીતરાગપ્રભુ તીર્થંકરદેવનો બોધ આગમશાસ્ત્રમાં પ્રગટ છે. શ્વેતાંબર માન્યતા પ્રમાણે ૪૫ આગમ છે, જેમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂળ, ૬ છેદ, ૧૦ પયત્રા અને ૨ ચુલીકાનો સમાવેશ છે. સ્થાનકવાસી માન્યતા પ્રમાણે ૩૨ આગમ છે. જેમાં ૪ છેદ અને ૧ આવ્યશક છે. પયત્રા અને ચુલીકા નથી અને અંગ, ઉપાંગ મૂળ શ્વેતાંબર માન્યતા પ્રમાણે છે. દિગંબર માન્યતા પ્રમાણે આગમ શાસ્ત્ર હતા પણ તેમના વ્યવચ્છેદ થઈ જવાથી પરમાગમ તથા બીજા શાસ્ત્રોને આગમ જેવું મહત્ત્વ આપે છે. પરમાગમ એટલે પાંચ શાસ્ત્ર કુંદકુંદાચાર્યે લખેલા છે. જેમાં સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય અને અષ્ટપાહુડનો સમાવેશ થાય છે. સર્વ આગમશાસ્ત્ર માગધી, સંસ્કૃત ભાષામાં લખ્યા હોવાથી તત્ત્વચિંતન માટે ભાષાજ્ઞાન હોવુ ખૂબ જરૂરી છે. આ કાળમાં શ્રીમદ્ રાજચંદ્ર ગુજરાતીમાં લખે છે કે

''જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન
અવલંબન શ્રી સદ્ગુરૂ, સુગમ અને સુખખાણ.''

તેથી આગમ સમજવા માટે સત્પુરૂષની જરૂર છે. સદ્ગુરૂ જેમણે વીતરાગપ્રભુના બોધને આધારે આત્મઅનુભવ કર્યો છે. સ્વસ્વરૂપની સ્થિતિ કરી છે અને જેમને શાસ્ત્રની ઉંડી સમજણ પ્રાપ્ત કરી છે તેવા જ સદ્ગુરૂ શિષ્યને જ્ઞાન આપી શકે. સમકિત કરાવી શકે.

વીતરાગપ્રભુનો બોધ મુખ્યત્વે બે પ્રકારે છે. સિધ્ધાંતબોધ અને ઉપદેશબોધ છે. સિધ્ધાંતબોધમાં દ્રવ્ય-પદાર્થનું સિધ્ધ થયેલ સ્વરૂપ સમજાવ્યું છે. વીતરાગપ્રભુના સિધ્ધાંતબોધમાં સ્યાદવાદની દ્રષ્ટિ હોવાથી, ત્રણે ફીરકાઓ અને અનેક વાડાના વિદ્વાન આચાર્યો, જૈન ધર્મના મૂળભુત સિધ્ધાંતમાં, એક જ વિચારધારાને વળગી રહ્યા. આના પરિણામ રૂપે ૨૫૦૦ વર્ષ પછી પણ સિધ્ધાંતિક એકતા હોવાથી જૈન સમુદાયમાં મુખ્ય વિચારધારામાં તિરાડ નહીં પડી પણ જુદા જુદા આચાર્યોએ જે ઉપદેશ આપ્યો તે પ્રમાણે શ્રાવક-શ્રાવિકાએ ગૃહસ્થદશામાં ઉપદેશને પોતાના આચરણમાં મૂકી જૈન ધર્મ સમજવાનો અથાગ પુરૂષાર્થ કર્યો છે.

જૈન ધર્મના મુખ્ય સિધ્ધાંત મારી સમજ પ્રમાણે આપને જણાવું છું. સૌથી પ્રથમ ૬ દ્રવ્ય છે. જે જીવ (આત્મા), અજીવ (પુદ્ગલ જડ), ધર્મ (ગતિ), અધર્મ (સ્થિતિ), આકાશ (લોક, આલોક) તથા કાળનો સમાવેશ છે. આકાશમાં ત્રણલોક એટલે દેવલોક, મધ્યલોક, અધોલોક અને સિધ્ધલોકનો સમાવેશ થાય છે. અને આલોકમાં શુન્યતા છે. ત્રણલોકમાં જીવ તથા પુદ્ગલ દ્રવ્ય ગતિ અને સ્થિતિની સહાયથી આવાગમન કરે છે અને દ્રવ્યના ગુણ અને પર્યાય તે કાળદ્રવ્ય હોવાનું પ્રમાણ આપે છે. કાળદ્રવ્ય એક પ્રદેશાત્મક છે તથા મીલનસાર નથી.

(૨) પંચાસ્તિકાયઃ પાંચ દ્રવ્ય જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશમાં આકાશ અનંત પ્રદેશાત્મક, જીવ-ધર્મ અને અધર્મ અસંખ્ય પ્રદેશાત્મક તથા પુદ્ગલ એક પ્રદેશાત્મક મીલનસાર દ્રવ્ય છે. આ પાંચ દ્રવ્યના અસ્તિત્વથી ત્રણલોકની ઉત્પત્તિ છે.

(૩) નવતત્ત્વઃ દિગંબર માન્યતા પ્રમાણે ૯ તત્ત્વ છે. નવ તત્ત્વ જીવ, પુદ્ગલ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, અને મોક્ષ છે. દિગંબર માન્યતા પ્રમાણે પુણ્ય તથા પાપ તે આશ્રવમાં સમાય છે. જીવનો પુદ્ગલ કર્મ સાથેનો સંબંધ તથા તેનો પર્યાય તે બીજા રહેલા ૭ તત્ત્વની સમજણથી પ્રાપ્ત થાય છે.

(૪) ૬ પદઃ આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મ કર્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષના ઉપાય છે, તે આત્મા હોવાનું પ્રમાણ છે તથા આત્મા જન્મ-જરા-મરણના દુઃખોથી મુક્ત

થઈ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ કરી શકે છે.

(૫) ૪ યોગઃ ધર્મકથાનુયોગ, દ્રવ્યાનુયોગ, કરૂણાનુયોગ અને ચરણાનુયોગ. તે ધર્મકથા, દ્રવ્યપ્રમાણ, પુદ્‌ગલ દ્રવ્ય કર્મના સિધ્ધાંત તથા ધર્મ પામવા માટે સંયમિત આચરણ જીવનમાં કેમ કરવું તેની સમજણ છે.

(૬) ૧૪ ગુણસ્થાનકઃ મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરતી સમ્યક્‌દર્શન, દેશવિરતી, પ્રમતીસયંત, અપ્રમતીસયંત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મ સંપરાય, ઉપશમ, ક્ષીણ મોહસ્થાન, સયોગી અને અયોગી કેવળજ્ઞાન છે. ૧૪ ગુણસ્થાનક તે આત્મઅનુભવ તથા અજ્ઞાનદશામાંથી જ્ઞાનદશા અને અંતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ તે આત્માની જ્ઞાન તથા ગુણવૃદ્ધિનું બેરોમીટર છે. આત્મા પરમાત્માપદની પ્રાપ્તિ કરે ત્યારે મુમુક્ષુએ જ્ઞાનયાત્રામાં કેવા ગુણસ્થાનકે વટાવી એટલે પ્રાપ્ત કરી, છેવટે મોક્ષની પ્રાપ્તિ કરે, તેનો સ્વઅનુભવ કરીને વીતરાગપ્રભુએ બોધ આપ્યો છે.

તેથી સિધ્ધાંતબોધમાં કેંદ્રબિંદુ જીવદ્રવ્ય - આત્મા છે. આત્માના ગુણ, પર્યાય અને પરદ્રવ્યના પણ જાણવા જરૂરી છે. પરદ્રવ્યને જાણવાથી જ આત્માનું શુદ્ધસ્વરૂપનો પૂર્ણ અનુભવ અને ગુણ, પર્યાયની વિશેષતા સમજાય છે. ઉપદેશબોધમાં કેંદ્રબિંદુ મિથ્યાત્વ છે. આત્મા દેહ તે હું છું તેવું અનાદીકાળથી મિથ્યાત્વ માન્યતા ધરાવે છે. વૈરાગ અને ઉપશમ બોધના આધારે દેહ અને આત્મા એટલે જીવ અને પુદ્‌ગલ બે જુદા દ્રવ્ય છે તેવું જ્ઞાન થઈ શકે છે. સિધ્ધાંતબોધના આધારે જીવને, મનુષ્યને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. સમકિતની પ્રાપ્તિ થાય તો અવિરતીસમ્યક્‌દર્શન થવાથી મોક્ષ નિશ્ચિત થાય છે. ઉપશમબોધમાં જુદા જુદા ફીરકાની આચરણ પદ્ધતિમાં ફેરફાર હોવાથી ગૃહસ્થ તથા સાધુ જીવનમાં સંયમનું પાલન જુદું છે પણ વિશાળ બુદ્ધિથી વિચાર કરીએ તો વૈરાગ અને ઉપશમના આધારે મિથ્યાત્વ દૂર થઈ દેહ અને આત્મા જુદા દ્રવ્ય છે એવી શ્રદ્ધા માન્યતા, દ્રઢતા અને પ્રત્યક્ષ અનુભવ મનુષ્યને થઈ શકે એવા લક્ષનો જ બોધ છે.

ઉપદેશબોધ મારી સમજ પ્રમાણે જણાવું છું.

(૧) પાંચ મહાવ્રતઃ સાધુ માટે મહાવ્રત, ગૃહસ્થ માટે અણુવ્રત છે. સત્ય, અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય અને અચૌર્ય છે. આ વ્રતનું પાલન કરવાથી વિનય, વિવેક, કરૂણા, સંતોષ, અધિકાર જેવા ગુણોની પ્રાપ્તિ સહજતાથી થાય છે.

(૨) આઠ કર્મઃ તેમાં ચાર ઘાતિયાનો ક્ષય થઈ શકે અને ચાર અઘાતિયા છે તે આયુષ્ય પુરૂ થાય ત્યારે ક્ષય થાય છે. ૪ ઘાતિયા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય છે. ૪ અઘાતિયા નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય છે. સત્‌પુરૂષના અનુભવસિદ્ધ વચનોમાં મુમુક્ષુ શ્રદ્ધા કરે, સત્‌સંગ, ભક્તિથી ચિત્તમાં ત્યાગ, વૈરાગની ભાવના આવે તો મોહનીયકર્મ પાતળા પડે, અંતરાય ધીરે ધીરે દૂર થાય અને નિર્મળ આત્મા જ્ઞાનદશાનો અનુભવ કરે.

(૩) અઢાર પાપસ્થાનકઃ આ પાપસ્થાનકથી જીવ દૂર થાય ત્યારે પુણ્યનું નિમિત્ત પ્રગટ થાય છે. તે પ્રાણાતીપાત, મૃષા, પરિગ્રહ, અદ્ઘાતાદાન, અબ્રહ્મચર્ય, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખાન, પૈશુન, પસરિવાદ, રતિ-અરતિ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શન છે. આ પાપ સ્થાનક માટે રોજ આલોચના, પ્રતિક્રમણ કરી પાપના દુઃખોથી આત્મા મુક્ત થાય તેવી ભાવના કરવી.

(૪) બાર ભાવનાઃ આ બાર ભાવનાઓ મુમુક્ષુ ભાવે તો સંસાર અનિત્ય છે તેથી જ્ઞાનસ્વરૂપી આત્માએ અશરણ થઈને અશુચિથી ભરેલા દેહને જાણી લોકનું સ્વરૂપ જાણી, સત્યધર્મને ગ્રહણ કરી, સદ્‌ગુરૂના બોધમાં શ્રદ્ધા રાખી અવ્યાબાધ સુખ મોક્ષની પ્રાપ્તિ કરી શકે. તે ભાવનાઓ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, બોધીદુર્લભ અને ધર્મદુર્લભ છે.

(૫) આઠ દ્રષ્ટિ : આ આઠ દ્રષ્ટિ આત્માની નિર્મળતાનું બેરોમીટર છે. તે મૈત્રી, તારા, બલા, દિપ્તા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા છે. છેલ્લી દ્રષ્ટિમાં પરા એટલે પરાભક્તિ આત્મા-પરમાત્માનું એકરૂપ થઈ જવું છે.

જૈન ધર્મનો એક સિધ્ધાંત તે જગતનાં કોઈપણ બીજા ધર્મમાં નથી તે અનેકાંતવાદ છે. તે સ્વતભંગીમાં દર્શાવ્યો છે. (૧) સ્યાદઅસ્તિ (૨) સ્યાદનાસ્તિ (૩) સ્યાદઅસ્તિ-નાસ્તિ (૪) સ્યાદઅવ્યક્તમ (૫) સ્યાદઅસ્તિ અવ્યક્તમ (૬) સ્યાદનાસ્તિ અવ્યક્તમ (૭) સ્યાદઅસ્તિનાસ્તિ અવ્યક્તમ છે. તેથી આત્મા નિત્ય, અનિત્ય, પરિણામી, અપરિણામી, સાક્ષી અને સાક્ષીકર્તા છે એમ સ્યાદવાદની દ્રષ્ટિથી જણાય છે.

દેવ, ગુરૂ, શાસ્ત્ર એટલે તીર્થંકરદેવની વાણી, શાસ્ત્રબોધ અને સદ્‌ગુરૂના અનુભવસિધ્ધ વચનોની શ્રદ્ધાથી, ચિંતન કરવાથી સમકિત સમ્યક્‌દર્શન, આત્માની અનૂભુતિ થઈ શકે તો મોક્ષ, મુક્તિ શક્ય છે.

સમ્યક્‌દર્શનઃ નિશ્ચયથી સમકિતનું લક્ષ હોય અને વ્યવહારમાં સદ્‌ગુરૂના અનુભવસિધ્ધ વચનમાં શ્રદ્ધા હોય, વીતરાગપ્રભુનો બોધ, સદ્‌ગુરૂની આજ્ઞાપ્રમાણે આચરણમાં મુમુક્ષુ મુકે તો માર્ગાનુસારી થઈ શકે. આ કાળમાં સદ્‌ગુરૂ શ્રીમદ્‌ રાજચંદ્રે વીતરાગ પ્રભુનો બોધ, સરળ ગુજરાતી ભાષામાં અમુલ્ય વચનો દ્વારા, મોક્ષમાળા, ભાવનાબોધ, ૬ પદનો પત્ર, આત્મસિધ્ધિશાસ્ત્રમાં પ્રગટ કર્યો છે. તેની ભક્તિ માટે વીસ દોહરા, યમ-નિયમ જેવા કાવ્યો અને ક્ષમાપનાનું રોજ નિયમથી રટણ કરવાથી આત્માની નિર્મળતા થાય છે. આત્માનો સૌથી મોટો ગુણ તે જ્ઞાનગુણ છે.

આત્માની અજ્ઞાની દશા અથવા જ્ઞાનીદશા તે પર્યાયને આધારે છે. અજ્ઞાનીદશામાં દેહ તે હું છું તેથી જીવ જન્મ-જરા-મરણ અનંત ભવ કરી અનંત દુઃખ ભોગવે છે. જ્ઞાનીદશામાં જીવ-આત્મા પોતાના સ્વસ્વરૂપદશામાં સ્થિતિ કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ એટલે અનંતકાળ સિધ્ધલોકમાં સ્થિતિ કરી અવ્યાબાધ સુખને ભોગવે છે. રાગ-દ્વેષનો ક્ષય થવાથી, સમભાવમાં જે મુમુક્ષુ સરળ, મધ્યસ્થ, વિશાળ બુદ્ધિથી અને જીતેન્દ્રીયપણું ધરાવતો હોય, તે મૈત્રી, કરૂણા, પ્રમોદ અને મધ્યસ્થભાવ સાથે સદ્‌ગુરૂના બોધને આધારે, વીતરાગપ્રભુને કૃપાપાત્ર શિષ્ય બને છે. તે શિષ્ય આત્માના પર્યાય દર્શનજ્ઞાનનો અનુભવ કરે છે.

વર્તમાન સમયમાં પણ પ્રત્યક્ષ સદ્‌ગુરૂની પ્રાપ્તિ બીજા બધા કાળની જેમ દુર્લભ છે. પણ મુમુક્ષુની યોગ્યતાના બળે થઈ શકે. મુમુક્ષુના નેત્રો સદ્‌ગુરૂને ઓળખી લે છે. જે સદ્‌ગુરૂને વીતરાગપ્રભુ મહાવીરસ્વામીના ધર્મનો સાચો બોધ આપે છે. અને આત્માના સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે છે. તેવા સદ્‌ગુરૂની કૃપાથી માર્ગાનુસારી મુમુક્ષુને સમકિતની પ્રાપ્તિ થાય છે.

❑❑❑

મો. ૯૧૬૭૭૮૨૮૮૪

---

## સપ્તરંગી જીવન

સૂર્યનું કિરણ ભલે સફેદ દેખાતું હોય, પણ તે સાત રંગનું બનેલું હોય છે. તેમાં મુખ્ય ત્રણ, તે લાલ - પીળો અને વાદળી; બાકીનાં ચાર એકમેકમાં ભળવાથી બન્યા હોય છે; જેમકે પીળા રંગમાં લાલ ભળતાં આપણને નારંગી રંગ મળ્યો જે ભગવો કે કેસરી તરીકે ઓળખાયો અને એ રંગના કપડાં સંતો, મહંતો અને સાધુ-સંન્યાસીઓ પહેરતા થયા.

કાશ્મિર જેવા ઠંડા પ્રદેશમાં થતું કેસર પણ કેસરી રંગનું, સુગંધી - ફૂલોના તાંતણા કે જે પેંડા બરફી કે પછી શ્રીખંડ - દૂધપાક જેવી વાનગીમાં વપરાય.

ઉપરોક્ત સાતેય રંગ અંગ્રેજીમાં VIBGYOR 'વિબ્ગ્યોર' તરીકે ઓળખાય તેમાં Violet, Indigo, Blue, Green, Yellow, Orange and Red.

આ સાતેય રંગ એકમેકમાં વત્તે ઓછે અંશે ભળતાં પોપટી, આકાશી અને રાખોડી રંગ પણ બને. જાંબુડિયા રંગ સૌને આકર્ષે. તપખિરી અને કથ્થઈ રંગની પણ આભા અનેરી.

'સરસ્વતીચંદ્ર'માં નાયક જાતે રંગાયા વિના કનૈયાનાં રંગ જોવાની હિમાયત કરે છે. માણસ ક્રોધ કરે છે ત્યારે તેના ચહેરાનો રંગ લાલ - લાલ થઈ જાય છે. શરીરનું બધું લોહી ત્યાં ધસી જાય છે. જ્યારે ઉદાસ વ્યક્તિનો ચહેરો ફિક્કો લાગે છે. તેનાં પરથી નૂર - તેજ ચાલ્યું ગયું હોય છે. હસતી મોટી વ્યક્તિનાં ગાલ, ગુલાબી રંગના જોવા ગમે છે. શ્રી કૃષ્ણ વર્ણે શ્યામ હોવા છતાં દેખાવે રૂપાળા, સુંદર અને આકર્ષક હતા. તેમનાં ચહેરા પર પુરૂષાર્થનું તેજ કાયમ રમતું હતું. તેઓ જ્યારે હસતા ત્યારે, દાડમની કળી જેવા તેમાનં દાંત અને હોઠ ખીલી ઊઠતાં. તેમનો શ્યામ રંગ પણ કેવો? તો કહે, 'આકાશનાં કાળાં વાદળ જેવો - ઘનશ્યામ. કાળાં જાંબુ, રીંગણાં અને કાળી ખજૂર તેની ઓળખ.

કોલસાનો રંગ કાળો હોવા છતાં તેને બાળવાથી તેનો કાર્બન નડી જતો હોઈ તેની રાખ (Ash) સફેદ અને કાળા રંગનાં મિશ્રણ સમી બની રહે. જે શરીરનું રક્ષણ કે રાખ, ભભૂતિ. ગીરનાં જંગલોમાં રહેતા નાગબાવાઓ કાયમ પોતાનાં શરીરને રાખ ચોપડે. રાખનો એક અર્થ 'keep it' પણ થાય. જો કે આજે તો રાંધણગૅસના જમાનાની નવી પેઢીને રાખ પણ વાગ્યે જ જોવા મળે.

આકાશમાં, ઔકાશમાં, બ્રહ્માંડમાં, ખૂબ ઊંડે એક શ્યામ-ગર્ભ (black hole), તેમાં છેવટે બધી જ વસ્તુઓ - તારાના - ગ્રહોના ભંગાર સમય જતાં માનવામાં આવે છે. આ સંદર્ભે કાળા રંગનું પણ મૂલ્ય છે. શરીરને જેટલી જરૂર સફેદ કે શ્યામની તેટલી જ જરૂર કાળા કાર્બનની રહે. આ આફ્રિકા જેવા ગરમ ભૂખંડની પ્રજાની ચામડીનો રંગ કાળો, તો યુરોપના ઠંડા દેશની પ્રજાનો શ્વેત જોવા મળે. તો વળી ચાઈનીઝ અને જાપાનીઝ કંઈક અંશે પીળા દેખાય, 'કમળો' રોગમાં શરીર - દ્રષ્ટિ આદિ પીળા પડે! કમળો થાય તેને બધું જ પીળુ પીળુ દેખાય, ભલે તે ના હોય! કહેવત છે કે, 'જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ'. કેટલાકને તો વળી colour blindness આવે છે કે જે રંગને ઓળખી પણ શકે! એ કેવું?

**હરજીવન થાનકી,**
**પોરબંદર,**
**તા. ૮-૮-૧૭**

# પથારો

## ગુલાબ દેઢિયા

**સં**સ્કૃત ભાષા ખરી ગજબની છે. એક એક શબ્દનો જબરો પ્રભાવ પડે. 'પસ્તાર' બોલો કે સાંભળનારની આંખ પહોળી થઈ જાય પણ 'પથારો' બોલ્યા તો મોં ચડી જાય! પથારો શબ્દ તમે છેલ્લે ક્યારે સાંભળ્યો છે? આ શબ્દ સાંભળવાનો નથી, અનુભવવાનો છે, સામે જ છે.

બધું આડેધડ, અસ્તવ્યસ્ત વિખરાયેલું પડ્યું હોય, કોઈ વ્યવસ્થા, નિયમ કે શિસ્તનું નામ ન હોય. બધું મોં માથા વગરનું અડાબીડ લાગે. તેને જોઈને કોઈને અણગમો થાય કે સૂગ ચડે. એવું થવાનું બધાની રુચિ એક સરખી ક્યાંથી કાઢવાની?

જે આ પથારાનો જીવ હોય, એની વચ્ચે બેઠો હોય જગા કરીને માંડમાંડ એને પૂછજો કે પથારો કેવો માયાળુ ખોળો છે! પથારો એક દિવસમાં ખડકાતો, ઠલવાતો, વિલસતો કે સર્જાતો નથી. એ તો ટીપે ટીપે સરોવર ભરાય એમ સમયની સંગાથે આવી મળે છે. તળે ઉપર ઢંગધડા વગરનું ભલે લાગે પણ એનો મિજાજ નોખો છે.

ગોઠવણી, સજાવટ, વ્યવસ્થા, શિસ્ત, શણગાર ક્યાંક શોભતા હશે એની ક્યાં ના છે, પણ પથારાની પણ બે ટકા ઈજ્જત છે. આગવી ઓળખ છે. મોભો છે. વેરવિખેર આ રજવાડા વચ્ચે કામ કરવાની, કામમાં ઊંડા ઉતરવાની એમાં ઓગળી જવાની મજા પણ માણવા જેવી ખરી હોં!

મોટર મિકેનિકથી લઈને મ્યુઝિશીયન, સુથારથી લઈને શિલ્પી, દરજીથી લઈને ચિત્રકાર, લુહારથી લઈને લેખક, કુંભારથી લઈને કલાકાર, લ્યો ટૂંકમાં કહો તો કોઈપણ કારીગર, કમાગર, કસબી કે સર્જકને આ પથારાની સંકળાશમાં મોકળાશ મળે છે. જેને કંઈ રચવું છે, ઘડવું છે, ઘાટ ઉતારવો છે, માંયલી કોર જે ઘેરાયેલું ગોરંભાયેલું છે એને ઉતારવું છે તે આ પથારામાં ઠરવાનો.

ગોઠવેલાં, નવાં નકોર, એક જ માપનાં, ક્રમબદ્ધ સજાવેલાં મોંઘાં પુસ્તકો શોભે જરૂર પણ સતત વંચાતાં, આડાઅવળાં મૂકેલા બાઈન્ડીંગથી થોડા અલગ પાનાં થતાં, જીર્ણતા તરફ ડગ ભરતાં, નિશાની કરેલાં, મમતાભર્યા હાથનો સ્પર્શ પામતાં, છાતીએ ચડી બેસતાં, શ્વાસને ઓળખતાં પુસ્તકો તો ખૂણેખાંચરે, સાંકડેમાંકળે પણ મહેંકી ઊઠે, વહાલાં લાગે.

પથારામાંથી કઈ જણસનો ક્યારે ખપ પડશે એનો કોઈ નેઠો હોતો નથી. નાની કે મોટી બધી જ વસ્તુઓ વર્કશોપમાં ખુલકતથી રહેવાની ને વધવાની. ઘટવાનું, હટી જવાનું, હટી દેવાનું અહીં કોઈને આવડતું જ નથી. અહીં પરિગ્રહ અનુગ્રહ બને છે. અહીં સમય પોતે અલસવેળા બનીને બેઠો રહે છે.

પથારામાં વિરોધાભાસ જેવું કાંઈ નથી. આ કામનું આ નકામું, આ નવું, આ જૂનું એવા ભાગલા નથી. અગવડો ઠાઠથી જાનૈયાની જેમ મહાલે છે. ક્યારેય પણ કંઈ પણ ક્યાંયથી આવી મળશે એવી હૈયાધારણા છે.

અગવડ-સગવડ વચ્ચે બહેનપણાં છે. અન્યને લબાચો લાગે, જે અહીં ઠરીને કામ કરે છે. મન ઠાલવે છે. એને માટે તો અઠે દ્વારકા છે. કુંજગલી દૂર નથી. અધૂરૂં પુરૂં એવી માપણીનું પોતાનું માપ નીકળી જાય એવી અહીં સાહેબી છે.

એક જ કૃતિ છે જે રચાતી રહે છે. અધૂરપ લાગે એ તો પેલા કસબીનું બડભાગ્ય છે. ન એ પથારાને છોડે છે ન પથારો એને. ઓજારની ફાવટ બધી ભાવટ ભાંગે છે. ક્યારેક તો પેલી જણસો શોધકર્તાને મળવા ટાપીને બેઠી હોય છે. આ અંધારે ખૂણે અજવાળું ગમે ત્યારે થઈ ઊઠે છે.

સાધન, ઓજાર, આવડત, વિચાર, વલણ, તરંગ, સ્મરણ, સ્ફૂરણ, સ્વપન શું શું નથી અહીં? ચોપડાથી ચડી જાય એવી ચબરખી ક્યારેક હાથ લાગી જાય છે. પથારામાં નિરાંત પગ વાળીને જે બેઠી છે. ઉતાવળ તો બહાર ક્યાંક છેટે ઊભી છે.

કુંભારના ચાકડાનો કે ચિતારાની રંગપેટીનો તાગ ક્યાંથી મળે? કપડાં ખંખેરીને અહીં ઊઠવાનું હોતું જ નથી.

કારીગર વિરમે છે ત્યારે પથારો ભેગો જ મુરઝાય છે. પછી એનો ખપ નથી રહેતો. એને ઉસેટવો પડે છે. એ જગા, એ ખાંચો, એ બેઠક, એ ખૂરો, એ ધૂણી, એ કોઢ, એ ઢાળિયું, એ મેજ હળવાશમાં ભળી જાય છે. અધૂરપથી આરંભાય છે અને અધુરપમાં અટકે એ તો પથારાની અને અહીં બેસનારની નિયતિ છે. પથારામાં બેઠક લેનાર થોડુંક ભેગું લઈ જાય છે, થોડુંક મૂકતો જાય છે. પછી એ અણઉકેલ્યું રહે છે.

લાગે છે પથારો વધે છે થોડો સંકેલીએ...

❑❑❑

૧૮/૬૪, મનીષ કાવેરી,
મનીષનગર, ચાર બંગલા,
અંધેરી (પ.), મુંબઈ - ૫૩.
મો. ૯૮૨૦૬૧૧૮૫૨

# માનવ થઈને જીવીએ..

નટવરભાઈ દેસાઈ

ઈશ્વરે આપણને સૌને અમૂલ્ય માનવ દેહ આપ્યો છે તે આપણા ઉપર ઈશ્વરની મોટી કૃપા છે. આ બ્રહ્માંડમાં લાખો જીવો છે પરંતુ મનુષ્ય દેહ એક જ એવો છે કે જેને ઈશ્વરે વિનય, વિવેક, સંવેદના અને શું સારું, શું ખરાબ તે બુદ્ધિપૂર્વક નક્કી કરવાની શક્તિ આપી છે. અન્ય જીવોમાં આવી સમજણ કે સંવેદના આપેલ નથી. આને કારણે મનુષ્ય અવતારને શ્રેષ્ઠ કહેલ છે. આવી અદ્‌ભુત શક્તિઓ માનવને ઈશ્વરે આપી છે અને જો તેનો સાર્થક રીતે ઉપયોગ થાય તો માણસ ઈશ્વર સુધી પહોંચી શકે. આવી જ અપેક્ષાથી ઈશ્વરે મનુષ્યનું સર્જન કર્યું, પરંતુ મનુષ્યનું સર્જન કર્યું, પરંતુ મનુષ્ય ઈશ્વરની અપેક્ષાઓને ભૂલી સ્વચ્છંદ રીતે વર્તવા લાગ્યો અને દિવસે દિવસે તે માનવ મટીને પશુ જીવન જીવતો થયો. આજનો આપણો સમાજ બધાં જ નૈતિક મૂલ્યો ભૂલીને પોતાના સ્વાર્થ અને લોભને કારણે સમાજને અધોગતિ પ્રત્યે લઈ ગયેલ છે. બળાત્કાર, વ્યભિચાર, ભ્રષ્ટાચાર અને એકબીજા પ્રત્યેના વેરઝેરને કારણે અત્યારનો સમાજ આવા દુર્ગુણોથી ખદબદી રહેલ છે. માણસ પૈસા, સત્તા તથા ખોટાં વ્યસનો માટે કોઈપણ દુષ્કૃત્ય કરતો હોય છે. બહુ જ થોડા લોકો માનવ તરીકેની પોતાની ફરજ અથવા પોતાની શક્તિઓ સમજે છે અને તેમનું જીવન સાર્થક કરે છે.

હાલમાં જે પરિસ્થિતિ છે તેને ધ્યાનમાં રાખીને 'માનવ થઈને જીવીએ' તેને માટે માણસે જીવનમાં શું કરવું જોઈએ તે બાબતનું એક કાવ્ય લખવાની પ્રેરણા થઈ અને તે મુજબ આ કાવ્ય લખાયું. આશા છે આમાંથી પ્રેરણા લઈ અત્યારની પરિસ્થિતિમાં થોડો સુધારો થાય તેવી અપેક્ષા આ લેખકની છે.

## માનવ થઈને જીવીએ

ઈશ્વરના સંતાન સૌ આપણે,
કરીએ એવું કંઈક, એકબીજાને ગમીએ,
ભૂલી ભૂલચૂકના ગણિત એકમેકના,
માનવ છીએ આપણે,
માનવ થઈને જીવીએ..૧

હાથમાં હાથ આપી એકબીજાને,
હૈયું પણ આપી દઈએ,
અરસપરસની સંવેદનાને ઝીલીએ,
માનવ છીએ આપણે,
માનવ થઈને જીવીએ..૨

જીવન આ ક્ષણભંગુર,
અણગમતું ન કરીએ કાંઈ,
સૌને સાથે હળીમળીને, પ્રેમાનંદ સંગાથે રહીએ,
માનવ છીએ આપણે,
માનવ થઈને જીવીએ..૩

માનવ દેહ અમૂલ આ,
જેમ તેમ ના વેડફીએ,
જીવી સમજણપૂર્વક, જીવન સાર્થક કરીએ,
માનવ છીએ આપણે,
માનવ થઈને જીવીએ..૪

મારું તારું મૂકીને આપણું કરતાં શીખીએ,
ભેદ ભૂલી ઉચ્ચ નીચના,
અનુસરીએ અવાજ અંતરના,
માનવ છીએ આપણે,
માનવ થઈને જીવીએ..૫

નહીં અભરખો વિદાય વેળાએ,
સાર્થક જીવનની છેલ્લી પળે,
ખુશીથી પ્રભુ સન્મુખ થઈએ,
માનવ છીએ આપણે,
માનવ થઈને જીવીએ..૬

અંશ સૌ આપણે ઈશ્વરના,
જીવન મંત્ર આ સમજણનો,
વર્તનમાં મૂકી જીવન જીવી જઈએ,
માનવ છીએ આપણે,
માનવ થઈને જીવીએ..૭

❑❑❑

### છપ્પા

તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં
તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોય ન પોહોંચ્યાં હરિને શરણ
કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન

◆◆◆

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત

◆◆◆

આંધળો સસરો ને શણગટ વહુ, એમ કથા સાંભળવા ચાલ્યા સહુ
કહ્યું કંઈ ને સમજ્યું કંઈ, આંખનું કાજળ ગાલે ઘસ્યું
ઊંડો કુવો ને ફાટી બોક, શિખ્યું સાંભળ્યું સર્વે ફોક

– અખો

# અષ્ટમંગલનું ઐશ્વર્ય

ભારતી બી. શાહ

### અષ્ટમંગલની સ્તુતિ

અષ્ટમંગલનાં આલેખન અને શ્રી સંઘને દર્શન કરાવતી વખતે નીચેની સ્તુતિ બોલવામાં આવે છે.

અષ્ટ મંગલ = મંગલ અષ્ટના દર્શને, સંઘનું મંગલ થાય;
વિઘ્ન ટલે કારજ સરે, શાશ્વત સુખ પમાય.

૧. સ્વસ્તિક = ચાર ગતિ ચોગાનમાં, ચાર ધર્મનો સાથ;
સ્વસ્તિકના આલેખને, રિદ્ધિ સિદ્ધિ સવિ હાથ.

૨. શ્રી વત્સ = લક્ષ્મી દેવીનો લાડકો, વક્ષ મધ્ય સોહાય;
સુખ સમૃદ્ધિ કારણે, નામ શ્રી વત્સ કહાય.

૩. નંદ્યાવર્ત = આનંદ મંગલ જેહથી, સીમાતીત પમાય;
ભવાવર્ત દૂર કરે, નંદ્યાવર્ત સહાય.

૪. વર્ધમાનક = વધે વધે નિત્ય વધે, પુણ્ય-યશ-અધિકાર;
વર્ધમાનક તેથી કહે, ધર્મ વૃદ્ધિ દાતાર.

૫. ભદ્રાસન = ભદ્ર ભદ્ર જે કરે, ભદ્રાસન મનોહાર;
દર્શનથી દુ:ખડા હરે, આત્મરાજ્ય દેનાર

૬. પૂર્ણ કળશ = અંતર્ઘટમાં જે કરે, મળશે મુક્તિની પાજ;
પૂર્ણ કળશ પૂરણ કરે, ભૌતિક આત્મિક કાજ.

૭. મીન યુગલ = જલ વિન મીન રહે નહિ, તેમ પ્રભુ તુજ પ્રતિ પ્રીત; મીન મંગલ આલેખતા, મળો મુજ એ શુભ ચિત્ત.

૮. દર્પણ = દર્પનાશ કરવા થકે, દર્પણ મંગલરૂપ;
નિર્મલ દર્શનથી થાય, આતમ દર્પણરૂપ.

મંગલ અષ્ટને વર્ણવ્યા, સંઘના મંગલ કાજ;
પ્રેમ - ભાનુ - જય - હેમરપા, દેજો મુક્તિનું કાજ

**ૐ હ્રીં શ્રી હૅં નમ:**

### અષ્ટ મંગલનો મહિમા

માનવજાત ગમે તેટલો બૌદ્ધિક વિકાસ સાધે, વૈજ્ઞાનિક પદ્ધતિથી કોઈપણ વાતને માન્ય રાખે તો પણ ક્યારેક ને ક્યારેક શ્રદ્ધા ને અંધશ્રદ્ધા વચ્ચે ઝોલા ખાતો હોય છે. દરેક માનવીને પોતાના દરેક કાર્યમાં ઈષ્ટફળની પ્રાપ્તિ થાય તેની જ ઝંખના હોય છે. પરંતુ પોતાની બધી જ ગણતરી ખોટી પડે ત્યારે તે લાચાર બની જાય છે અને શ્રદ્ધાપ્રેરિત થઈ ગમે તે વસ્તુ કરવા તત્પર બની જાય છે.

વ્યક્તિની શ્રદ્ધા જીવનમાં અનેક પ્રસંગ પર, અનેક સ્વરૂપમાં પ્રગટ થાય છે. જિનાલય - ઉપાશ્રયનાં ખાતમુહૂર્ત - શિલાન્યાસ જિનબિંબ પ્રતિષ્ઠા, પ્રભુ પ્રવેશ જેવા ધાર્મિક અવસર હોય કે પુત્ર-પુત્રી પરીક્ષા આપવા જતા હોય, ઉચ્ચ અભ્યાસાર્થે જતા હોય, પુત્ર-પુત્રીના વિવાહનો પ્રસંગ, દિકરો-વહુનો શ્રીમંત પ્રસંગ, કન્યા વિદાય, નવું ઘર લીધું હોય કે નવી દુકાન લીધી હોય ત્યારે કુંભ મૂકવા જેવા સંસારના અનેક પ્રસંગો દરેકે દરેકનાં ઘરમાં આવતા જ હોય છે, તે પ્રસંગો નિર્વિઘ્ને પાર પડે અને શુભ-મંગલની ભાવનાથી પ્રેરાઈને શુભ મુહૂર્ત, શુભ દિવસ, શુભ ચોઘડિયા વિ. વિ. ધ્યાનમાં રાખીને માંગલિક મંત્રોચ્ચાર સાથે દરેક કાર્યો કરવામાં આવે છે. એ સમયે પ્રસંગોચિત્ત ગોળધાણા, દહી, સાકર પેંડા જેવા ખાદ્ય પદાર્થોને પણ મંગલ માનીને આનંદોલ્લાસ સાથે સ્વજનોમાં વહેંચીને કે પ્રભાવના, પ્રસાદ રૂપે આપીને વાતાવરણમાં ઉત્સાહ - ઉમંગ પ્રસરે છે, ત્યારે આવા મંગલોને દ્રવ્યમંગલ કહેવામાં આવે છે અને જે માંગલિક સ્તુતિ બોલવામાં આવે છે તે ભાવમંગલ કહેવાય છે. જૈન ધર્મમાં કોઈપણ કાર્યનો પ્રારંભ કરતા પહેલા નવકારમંત્ર અને ગુરૂ ગૌતમ સ્વામીની સ્તુતિ ભાવ મંગલરૂપે બોલવામાં આવે છે. પૂ. ગુરૂ ભગવંતો માંગલિકનું શ્રવણ કરાવે છે.

આ રીતે સારા કાર્યનો શુભારંભ કરતા પહેલા સૌના પ્રત્યેની મંગલ ભાવના પ્રગટ થાય છે. ઘણીવાર ઘરની બહાર નીકળતા કુંવારી કન્યા સામે મળી જાય, કે ગાયના દર્શન થઈ જાય તો એ સારાં શુકન ગણાય છે. તેવી જ રીતે જૈન ધર્મમાં માનતા દરેક જૈનોના ઘરની બહાર બારસાખની ઉપર 'અષ્ટમંગલ'નું એક તોરણ જોવા મળે છે. દરેકે દરેક જિનાલયોમાં મૂળ ગભારાની બહાર 'અષ્ટમંગલ'નું તોરણ સુવર્ણ જડિત કે રજતનું જોવા મળે છે. ઘરના બધાં જ સભ્યો જ્યારે પણ ઘરની બહાર પગ મૂકે એટલે તરત જ 'અષ્ટમંગલ'ના દર્શન કરીને જ આગળ વધે છે, તેમ ઘરમાં પ્રવેશ કરતી વખતે પણ દર્શન કરીને દાખલ થાય છે. 'અષ્ટમંગલ' જે ઘરની બહાર લગાવેલું હોય તે ઘર જૈનોનું જ હોય તે એક આગવી ઓળખાણ છે. જૈન મહાભારતમાં પણ એવો ઉલ્લેખ કર્યો છે; રાજદરબારમાં જતા પહેલા મહારાજા યુધિષ્ઠિર માંગલિક દ્રવ્યોના કે વ્યક્તિના દર્શન કરતા.

જૈન ધર્મમાં ચોવીસ તીર્થંકર ભગવાનના લાંછનો, તેમના પ્રતિહાર્યો, તીર્થંકર ભગવાનની માતાને આવતા ચૌદ સ્વપ્નો, દેવ-દેવીઓના આયુધો, ઉપકરણો, વાહનો વગેરે મંગળમય માનવામાં આવે છે. તે તે વસ્તુની આકૃતિનું દર્શન શુકનવંતુ અને ઈષ્ટફલની પ્રાપ્તિ કરાવનાર મનાય છે. જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, હિંદુ

ધર્મ અને અન્ય ધર્મોમાં પણ મંગલ વસ્તુના દર્શનમાં લોકો શ્રદ્ધા ધરાવે છે.

સ્વસ્તિક, નંદાવર્ત, કળશ, ધ્વજ, સૂર્ય, ચંદ્ર, ગાય, વૃષભ, સિંહ, અશ્વ, સફેદ હાથી, કમળ, ફૂલની માળા, અંકુરા, ગોળ, દહીં, કુંભ, કંકુ, નાડાછડી, શંખ, રૂદ્રાક્ષ, અક્ષત, આસોપાલવના પાન, બિલિપત્ર, કેળના પાન, શ્રીફળ વિગેરે વિગેરે અનેક વસ્તુઓ મંગલ માનીને તેનો ઉપયોગ કરે છે.

બૌદ્ધ ગ્રંથ 'લલિત વિસ્તરા'માં વર્ણન છે કે તથાગત ભગવાન બુદ્ધ માટે સુજાતા જ્યારે ખીર બનાવવા દૂધ ઉકાળતી હતી ત્યારે દૂધના ઊંચા આવતા ઉભરામાં એને શ્રીવત્સ, સ્વસ્તિક, નંદ્યાવર્ત, પદ્મ જેવી આકૃતિઓ નિહાળવા મળી હતી.

આટલી બધી મંગલ વસ્તુઓ હોય તો વખત જતા એમાં પસંદગી કરવાના પ્રસંગો પણ ઉભા થાય. સમય જતા કાળક્રમે આઠ મંગલ વસ્તુઓનું મહાત્મ્ય વધી ગયું. આ આઠની સંખ્યાને સ્થિર કરવામાં જૈન ધર્મનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. અલબત્ત, આઠની સંખ્યા જ શા માટે? તેનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળતું નથી. આવી જ રીતે અષ્ટમંગલનો સામુહિક પ્રભાવ બે હજાર વર્ષ જૂના મથુરામાંથી જૈન આયાગપટ્ટમાંથી જોવા મળ્યો. પ્રાચીન જૈન હસ્તપ્રતોની બોર્ડરોમાં પણ સુશોભન હેતુ અષ્ટમંગલની આકૃતિ જોવા મળે છે. જે આજે પણ પ્રચલિત છે. કોઈપણ ધાર્મિક પ્રસંગો સમયે નીકળતી લગભગ દરેક પત્રિકાઓને ચારે બાજુ અષ્ટમંગલથી સુશોભિત કરવામાં આવે છે.

શ્વેતાંબર સંપ્રદાયમાં આજે પણ તેનો મહિમા છે. શ્વે. સાધુ-સાધ્વીજી ભગવંતોના રજોહરણમાં મંગલ સ્વરૂપ અષ્ટમંગલ આલેખનની પરંપરા છે. બધા જ જિનાલયોમાં અષ્ટમંગલની પાટલી જરૂરથી રાખવામાં આવે છે. ૨૪ તીર્થંકરોના ૨૪ લાંછનમાંથી ૪ લાંછન એવા છે જે અષ્ટમંગલમાં પણ જોવા મળે છે.

સાતમા સુપાર્શ્વનાથ ભગવાનનું સ્વસ્તિક લાંછન, દસમા શીતલનાથ ભગવાનનું શ્રીવત્સ લાંછન, અઢારમા અરનાથ ભગવાનનું નંદ્યાવર્ત અને ઓગણીસમા મલ્લિનાથ ભગવાનનું કુંભ લાંછન.

શ્રી રાયવસેણિય સૂત્ર, શ્રી ઔપપાતિક સૂત્ર, શ્રી જીવાજીવાભિગમ સૂત્ર, શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ, શ્રી જ્ઞાતાધર્મકથા, શ્રી ભગવતી સૂત્ર, આદિ આગમોમાં ભિન્ન ભિન્ન સંદર્ભમાં ઘણી વાર અષ્ટમંગલનો ઉલ્લેખ થયો છે.

શ્રી વિજયદેવે અને શ્રી સૂર્યાભદેવે શાશ્વત જિનપ્રતિમાની પૂજા અંતર્ગત પ્રભુ સમક્ષ અષ્ટમંગલ આલેખ્યા છે. દેવલોકના વિમાનોના તોરણમાં, જ્યાં પરમાત્માની દાઢાઓ સ્થિર થાય છે. માણેકસ્તંભ પર, શાશ્વત જિનાલયોની હારશાખ પર અષ્ટમંગલ હોય છે. ચક્રવર્તીઓ ચક્રરત્નની પૂજા કરે ત્યારે અષ્ટમંગલનું આલેખન કરે છે. આબુ-દેલવાડા-રાણકપુર જેવા જિનાલયો, અન્ય પ્રાચીન, અર્વાચીન જિનાલયોની કલા-કોતરણીમાં પણ અષ્ટમંગલ જોવા મળે છે. અષ્ટમંગલ ગહુંલીરૂપે પણ આલેખવામાં આવે છે.

આ બધા શાસ્ત્રોમાંથી ઉલ્લેખ મળ્યા મુજબ એ સિધ્ધ થાય છે કે અષ્ટમંગલ શ્વેતાંબરમાન્ય આગમોના આધાર પર શાશ્વત છે. અન્ય મહત્ત્વની વાત એ છે કે અષ્ટમંગલનો ક્રમ પણ શાશ્વત છે.

જમાલી, મેઘકુમાર તથા પરમાત્માની દીક્ષાના વરઘોડામાં પણ શિબિકાની આગળ અષ્ટમંગલ હતા. એના શાશ્વત સિધ્ધ આગમિક ક્રમ આ પ્રકારે છે.

(૧) સ્વસ્તિક (૨) શ્રી વત્સ (૩) નંદ્યાવર્ત (૪) વર્ધમાનક (૫) ભદ્રાસન (૬) કળશ (૭) મીન યુગલ (૮) દર્પણ.

જિનપૂજા દેવલોકની હોય કે મનુષ્યલોકની. જિનપૂજામાં જિનપ્રતિમા સમક્ષ અષ્ટમંગલના આલેખનની વાત ગ્રંથોમાં અને વ્યવહારમાં પણ પ્રચલિત છે.

૧૫મી સદી સુધી ગુરૂ ગોબરયુક્ત ભૂમિ પર જ અષ્ટમંગલનું આલેખન અંજનશલાકા સમયે કરવામાં આવતું હતું. ત્યારબાદ ૧૯મી સદીથી દરેક વિધિ-વિધાનોમાં પાટલા પર અષ્ટમંગલ આવશ્યક રીતે શરૂ થયા અને સમય જતા અષ્ટમંગલને નકશીકામ કરેલા પાટલા તૈયાર થયા. જેનો આજે પણ ઉપયોગ કરવામાં આવે છે. ક્રમશઃ પાટલા નીકળતા ગયા અને નાની પાટલીનું ચલણ વધવા માંડ્યું. પાટલી પર કેસરપૂજા શરૂ થઈ. વાસ્તવમાં તો અષ્ટમંગલનું માત્ર આલેખન જ થાય. કેસર પૂજા નહીં. અષ્ટમંગલના માંગલિક આકારોના દર્શન કરવાથી ચિત્તમાં સંતોષની ભાવના ઉત્પન્ન થાય છે. આ આકારો કોઈ સાધારણ નથી. મનનો ઉદ્વેગ દૂર કરી મનને શાંતિ અને પ્રસન્નતા આપે છે. નેગેટીવીટીને કારણે અગર ચિત્ત અપ્રસન્ન રહેતું હોય અથવા તો ડિપ્રેશનમાં રહેતું હોય તે સમયે અષ્ટમંગલની પોઝીટીવીટી મનને સ્વસ્થતા પ્રદાન કરે છે.

જે જે સ્થાનો પર અષ્ટમંગલની પટ્ટી કે તોરણ લગાવવામાં આવે છે ત્યાં આસપાસનું સમગ્ર વાયુમંડળ, વાતાવરણની નકારાત્મક ઊર્જા દૂર કરી શુભ ઊર્જાને વધારે છે.

(૧)સ્વસ્તિકઃ આ અષ્ટમંગલનું સૌથી પહેલું મંગલ છે. જેને સાથિયો પણ કહેવાય છે. ધાર્મિક, સામાજિક અને માંગલિક અવસરો પર સ્વસ્તિક આલેખવામાં આવે છે. સામાન્ય રીતે અક્ષતથી જ સ્વસ્તિક કરવામાં આવે છે. પરંતુ દિપાવલીમાં શુભ પર્વોમાં ઘરના ઉંબરા પર લાલ કંકુથી સ્વસ્તિક આલેખવામાં આવે છે. ઘણાં ઘરોમાં આજે પણ નિત્ય સવારે ઉંબરા ઉપર કંકુથી સ્વસ્તિક આલેખાય છે. તેના દ્વારા યશ-કિર્તી-ધન-સમૃદ્ધિમાં વધારો થશે તેવી શ્રદ્ધા અને વિશ્વાસ હોય છે. સામાન્ય રીતે ત્રણ અથવા પાંચની સંખ્યામાં આલેખન થાય છે.

દિવાળીમાં ચોપડાપૂજન, લક્ષ્મીપૂજન કરતી વખતે સૌ પ્રથમ

સ્વસ્તિક આલેખવાનો રિવાજ પ્રાચીન સમયથી પ્રચલિત છે. જૈન ધર્મમાં પરમાત્માની પૂજા કર્યા બાદ અને સ્નાત્ર પૂજા શરૂ કરતા પહેલા સ્વસ્તિક કરવામાં આવે છે. મોટી મોટી તપશ્ચર્યાની આરાધનામાં પણ ૫૧, ૧૨ કે તેથી વધુ સંખ્યામાં સાથિયા કરવાની વિધિ બતાવે છે. સ્વસ્તિકના ચાર પાંખડા, ચાર ગતિના ફેરામાંથી મુક્ત થવા, ત્રણ રત્ન સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રની અક્ષતથી આલેખવા દ્વારા સિધ્ધશીલામાં સ્થિર થવાની ભાવના બતાવે છે.

વાસ્તુશાસ્ત્રીઓ સ્વસ્તિકના પ્રયોગ દ્વારા અનેક સકારાત્મક ઊર્જા ફેલાવવાના આશ્ચર્યજનક પરિણામો બતાવે છે.

(૨) શ્રીવત્સઃ જિનપ્રતિમાની છાતીના મધ્ય ભાગમાં જે વચ્ચેનો ઉભારભાગ દેખાય છે તેને શ્રીવત્સ કહેવાય છે. આ શ્રીવત્સ પ્રતિમામાં ચોકટ આકારે કલાત્મક રીતે ઉપસાવવામાં આવ્યું હોય છે. છાતીમાં હૃદય રહેલું હોય છે. તીર્થંકર ભગવાનની દેશના એમના હૃદયમાંથી સ્ફૂરે છે એટલે હૃદય અથવા એના પ્રતીક તરીકે શ્રી વત્સ દેશનાનું ઉદ્ભવ સ્થાન છે. એટલે આ પવિત્ર અંગને મંગલમય માનવામાં આવે છે.

જૈન પરંપરામાં શ્રી વત્સના બે સ્વરૂપ પ્રચલિત છે. પહેલું સ્વરૂપ વિક્રમની પાંચમી કે નવમી સદી સુધી પ્રચલિત રહ્યું. તેને આપણે પ્રાચીન શ્રી વત્સ કહીએ છીએ. ત્યારબાદ પ્રચલિત શ્રી વત્સને અર્વાચીન/આધુનિક શ્રી વત્સ કહેવાય છે. ચક્રવર્તીઓ અને વાસુદેવોની છાતીના મધ્ય ભાગમાં શ્રી વત્સ હોય છે. શ્રી વત્સનો અર્થ લક્ષ્મીદેવીનો કૃપાપાત્ર પુત્ર, ઐશ્વર્ય, શોભા, સંપન્નતા, સંપત્તિ, સમૃદ્ધિ, સુખનું પ્રતીક માનવામાં આવે છે. શ્રી વત્સનું સૌથી પ્રાચીન સ્વરૂપ મથુરાની જિનપ્રતિમાઓ તથા આયાગપટ્ટમાં જોવા મળે છે. પ્રાચીન શ્રી વત્સનો જે આકાર હતો તેમાં આજે વર્તમાનમાં તો આજે ઘણો બદલાવ આવી ગયો છે. અચાનક બદલાવ કેમ આવી ગયો છે તે તો એક સંશોધનનો વિષય છે.

(૩) નંદ્યાવર્તઃ એ સ્વસ્તિકનું જ વધુ વિકસિત અને કલાત્મક સ્વરૂપ છે. નંદ્યાવર્તની આકૃતિ બૌદ્ધ અને જૈન પરંપરામાં જ જોવા મળે છે. ૧૮/૧૯ ની સદીમાં મંદિરોના રંગમંડપના ફ્લોરીંગમાં મધ્યભાગમાં અર્વાચીન નંદ્યાવર્ત આલેખવામાં આવ્યું છે. જે આબુ, દેલવાડા તથા કુંભારીયાના જિનાલયોમાં જોવા મળે છે.

નંદ + આવર્ત = નંદ્યાવર્તમાં નંદ શબ્દનો અર્થ આનંદ છે. આવર્ત શબ્દના વળાંક, વર્તુળ, વમળ એટલે કે ફરીથી આવવું એવો અર્થ થાય છે. સ્વસ્તિકની જેમ જ તે ચાર ગતિનું સૂચક છે. પણ તેની ચારે ગતિનું પાંખિયું અંદર વળાંક લઈ પછી બહાર નીકળે છે. આ ચાર ગતિરૂપ સંસાર વમળોથી ભરેલો છે. એમાંથી બહાર નીકળવું દુશ્કર છે. નંદ્યાવર્તમાં પ્રત્યેક લીટી કેંદ્રમાંથી બહાર નીકળે ત્યાં સુધીમાં એમાં નવ ખૂણા આવે છે. આ નવ ખૂણાને નવનિધિ પ્રતિક માનવામાં આવે છે. પ્રચંડ પુરૂષાર્થ કરીને સંસારના વમળોમાંથી બહાર નીકળવાનો સંદેશ આપે છે. આ આકૃતિને સર્વતોભદ્ર પણ કહેવામાં આવે છે.

(૪) વર્ધમાનકઃ જે દસે દિશાઓમાં વૃદ્ધિ પ્રાપ્ત કરે એ વર્ધમાનક. માટીના કોડિયાને સંસ્કૃત ભાષામાં શરાવ કહેવામાં આવે છે. એક માટીના કોડિયા પર બીજું કોડિયું ઉંધુ રાખવામાં આવે તેને શરાવસંપુટ કહેવાય છે. જેમાં રાખેલી ચીજ સુરક્ષિત રહે છે. દેવલોકના સિધ્ધાયતનોમાં શાશ્વત જિનપ્રતિમાની આગળ સ્થાયી જિનપૂજાના ઉપકરણોમાં સુગંધી ચૂર્ણ આદિ દ્રવ્યો રાખવા માટે તેનો ઉપયોગ કરે છે. આ બંને કોડિયા ઉપર નીચે સરકી ન જાય તે માટે નાડાછડીથી તેને બાંધીને ઉપયોગમાં લેવાય છે.

જિનાલયમાં જિનબિંબોના ગૃહપ્રવેશ પ્રસંગે, દીક્ષાર્થીના ગૃહત્યાગ સમયે, અંજનશલાકાની વિધિ સમયે પણ શરાવસંપુટનો ઉપયોગ થાય છે. નવવધુના ગૃહપ્રવેશ સમયે ઉંબરા પાસે શરાવસંપુટ રાખીને જમણા પગેથી તેને તોડીને ગૃહપ્રવેશ કરાવવામાં આવે છે.

(૫) ભદ્રાસનઃ ભદ્ર એટલે કલ્યાણકારી, મનોહર. જોતા જ પસંદ આવી જાય તેવું સુંદર આસન એટલે બેસવાનું સ્થાન પીઠિકા. શ્રેષ્ઠ સુખાકારી સિંહાસનને ભદ્રાસન કહેવાય છે. તીર્થંકર પરમાત્મા સિંહાસન પર બેસી સમવસરણમાં દેશના આપે છે તે સિંહાસન એ પ્રભુતાનું દ્યોતક છે. તીર્થંકર ભગવાનોના અષ્ટપ્રતિહાર્યમાં પણ સિંહની ગણના થાય છે. દિગંબરના મત અનુસાર તીર્થંકરોની માતાને આવેલા ૧૬ સ્વપ્નોમાં એક સ્વપ્ન સિંહાસન છે. આગમોમાં ભદ્રાસનનું વિશિષ્ટ સુંદર વર્ણન કર્યું છે. પરમ પવિત્ર શ્રીકલ્પસૂત્રમાં સ્વપ્નલક્ષણ પાઠકે ફળાદેશ કહેવા જ્યારે રાજસભામાં પધારે છે ત્યારે સિદ્ધાર્થરાજા ત્રિશલાદેવી માટે સુંદર ભદ્રાસન ત્યા મૂકાવે છે.

(૬) કળશઃભારતીય સંસ્કૃતિમાં કળશનું મહત્ત્વ ઠેઠ પ્રાચીન કાળથી જોવા મળે છે. બધા જ હિંદુ ધર્મમાં કળશનું મહત્ત્વ અને ઉપયોગ છે. પ્રભુની માતાને આવેલા ૧૪ સ્વપ્નોમાં નવમું સ્વપ્ન કળશ છે. ૧૯ માં મલ્લિનાથ ભગવાનનું આ લાંછન કળશ-કુંભ છે. જળથી ભરેલો કુંભ એ જીવનની પૂર્ણતાનું પ્રતીક છે.

શુદ્ધ નિર્મળ જળ ભરેલો કળશ વિશેષરૂપથી માંગલિક માનવામાં આવે છે. તીર્થંકર ભગવાનના જન્મ સાથે ઈન્દ્ર-ઈન્દ્રાણી, દેવો સ્નાત્ર મહોત્સવ કરે છે ત્યારે તેઓ વિવિધ જાતિના કળશ ભરીને ભગવાનને મેરૂશિખર પર સ્નાન કરાવે છે. મંદિરના શિખર પર સુવર્ણ કળશ ચઢાવવામાં આવે છે. અનેક પ્રકારની માંગલિક વિધિઓમાં જળપૂર્ણ કળશ એક પૂજાની જરૂરી સામગ્રી બની ગઈ છે. જળભરેલા કળશમાં શ્રી લક્ષ્મીજીનો વાસ રહે છે. તેમ માનવામાં આવે છે. જળ ભરેલા કળશ પર નાગરવેલના ૫ કે ૭ પાન મૂકીને,

સાથે શ્રીફળ મૂકીને, લીલાં કપડાંથી ઢાંકો, નાડાછડીથી બાંધીને સ્વસ્તિકના આલેખન દ્વારા જૈન ધર્મની દરેક વિધિઓમાં તેમજ ગૃહપ્રવેશમાં કુંભ મૂકવા માટે, દીક્ષાના પ્રસંગે, શુભ શુકનમાં કુંવારી કન્યાઓના મસ્તક પર કળશ મૂકીને ઉપયોગમાં લેવાય છે. અષ્ટમંગલમાં કળશની આકૃતિ જુદી જુદી રીતે, ક્યારેક આંખો સાથે, જાણે મનુષ્યની મુખાકૃતિ હોય એવી રીતે દોરવામાં આવે છે. હસ્તપ્રતોમાં ગ્રંથ પૂર્ણ લખાઈ જાય ત્યારબાદ લહિયાઓ અંતમાં કળશનું ચિત્ર દોરે છે.

આનંદઘનજી, ચિદાનંદજી, જેવાં અનેક પુરૂષોએ માનવશરીરને ઘટ (કળશ)ની ઉપમા આપી છે. જલના ગુણધર્મો શીતલતા, પવિત્રતા અને શાંતિ પ્રદાન કરનારા છે. જળથી ભરેલા કળશનું ધ્યાન કરવાથી આત્માને આ ગુણોની પ્રાપ્તિ સહજપણે થાય છે.

૭. મત્સ્ય યુગલ : મીન અથવા માછલી. યુગલ એટલે જોડી. બે માછલીની જોડી. આ અષ્ટમંગલમાં આ બંને માછલીઓ નર-માદા તરીકે યુગલરૂપે પરસ્પરની સન્મુખ બતાવી છે. આ મીન યુગલ સુખનું પ્રતીક છે. દિગંબર મતાનુસાર તીર્થંકરોની માતાને આવા ૧૬ સ્વપ્નોમાં એક સ્વપ્ન મીનયુગલ પણ છે. આ બે માછલીઓ ક્યારેક પરસ્પર વિમુખ પણ જોવા મળે છે.

જ્યોતિષીની ૧૨ રાશિઓમાં, ૧૨ મી રાશિ મીન છે. સામુદ્રિક શાસ્ત્ર અનુસાર હાથ અથવા પગના તળિયામાં મત્સ્યનું ચિન્હ શુભ માનવામાં આવે છે. જે માણસના હાથની છેલ્લી ટચલી આંગળીની નીચે હથેળીની કિનાર પાસે મત્સ્યની આકૃતિ હોય તો તે માણસ અત્યંત શુભ લક્ષણવાળો, ભાગ્યશાળી મનાય છે.

એક ખાસ બાબત લક્ષમાં રાખવાની છે કે પાણીમાં તરતી જીવતી માછલીઓ એ મંગળરૂપ છે. મરેલી માછલી અપશુકન ગણાય છે. એટલે જ માછીમાર, માછીમારણ, માછલાં સાથે કે માછલાં વગર રસ્તામાં સામે મળે તે અપશુકન ગણાય છે.

૮. દર્પણ : અષ્ટમંગલમાં દર્પણ (અરીસો) એ પણ એક મંગલ વસ્તુ મનાય છે. જે અહંકાર - પાપ સ્વરૂપ 'દર્પ'નો નાશ કરે તે દર્પણ. શાસ્ત્રોમાં દર્પણને આયુષ્ય લક્ષ્મી, યશ, શોભા અને સમૃદ્ધિકારક કહ્યો છે. દર્પણ નિર્મળ જ્ઞાનનું પ્રતીક સ્વરૂપ હોવાથી આત્મજ્ઞાનનું પણ સૂચક છે.

દેવલોકમાં શાશ્વત જિનપ્રતિમા સમક્ષ પૂજાની સ્થાયી સામગ્રીમાં દર્પણ હોય છે. પરમાત્માની અષ્ટપ્રકારી પૂજામાં દર્પણ પૂજાનું અવશ્ય સ્થાન છે. તીર્થંકરના જન્મસમય પર ૫૬ દિગ્કુમારીકાના સૂતિકર્મમાં ૮ દિગ્કુમારિકા પ્રભુ અને માતા સમક્ષ મંગલ દર્પણ લઈને ઉભી રહે છે.

દર્પણના પ્રતિબિંબમાં માણસને પોતાના હૃદયમાંથી ભગવાનના પ્રતિબિંબને નિહાળવાનો ભાવ જાગે છે. દર્પણમાં ભગવાનના દર્શન કરવાની પ્રથા જૈન અને હિંદુ મંદિરોમાં છે. જૈનોમાં દર્પણ પૂજાનો દુહો બોલાય છે.

''પ્રભુ દર્શન કરવા ભણે, દર્પણ પૂજા વિશાળ,<br>
આત્મ દર્પણથી જુએ, દર્શન હોય તત્કાળ.''

દરેક જિનાલયોમાં રંગમંડપ કે તેની બહાર એવી રીતે વિશાળ અરિસો રાખવામાં આવે છે કે ગમે તેટલી ભીડમાં પણ ભગવાનના દર્શન થાય અને પાછા ફરી નીકળતી વખતે પણ દર્શન થાય. દર્પણ આત્મદર્શન માટે છે.

અઢાર અભિષેક વિધાનમાં ૧૫મો અભિષેક કર્યા પછી જિનબિંબોને દર્પણ દર્શન કરવાનું વિધાન પ્રાચીન પ્રતિષ્ઠાકલ્પમાં બતાવ્યું છે. દર્પણ દર્શન દ્વારા નેગેટીવ ઊર્જા દૂર થાય છે.

પરમ શ્રેષ્ઠ આકાર સ્વરૂપમાં દેવલોકમાં શાશ્વતરૂપમાં સ્થિત અષ્ટમંગલોનું પર્યુષણ પર્વ જેવા પવિત્ર મહાન દિવસોમાં સંઘોમાં દર્શન કરવા અને કરાવવા એ જીવનનું અહોભાગ્ય છે.

આ સર્વશ્રેષ્ઠ મંગલ, આપ સૌના જીવનને મંગલમય બનવા માટે કારણરૂપ બની રહે, એવી શુભ ભાવનાથી તેના પ્રતિ નિર્મલ સુગંધમય જલ અને ચંદનના છાંટણા કરે, પુષ્પની માળા ચઢાવી, ધૂપ કરી અને જીવનને ધન્ય બનાવો એ જ મંગલ પ્રાર્થના.

જય જય હોજો,<br>
જૈન સંઘનું મંગલ હોજો,<br>
વિશ્વ માત્રનું મંગલ હોજો.

- અસ્તુ -

❑❑❑

(પાર્લા વેસ્ટ)<br>
મો. ૯૩૨૪૧૧૫૫૭૫


## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે. જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ<br>
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી<br>
**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# પંથે પંથે પાથેય

## પહલે એક આસમાન પૈદા કર

ગીતા જૈન

શાળા શિક્ષણ સાથે ઘણા વર્ષોથી સીધો સંબંધ નથી ઉપરાંત કોઈ વિદ્યાર્થીઓ સાથે પણ ઘનિષ્ટતા ન હોઈ વિશેષ જાણકારી ન હોય એ સ્વાભાવિક છે.

મેં શાળા-અભ્યાસ ૧૯૬૫-૬૬ માં પૂરો કર્યો આથી અભ્યાસક્રમના બદલાવ, આધુનિક શિક્ષણ પદ્ધતિના ફેરફાર વગેરે વિશે અજાણતાં રહી જવાયું !

પણ દર વર્ષે ૧૦-૧૨ મા ધોરણની પરીક્ષાઓના પરિણામની છાપાઓમાં જોરશોરથી નોંધ લેવાય. મેરીટ લીસ્ટના બાળકોના ફોટા છપાય એમના વડીલો હરખાય, એમની શાળા કોચિંગ ક્લાસના સંચાલકો એમનું બહુમાન કરે. પત્રકારો એમના ઈન્ટરવ્યુ પ્રગટ કરે. ભવિષ્યના એમના સપનાને ઉજાગર કરે... આ બધું મગજના એક ખૂણે અંકિત થાય.

પણ સાથોસાથ ઓછા ટકાએ વિદ્યાર્થીઓને થતી હાલાકી, આગળ મનગમતી લાઈનમાં જવા ન મળે, મા-બાપ પણ અહીંથી તહીં દોડાદોડી કરે, ડોનેશનનાં નામે અઢળક નાણાં ખર્ચાય... છતાંય પરિવાર સંતોષ ન અનુભવે એ પણ મગજના ખૂણે નોંધાતું જાય.

અને સૌથી વધુ હૃદય ભીનું થાય આપઘાતના કિસ્સા વાંચીને કે અભ્યાસને જ પડતો મૂકતાં જ બાળકોની વેદના થકી.

શ્રી અરુણભાઈ દવેની એક વાતનું વજૂદ પણ મનમાં ઉભરી રહેલું હતું - ''આજે માનવજાત ઉપર ઉતરી રહેલા જીવલેણ કુદરતી પ્રકોપો, ધોવાઈ રહેલી સંસ્કારિતા, અને ક્ષીણ થઈ રહેલી માનવતાને બચાવવા આપણી પાસે એક માત્ર રામબાણ ઈલાજ જો કોઈ હોય તો તે છે શિક્ષણ, હા, એકમાત્ર શિક્ષણ.''

આવી વાતો વર્ષોના વર્ષો સાંભળતી/વાંચતી રહી, એના થર જામતા થઈ રહ્યા હતા અને એકવાર યોગ શિબિરાર્થે છત્તીસગઢના ધમતરી શહેરમાં હતી. ત્યાં એક સહસાધક ભાઈએ પોતાના ઘરની બહારના અને દુકાનની જોડાજોડ ઓરડામાં વેકેશનમાં આર્ટ/ક્રાફ્ટ અને અંગ્રેજીના નિઃશુલ્ક વર્ગો ચલાવે એ બતાવ્યું ! એ પણ પગારદાર શિક્ષકોની નિમણૂંકથી, કોઈ સંસ્થાનું માધ્યમ નહીં માત્ર પોતાના તરફથી આ આર્થિક અને શૈક્ષણિક સેવા ! આ વાતે મારા મનમાં બીજ રોપાયું !

દર વર્ષે પરિણામની સીઝનમાં આ બીજને ખાતર-પાણી-તડકો મળતાં રહ્યાં-એ ધીમે ધીમે પાંગરી રહ્યું હતું.

ઉમરગામમાં 'સ્વઆશ્રમ' ની ભેટ મળી ને ભીતર પાંગરી રહેલું બીજ સપાટી પરથી બહાર આવવા તલસી/તરફડી રહ્યું હતું.

ઉમરગામના સહસાધકો સાથે અલપજલપ ચર્ચા થઈ જતી અને એપ્રિલ-૨૦૧૭ માં થોડા દિવસ આશ્રમમાં રોકાઈ અને મેં બીજને ફેરવવા માટે ભૂમિકા તૈયાર કરી. અહીંના સહુ સાધકોએ ઉમળકાભેર સ્વાગત કરતાં- મીટીંગ ગોઠવાઈ - બે મીટીંગમાં જ નિર્ણય લેવાઈ ગયો. દસમા ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અભ્યાસની રીતે અને આર્થિક રીતે કમજોર વર્ગના હોય છે તો શરૂઆત એ બાળકોથી કરવી.

દસમા ધોરણના ગુજરાતી માધ્યમના બાળકો એમ.કે. મહેતા સ્કૂલમાં ભણે. સ્કૂલના મેનેજીંગ ડાયરેક્ટર બીનાબહેન અને એમના સુપુત્ર સુકેતુ મહેતા સહસાધકની રૂએ મીટીંગમાં હાજર હતા. એમણે તરત જ ક્લાસરૂમ આદિની વ્યવસ્થાની તત્પરતા દર્શાવી.

એક મોટું કામ થઈ ગયું. સ્થાન અને એ પણ શાળા એટલે ક્લાસરૂમ, બેન્ચ, બોર્ડ, લાઈટ, પંખાદિ સઘળું વ્યવસ્થિત મળી ગયું !

મારો આગ્રહ રહ્યો કે બાળકો પાસે ફી નથી લેવાની પણ શિક્ષકોને મહેનતાણું આપવું જ જોઈએ.

એટલે બીજો પ્રશ્ન ફંડનો ?

અંદાજિત માસિક ૨૦,૦૦૦ નો ખર્ચ મૂકવામાં આવ્યો. એક વર્ષની યોજના વિચારીએ તો વાર્ષિક ૨,૪૦,૦૦૦ ની આવશઆયકતા. અન્ય સ્થાનોના મારા ઉદાર દિલ સહસાધકોને વાત કરૂં એવો પ્રસ્તાવ મૂકતાં જ એની સ્પષ્ટ ના સાથે, 'બેન, બાળકો ઉમરગામના છે, એમને માટે ઉમરગામથી જ પૈસા એકત્રિત કરીશું.' - આવા વિશ્વાસથી યાત્રાના પગરણ શરૂ થયા.

ત્યાં હાજર સૌએ પોતાનો ફાળો જાહેર કર્યો અને મારા ધ્યાનમાં આવ્યું એક-બે જણ જ આલી રકમ કાં પૂરી કરે ? સૌને તક મળવી જોઈએ.

એટલે પ્રસ્તાવ મૂક્યો. માસિક રૂા. ૫૦૦ થી શરૂઆત કરીએ એટલે વાર્ષિક રૂા. ૬,૦૦૦/- અને એ ગુણાંકથી જ આગળ વધીએ. માસિક રૂા. ૨,૦૦૦/- થી વધુ કોઈના લેવા નહીં અને 'અમ ઝાઝા હાથ રળિયામણા' ગોઠવાયું.

શિક્ષકોની શોધ અને યોગ્યતા માટે સમિતિ નિમાઈ. ફંડ દર મહિને ઉઘરાવવાની વ્યવસ્થા વિચારાઈ. નિયમિતતા અને આકલન માટે બેનો તૈયાર થઈ. આમ નિશ્ચિંતતા સાથે મહેતા સ્કૂલમાં ત્રણ શિક્ષિકાઓની મદદથી ૧ લી મે ૨૦૧૭ એ કોચિંગ વર્ગ શરૂ થયા.

૧ થી ૧૦ મે ના વર્ગ પછી વેકેશન પડ્યું. આ ૧૦ દિવસના અનુભવ મને વોટસ એપ અને ફોન પર મળતા રહ્યા. મારી ઘણા

વખતની ઈચ્છા પૂરી થતાં ઉમરગામ વાસીઓ અને કુદરતનો આભાર માન્યો.

જૂનમાં ફરી વર્ગો શરૂ થયા. અને થોડી સમસ્યાઓ સપાટી પર તરવા લાગી.

શાળાના શિક્ષકો કે જેઓ રેમેડીયલ વર્ગો ચલાવે છે એ ઓ શું કરે? બાળકો શાળા, સ્કૂલના વર્ગો અને આપણા વર્ગો એટલો બધો સમય ઘરની બહાર કેવી રીતે રહે? એમનું રૂટીન જળવાય નહી, ઘરે લેસન કે વાંચનનો તો સમય જ ન રહે..ફરી વિચારણા ચાલી...

આ સાથે શિક્ષિકાબેનોએ એ નોંધ્યું કે બાળકો લખી-વાંચી નથી શકતા અરે, સામાન્ય સરવાળા-બાદબાકી પણ નથી આવડતા. અંગ્રેજી તો ઠપ્પ જ! હવે શું?

કુદરતે આપેલું મગજ વ્હારે આવ્યું...પાયો જ નબળો છે! પાયો કેમ નબળો છે? આ બાળકો સરકારી શાળામાંથી આઠ ધોરણ કરીને ૯-૧૦ માટે મહેતા સ્કૂલમાં આવે છે! હં!

સરકારી શાળામાં પાયો કેમ નબળો છે? અરે! ૧ થી ૮ કોઈને નાપાસ કરવાના જ નહીં. દર વર્ષે આગળ ને આગળ જતા જ જાય!

આર્થિક રીતે કમજોર, મજૂરી કરતાં કે ઘરકામ કરતાં વાલીઓના આ બાળકોને ભણવા પ્રેરે એવું ઘરનું વાતાવરણ નહીં, જેમ તેમ આઠ સુધી પહોંચી જાય! ઓત્તારી! આ બધી તો મને ખબર જ ન હતી!

કહેવાય છે ને કે કોઈપણ કામ કે યોજના શરૂ કરીએ એટલે સમસ્યા આવે જ અને એનો ઉકેલ પણ મળે જ!

અહીં પણ એવું જ થયું!

ચાલો, સેન્ટ્રલ સ્કૂલના પ્રધાનાચાર્યને મળીએ. મીટીંગ ગોઠવાઈ. રૂચિતાબહેન પધાર્યા.

એમની સરળ અને નિખાલસ વાતોએ મને એમની અંદર રહેલી નખશિખ શિક્ષિકાના દર્શન કરાવ્યા. બાળકો પ્રત્યેની એમની જાગૃતતા સ્પર્શી ગઈ.

'મુક્તશીલા કેળવણી' પુસ્તકના સંપાદક શ્રી રમેશભાઈ સંઘવીએ નોંધ્યું છે કે -

''પહલે એક આસમાન પૈદા કર.''

ફિર પૈરોં મેં ઉડાન પૈદા કર.- શિક્ષકનું કામ છે આસમાન - મુક્ત વાતાવરણ પેદા કરવાનું. બાળકના રસ-રુચિને, વૃત્તિ-અભિવૃત્તિને ખોળવાનું-ખોલવાનું, તોષવાનું,પોષવાનું, માંજવાનું-નવાજવાનું. શૈશવને યોગ્ય માવજત મળે તો પછી જીવનના પછીના તબક્કાઓ સફર કરવાની સંભાવના વધે છે.

રુચિરાબેનનો પ્રસ્તાવ યોગ્ય લાગ્યો, કે સાતમા-આઠમા ધોરણના બાળકોનો પાયો પાક્કો કરીએ. 'નીંવ મજબૂત તો ભવન મજબૂત.' નો સિદ્ધાંત મને સદૈવ આકર્ષે.

''ભાળકોને અભ્યાસક્રમ તો શાળાના શિક્ષકો કરાવશે જ આપણે એમને શ્રુતલેખન, વાંચન, ગણિતની સામાન્ય સમજથી શરૂ કરીએ અને એનો કોર્સ જરૂરીયાત મુજબ હું તૈયાર કરીશ. અને તમે નિયુક્ત કરેલા શિક્ષિકાબેનો સાથે મુક્તચર્ચા કરી એમને માર્ગદર્શન આપીશ.'' અરે વાહ!

આ તો ગજબની કુદરતી બલિહારી!

શાળાના બાળકોને વિશેષ શેની જરૂર છે એ એમના સિવાય કોણ જાણે? એઓ જરૂરીયાત સમજે અને એના પ્રમાણે માર્ગ પણ જાણે. સમાધાન પણ એમની પાસે જ હોય ને! એમના સ્પષ્ટ માર્ગદર્શનથી મને ખૂબ જ સારૂં લાગ્યું!

મારી અધૂરી સમજણને એક નવો આકાર મળ્યો.. દસમાને બદલે ૭-૮ ના વિદ્યાર્થીઓ પણ ધ્યાન કેન્દ્રીત કરવાની પ્રબળ ઈચ્છા થઈ. ફોકસ બદલાયું. પણ એનો મુખ્ય તંતુ જળવાયો. દસમામાં આવતા આવતા આ વિદ્યાર્થીઓ તૈયાર હશે, નાસીપાસ નહીં થાય, સારા માર્કસ લાવશે, આગળ અભ્યાસ કરી શકશે. એમનો પરિવાર આનંદિત થશે. રીયલી, ગોડ ઈઝ ગ્રેટ!

ફરી વોટસ એપ ગ્રુપમાં વાતો/બદલાવ /નિર્ણય મૂકાયા. સૌએ વાત સ્વીકારી અને જૂન ૧૦ થી બે બહેનોની મદદથી વર્ગો શરૂ થયા. એક મહિનામાં બહેનો અને રુચિરાબેને સંતોષ પ્રગટ કર્યો. જુલાઈમાં એક બીજા બહેનની નિમણૂંક થઈ છે. આમ બાળકો માટે એક સરસ ઉપયોગી પ્રવૃત્તિ શરૂ થઈ. મને ખૂબ આનંદ છે.

એક વર્ષ પછી આને ઓર સુંદર અને સુદૃઢ આકાર મળશે જ!

મારી આ વાતમાં બચ્ચાઓનો પાયો કેમ નબળો રહી જાય છે, શું કમી છે? એના અનેક કારણો સૂફી વાચકો જાતે જ સમજી/ ખોળી લેશે એવો વિશ્વાસ છે.

❑❑❑

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ઓફ,
વી.પી. રોડ,મુલુંડ (પ.),
મુંબઈ - ૪૦૦ ૦૮૦
૯૯૬૯૧૧૦૯૫૮

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.
**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

# સુખની શોધમાં

**ડૉ. નરેશ વેદ**

**મા**ણસ સુખાભિલાષી પ્રાણી છે. પરંતુ તેના જીવનમાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક દુઃખો આવતાં રહે છે. શરીરની બીમારી જેવી આધિ, મનની માંદગી જેવી વ્યાધિ અને આસમાની, સુલતાની કે મનુષ્યસર્જિત આગ, અકસ્માત, ભૂકંપ, દંડ, દેશવિકાલ, કોમી દંગલો જેવી ઉપાધિઓ આવ્યા કરે છે. આ સંસારમાં દુઃખ-દર્દ, તાપ-સંતાપ, વ્યથા-પીડા વિટંબણાઓ - યંત્રણાઓ આવ્યાં જ કરે છે. આવાં બધાં સાંસરિક દુઃખ-તાપનું નિવારણ થાય અને પોતે અખંડ સુખનો અને અનર્ગળ આનંદનો અનુભવ કરે એવી માણસની અભિલાષા હોય છે.

આ અભિલાષા સંતોષવા માણસે અન્ન, વસ્ત્ર અને આવાસ તથા તાલીમ-શિક્ષણ અને ઔષધો જેવી પ્રાથમિક જરૂરિયાતો સંતોષવાનો પ્રયત્ન કરી જોયો. પશુપંખીનો શિકાર કરીને કે ફળફૂલભાજી ખાઈને જીવી જવાને બદલે અન્ન ઉગાડવાનો અને પકવવાનો ઉદ્યમ કરી જોયો. ઝાડપાનના વલ્કલ છોડી હેડલૂમ (હાથવણાટ) અને પાવરલૂમ (યંત્રવણાટ)ની રીતિ વિકસાવી વસ્ત્રો પહેરવાનું અપનાવ્યું. અંધારી ગુફાઓમાંથી ઝૂંપડીઓ અને એમાંથી મકાનો બનાવવા સુધીનો ઉદ્યમ કરી આવાસો વિકસાવ્યાં.

કણ વાવી મણ ઉગાડતી ખેતીની ક્રાંતિ કરી. ખેતીથી થતાં ઉપાર્જનમાં પરાધીનતા જણાતાં પોતાના સુવાંગ અધિકારવાળી ઉદ્યોગો વિકસાવતી ઔદ્યોગિક ક્રાન્તિ કરી. માણસને મુંઝવતા અને અકળાવતા પ્રશ્નોના ઉકેલ શોધવા વૈચારિક ક્રાંતિ કરી. વિદ્યા અને વિચારનો ઝડપી પ્રચાર-પ્રસાર કરી શકાય એ માટે માહિતીની ક્રાંતિ પણ કરી જોઈ.

આદિવાસી સમાજમાંથી કૃષિસમાજ વિકસાવ્યો, તેમાંથી ઔદ્યોગિક સમાજ, તેમાંથી બૌદ્ધિક સમાજ અને તેમાંથી સાયબર સોસાયટી પણ વિકસાવી. સુખી થવા આ બધા સમાજોમાં આવાસ, નિવાસ, પ્રવાસ, આહાર, વિહાર અને પરિધાનના અનેક પ્રયોગો કરી જોયા.

કુટુંબ-કબીલાશાહીમાંથી રાજાશાહી, તેમાંથી સામંતશાહી, તેમાંથી સુરમુખત્યારશાહી અને લોકશાહી જેવી શાસનપ્રણાલીઓ અજમાવી જોઈ. સામ્યવાદ, સમાજવાદ અને મૂડીવાદ જેવી આર્થિક વિચારસરણીઓ અખત્યાર કરી જોઈ. વસ્તુના બદલામાં વસ્તુના વિનિયમની પ્રથા (બાર્ટર સિસ્ટમ)માંથી પહેલાં કંટ્રોલ્ડ, પછી ઑપન અને પછી મિક્સ અર્થતંત્રના પ્રયોગો કરી જોયા.

પ્રજામાં રહેલ ધર્મ-અર્થ-કામ-રંગ વગેરેને કારણે ઊભી થતી વિષમતા, અસહિષ્ણુતા, અરાજકતા, અનવસ્થા અને અસલામતીને દૂર કરવા આર્થિક સમાનતા અને સામાજિક સમરસતા સર્જવા એક યા બીજી રીતે પ્રયોગો કરી જોયા. વ્યક્તિગત સંપત્તિની માલિકીને બદલે સમૂહગત સંપત્તિની માલિકીનો ખ્યાલ કાલમાર્કસે મૂકી જોયો. મહાત્મા ગાંધીએ વ્યક્તિગત મૂડીમાલિકીના ખ્યાલની સામે ટ્રસ્ટીશીપનો આદર્શ આપ્યો. સમાજચિંતકોએ મૈત્રી, કરુણા, મુદિતા, નયને ઉપેક્ષાની ભાવનાઓ વિકસાવવાનો બોધ કરી જોયો.

માણસે નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને અધ્યાત્મવિદ્યાને મુકાબલે વિજ્ઞાન અને ટેક્નોલોજી ઉપર વિશ્વાસ મૂકી એનો અસાધારણ વિકાસ કરી જોયો. જીવનવ્યવહાર, સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારનાં અનેક સાધનો વિકસાવ્યાં. ઈલેક્ટ્રીક, ઈલેક્ટ્રોનિક, સિન્થેટીક અને યાંત્રિક સાધનોનો ગંજ ખડકી માનવ જીવનને વધારે સુગમ, સરળ, સગવડ અને ફુરસદ યુક્ત બનાવવાની મથામણ કરી જોઈ.

પહેલાં ધરતીના, આકાશના અને સમુદ્રના ભાગલા પાડી રાષ્ટ્રો અને ઉપખંડોની રચના કરી જોઈ. પછી એનાં દુષ્પરિણામો જોતાં યુનાઈટેડ સ્ટેટસ, યુનાઈટેડ લીગ, નેશન્સ, અને યુનિયનોની રચના કરી જોઈ. સામ્યવાદી અને મૂડીવાદી સામ્રાજ્યો વચ્ચે થર્ડ વર્લ્ડ કન્ટ્રી ઊભાં કર્યા. રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે વ્યાપારી, લશ્કરી, વૈજ્ઞાનિક અને રાજદારી સંબંધો વિકસાવી જોયા. વૈશ્વિકરણ અને ઉદારીકરણની વ્યવસ્થા વિકસાવી જોઈ. જીનીવા અને ગેટસ જેવા કરારો કરી જોયા. સ્મોલમાંથી મૉલ અને ગ્રાન્ડ માર્કેટસ ઊભાં કર્યા. યુરો જેવી કૉમન કરન્સી અને કોમનવેલ્થની વ્યવસ્થાઓ વિકસાવી જોઈ.

યુનિક કલ્ચરમાંથી, કમ્પોઝાઈટ કલ્ચર, કૉર્પોરેટ કલ્ચર, પ્રોફેશનલ કલ્ચર જેવું મલ્ટી કલ્ચરાલિઝમ અજમાવી જોયું. પૃથ્વીની કેદમાંથી મુક્ત થવા મંગળ, બુધ, ગુરુના ગ્રહો તરફ, ચંદ્ર જેવા ઉપગ્રહો સુધી પહોંચવા મથામણ કરી જોઈ. પોતે જ નિર્ધારિત કરેલા સીમાંકનો તોડી છોડીને સીમોલ્લંઘન કરી જોયાં. સોવિયેટ રશિયા જેવી મહાસત્તાને વિખેરી જોઈ, જર્મની અને કૉરિયા જેવાં વિભાજિત રાષ્ટ્રોનું એકીકરણ કરી જોયું. ગ્લાસનોસ્ત અને પેરેસ્ત્રોઈકાના ખ્યાલો બુલંદ કરી જોયા.

રાષ્ટ્રોનાં આર્થિક વૃદ્ધિ (ગ્રોથ) અને વિકાસ (ડેવલપમેન્ટ) માટે વધુ ઉત્પાદન, વધુ વ્યાપાર, વધુ આવક અને તો વધુ સુખી એવા ખ્યાલ સુધી, રાષ્ટ્રોની સામાજિક સ્વસ્થતા અને ઉન્નતિ માટે

સૌનો સાથ અને તો સૌનો વિકાસ એવા ખ્યાલ સુધી, રાષ્ટ્રોની રાજકીય સ્થિરતા અને સમૃદ્ધિ માટે ગૂડ ગવર્નન્સ અને ટ્રાન્સપરન્ટ એડમિનીસ્ટ્રેશનના ખ્યાલ સુધી માનવજાતે ગતિ કરી જોઈ.

આપણા દેશમાં આર્થિક સમાનતા, સામાજિક સમરસતા અને સુખાકારિતા હાંસલ કરવા આપણે રાજવીઓના સાલિયાણા નાબૂદ કરી જોયાં, બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરી જોયું, પંચવર્ષીય યોજનાઓનો અમલ કરી જોયો, એકજ પક્ષથી રચાયેલી વૈયક્તિક (ઈન્ડીવીડયૂઅલ) અને વધારે પક્ષોના જોડાણથી બનેલી સંયુક્ત (કોલીએશનલ) સરકારો રચી જોઈ. કાળગ્રસ્ત થયેલા કાનૂનો નષ્ટ કરી જોયા, સમગ્ર રાષ્ટ્રમાં એક જ જાતના ટેક્ષેશન (GST)નું માળખું રચી જોયું.

આપણે ત્યાં કે વૈશ્વિક સ્તરે સુખની શોધમાં માણસે શું નથી કર્યું ? માણસ ધરતી, આકાશ, સમુદ્ર, પર્વતો, મેદાનો ખૂંદી વળ્યો, જીવનનાં બધાં ક્ષેત્રોમાં અનેક જાતના પ્રયોગો કરી વળ્યો, અનેક જાતનાં ઉત્ખનનો, શોધઓળો અને સંશોધનો કરી વળ્યો છે, પણ સુખ નામનો પ્રદેશ એને મળ્યો નથી. એને માટે સુખ ઝાંઝવાના જળ જેવું બનીને રહી ગયું છે.

આવકની વૃદ્ધિથી સુખની વૃદ્ધિ થઈ નથી. આર્થિક વિકાસથી લોકોના જીવનમાં આનંદનો ઉજાસ પથરાયો નથી. વધુ ઉત્પાદન, વધુ વેપાર અને વધુ આવકની દોડમાં એને હાંફ ચડી છે, પણ હાશ વળી નથી. શસ્ત્રો, અનાજ, વસ્તુએ, સાધનો જેવાં પોતાનાં ઉત્પાદનોની ખપત વધારવા એ રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે યુદ્ધની જામગરી આંપે છે. વસ્તુની સંઘરાખોરી કરે છે. વસ્તુની કૃત્રિમ તંગી ઊભી કરે છે. હલકી ગુણવત્તાવાળો માલ પધરાવી છેતરપીંડી કરે છે. રાષ્ટ્રોની કરન્સીનો એક્સચેન્જ રેટ બદલતા રહીને મોંઘવારી ઊભી કરતા રહે છે. ગળાકાપ હરીફાઈ, બેકાબૂ ફુગાવો, વ્યાપક ભ્રષ્ટાચારના ભરડામાં નીતિમત્તા અને સદાચારના આદર્શો અને મૂલ્યોનો ખુરદો નીકળી રહ્યો છે.

આકર્ષક પણ છેતરામણી જાહેરાતોથી દોરવાઈને નવું ને નવું વસાવવું નો ક્રેઝ ફાલીફૂલી રહ્યો છે. ફોન, બાઈક કે કારનું નું મૉડલ રોજબરોજ માર્કેટમાં આવી રહ્યું છે અને આજનો માણસ રોજ એ નવાં મૉડલ્સ ખરીદતો જાય જાય છે. એક જ વ્યક્તિ પાસે ફોન, ઘડિયાળ, શૂઝ, કે સૂટ એની જરૂરિયાત કરતાં ઘણાં વધારે હોય છે. એવું જ કપડાં અને જ્વેલરીનું છે. નવું નવું વસાવવું, એક બીજાની દેખાદેખી કરવી, એકબીજાને મ્હાત કરવામાં લોકોના માનસિક અને ચૈતસિક સુખચેન હણાઈ રહ્યાં છે.

માણસ વિત્તેષણા, પુત્રેષણા અને લોકેષણામાં અટવાતા, વધુ ને વધુ ભેગું કરવાની લાલસામાં દ્રવ્ય પરિગ્રહ અને ભાવપરિગ્રહ કરવા લાગ્યો છે. જમીન-જાયદાદ, માલ-મિલ્કત, ઝરઝવેરાત, હોટેલ-મોટેલ, ફાર્મહાઉસ-રિસોર્ટ જેવા બાહ્ય પદાર્થોમાં આસક્ત થઈ ગયો છે. આવા પદાર્થો તરફના મોહ-મમત્વ અને મૂર્છાભાવમાં ખેંચાતો થયો છે. એ બધાં ઉપરની માલિકીને કારણે પોતે સુખી થઈ શકશે એમ માની એ બધા પદાર્થો દ્વારા ભોગ-ઉપભોગમાં વધુને વધુ રાચતો થયો છે.

માણસ પોતાના શરીર અને પરિવારની સુખાકારી માટે, પદ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે, સંતતિ અને સંપત્તિનાં વૃદ્ધિ અને વિકાસ માટે રાત-દિવસ જોયા વગર મહેનત-મજૂરી કર્યા કરે છે, સાચાંની સાથે ખોટાં વિચારો અને કર્મો કર્યાં કરે છે. ક્રોધ, માન, માયા અને લોભની વૃત્તિઓમાં ખેંચાઈને વધુ ને વધુ સ્વાર્થી અને દંભી થતો ગયો છે. બે નંબરી ધંધા કરવા, બે નંબરી ચોપડા રાખવા, કરચોરી અને દાણચોરી કરાત રહી, કાળા નાણાં વડે ઉડાવગીરી દાખવતો થયો છે. એ કારણે એક બાજુ શ્રીમંતોની ગગનચુંબી ઈમારતો ઊભી થતી જાય છે અને બીજી બાજુ ધારાવી જેવી ઝૂપડપટીઓ વધતી જાય છે.

આજકાલ માણસ હોટલ, સિનેમા, રેસ્ટોરન્ટ, રીસોર્ટ અને ઘોડદોડમાં, લગ્નોમાં, વિવિધ જાતની મહેફીલો (પાર્ટી)માં તથા ધાર્મિક પ્રસંગો-તહેવારોની ઉજવણીઓમાં પૈસાનો બેહદ ખર્ચ કરતો થયો છે. પેટ્રોલ, ડીઝલ, લિગ્નાઈટ, ખનીજો અને વીજળી (ઊર્જા)નો બેફામ વેડફાટ કરતો થયો છે. આ બધું કયાં સુધી ચાલશે ? ડાહ્યો માણસ મુદ્દલ અકબંધ રાખી, વ્યાજ વાપરે, પણ આપણે તો વ્યાજ ઉપરાંત મુદ્દલ મૂડી પણ વાપરવા લાગ્યા છીએ અને મૂર્ખ દેવાળિયા થવા જઈ રહ્યા છીએ.

મોટા ઉદ્યોગપતિઓ અને ધનિકોના પરિવારમાં અઢળક સંપત્તિ હસ્તગત કરવા માટે પિતા-પુત્ર વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, ભાઈ-ભાઈ વચ્ચે કાવાદાવા, અટંસો, ક્લેશો અને કોર્ટ કેસો વધતા જાય છે. બીજી બાજુ, એક ટંકનું ખાવાનું મેળવવા માટે ફાફાં મારતા, રસ્તે કાગળિયા વીણતાં અને ઉકરડે ખોરાકના કણ વીણતા બાળકો નજરે ચઢી રહ્યા છે. પૈસે ટકે સમૃદ્ધ અને અભાવગ્રસ્ત દરિદ્ર વંચિતો વચ્ચેની અસમાનતાની ખાઈ પહોળી થતી જાય છે. સંપન્ન અને વંચિત એવા વર્ગોમાં સમાજ વહેંચાતો જાય છે. એમની વચ્ચે ઈર્ષ્યા, અસૂયા, વેરઝેર વધતા જાય છે. એમાંથી હિપ્પીઓ, વ્યાઘ્રો, ટાયગર્સ, નકસલાઈટસની જમાતો જન્મતી જાય છે.

લોભને કોઈ થોભ નથી. દસ પેઢીઓ સુધી ચાલે એટલી ધન-દોલત ભેગી કર્યા પછીયે કોઈને સંતોષ નથી. આવા સંઘરાખોરોનાં સંતાનો પરિશ્રમનો પરસેવો પાડ્યાવિનાની આ સવલતો મળતાં પ્રમાદી અને અપરાધી બનતા જાય છે. ડાયમંડ-ઝવેરીઓનાં,

રાજકારણીઓ અને અમલદારોનાં સંતાનો જુઓ.

માણસે આ પરિગ્રહવૃત્તિને કારણે જ ઉપભોક્તાવાદ (કન્ઝ્યુમરીઝમ) વિકસાવ્યો છે. 'ગ્રાહક સર્વોપરી છે' એવો નારો ગજવીને, વિજ્ઞાપનો દ્વારા લલચાવી છેતરીને એને બજારમાં અને મૉલમાં બીજજરૂરી ચીજવસ્તુઓ ખરીદતો અને મૂર્છામાં જીવતો કરી દીધો છે. ફેશન ઈન્ડસ્ટ્રીઝ, ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ, એજ્યુકેશન ઈન્ડસ્ટ્રીઝ અને ટુરીઝમ ઈન્ડસ્ટ્રીઝ તથા હૉટેલ, હેલ્થ, વેલ્થ અને નૉલેજ તેમજ સ્કીલ્સ મેનેજમેન્ટની સંસ્થાઓ બે નંબરી આવકસ્રોતનાં ઉત્પાદન કેન્દ્રો બની ગયાં છે.

માણસ વધુ ને વધુ દંભી અને આડંબરી બનતો જાય છે. પૂરતી અને વિવિધ શાકાહારી (વેજિટેરિયન) ખાદ્યસામગ્રી ઉપલબ્ધ હોવા છતાં આજે માણસ પોતાનો નૉનવેજ ભોજનનો ભસકો સંતોષવા અગણિત પશુ-પંખીની હત્યા કરી રહ્યો છે. પેપરલેસ એડમીનીસ્ટ્રેશનની વાતો કરતો રહે છે અને પેપરનો બેસુમાર દુર્વ્યય કરી અનેક વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યો છે. રાષ્ટ્રો પરસ્પર શાંતિમય સહઅસ્તિત્વની કરતાં કરતાં અન્ય રાષ્ટ્રોમાં નાર્કોટીક ડ્રગ્સ, ફેઈક કરન્સી, અને આતંકી શસ્ત્રો અને હુમલાખોરોનો પુરવઠો મોકલતાં રહે છે!

આજે માણસ ચોરી, હિંસા, વ્યભિચાર અને અસત્યના આચરણ જેવાં પાપકૃત્યો આચરે છે આ પરિગ્રહવૃત્તિને કારણે. માણસનાં તમામ પાપકૃત્યોનાં મૂળમાં આ પરિગ્રહ ભાવના પડેલી છે. એટલે તો ભગવાન મહાવીર સ્વામીએ પરિગ્રહવૃત્તિને પાંચમાં પાપકૃત્ય તરીકે વર્ણવ્યું છે. આવી વૃત્તિ અને પ્રવૃત્તિને કારણે આજના સમાજમાં અસમાનતા, અસહિષ્ણુતા, અરાજકતા, અસલામતી અને અવસાદનો માણસને અનુભવ થઈ રહ્યો છે. એ કારણે માણસ શારીરિક-માનસિક તાણ ખેંચનો ભોગ બની ડાયાબીટીસ, હાયપર ટેન્શન, કાર્ડીએક ઍરેસ્ટ, કેન્સર, પેરેલિસિસ, અલ્ઝાઈમર જેવા શારીરિક અને મનોદૈહિક રોગોનો તથા દુઃખ, હતાશા, નિરાશા, શૂન્યતા અને અવસાદ જેવી માનસિક રુગ્ણતાઓનો ભોગ બની રહ્યો છે. સુખની શોધમાં નીકળેલો માણસ આજે દુઃખના અને વિષાદના દરિયામાં ડૂબકાં ખાઈ રહ્યો છે.

માણસ સુખ મેળવવા માટે આજે પોતાની આજુબાજુના વિશ્વમાં ઝાવાં નાખી રહ્યો છે. પરંતુ સુખ નામનો પ્રદેશ કે અનુભવ છ ઉપખંડોના બનેલા આ બહારના ભૌતિક વિશ્વમાં નથી. એ તો છે આપણા આંતરવિશ્વમાં. જો આપણું મન મુદતાનો, બુદ્ધિ સમતાનો, ચિત્ત પ્રસન્નતાનો અને આત્મા શાંતિનો અનુભવ કરતાં હોય તો એનું નામ સુખ છે.

પણ એવો અનુભવ પામવો કઈ રીતે એવો પ્રશ્ન કોઈના મનમાં ઊઠે એ સ્વાભાવિક છે. એનો ઉત્તર છે : કારણ વગર કાર્ય થતું નથી. આપણાં દુઃખ અને વિષાદનું કારણ આપણું અજ્ઞાન છે. આપણાં શરીર, ઈન્દ્રિયો, અંતઃકરણ અને સંસારના દોરદમામથી આપણે અંજાઈ ગયા છીએ. એ બધાંને જ સાચાં માની બેઠાં છીએ. એ આપણું અજ્ઞાન છે. આપણું અસલી સ્વરૂપ સત્, ચિત્ત, આનંદનું છે. આપણે પરમ ચૈતન્યનો જ અંશ હોવાથી અમૃતનું સંતાન છીએ એ વાતનું આપણને વિસ્મરણ થઈ ગયું છે. સાચું સુખ ભોગ (બુભુક્ષા)માં નથી, ત્યાગ (મુમુક્ષા)માં છે. આપણે ત્યાગ કરવાનો છે આપણાં મોહ, તૃષ્ણા અને આસક્તિનો. ભોગ કરવાનો છે આપણા અદલ જ્ઞાનમાંથી નીપજતા સુખ અને આનંદનો.

શરીર અને સંસાર આપણાં દુઃખ અને વિષાદનાં નિમિત્તો છે. શ્વાસ, વાણી, બુંદ (વીર્ય અને શોણિતરજ) તથા મન બહુ ચંચળ છે. એમના ઉપર આપણું નિયંત્રણ નથી. આપણી એ શારીરિક નબળાઈઓ છે. અહંતા, મમતા, રાગ, દ્વેષ એ આપણી સાંસારિક નબળાઈઓ છે. એ નબળાઈઓની પકડમાંથી છૂટવાનું છે. આપણે આપણી આ નબંળાઈઓને પકડી રાખીએ છીએ. પણ પકડી રાખવું એ પીડા છે. શરીર અને સંસારની વાસ્તવિકતાને સમજીને એને છોડી દેવામાંજ પીડાનો અંત છે. માણસ સંયમી, સંતોષી સ્વાશ્રયી અને અપરિગ્રહી થઈને તથા મૈત્રી, કરુણા, મુદિતા અને માધ્યસ્થી (ઉપેક્ષા)ની ભાવનાઓ ખીલવીને આ મર્યાદાઓને ઓવંગી શકે છે.

સુખની ચાવી સંઘરાખોરી કે પરિગ્રહમાં નથી. એ છે અપરિગ્રહમાં, અપરિગ્રહ એટલે પ્રાથમિક અને આવશ્યક વસ્તુ/પદાર્થોનો અસ્વીકાર નથી, પરંતુ એવા પદાર્થો/વસ્તુઓની અતિશય પ્રાપ્તિની ઝંખનાવૃત્તિનો ઈન્કાર છે. આપણે આર્થિક સમાનતાવાળા વર્ગવિહિન અહિંસક સમાજની રચના કરવી હોય તો 'અહિંસા પરમો ધર્મઃ' ની જેમ 'અપરિગ્રહ પરમો ધર્મઃ' નો ખ્યાલ આચરણમાં ઉતારવો પડશે.

❑❑❑

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર,
(પિન કોડ : ૩૮૮૧૨૦)
ફોનઃ ૦૨૬૯૨૨૩૩૭૫૦.
મો. : ૦૯૭૨૭૩૩૩૦૦૦

# અભ્યંતર તપ - ૧૦-૧૧-૧૨ સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ

સુબોધીબેન સતીસ મસાલીઆ

આપણે લગભગ સપ્ટેમ્બર ૧૬થી શરૂ કરી પ્રથમ પ્રાયશ્ચિત, વિનય અને વૈયાવચ્ચ તપ વિષેની ઊંડી સમજ આપી. આ ત્રણેય તપ વિષે સારો પ્રતિસાદ મળવાથી છ બાહ્યતપ અણસણથી સંલીનતા વિષે સમજાવ્યું. આમ નવ તપ સમજાવ્યા પછી વારો આવે છે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ 'સ્વાધ્યાય'નો. પણ તમે હેડીંગમાં જોશો કે મેં સ્વાધ્યાય તપ એકલો આપવાને બદલે સ્વાધ્યાય - ધ્યાન અને કાયોત્સર્ગને સાથે લીધા છે કેમ? કેમકે આ ત્રણેય તપ એકબીજા સાથે જોડાયેલા છે. સ્વાધ્યાય કરતા કરતા ધ્યાન ઘટિત થઈ જાય છે ને સ્વાધ્યાય - ધ્યાનમાં આગળ વધતા કાયાનો ઉત્સર્ગ ક્યારે થઈ જાય છે તેની ખબર પણ નથી પડતી.

તમે કહેશો સ્વાધ્યાયમાં અઘરૂં શું છે? થોડી નવકારવાળી ગણી લીધી, થોડી ગાથા ગોખી લીધી કે શાસ્ત્ર અધ્યયન કરી લીધું એટલે થઈ ગયું સ્વાધ્યાય.... ના-ભાઈ-ના, જો સ્વાધ્યાય તપ આટલું સરળ હોત તો એને ઉત્કૃષ્ટતપ કહેવાની શું જરૂર હતી? **આ તો એવું છે ને કે ઘણી અઘરી વસ્તુ કરવી, દરેકના બસમાં નથી હોતી... માટે ધીમે ધીમે છૂટી જાય છે. ને માણસ અવળા માર્ગે ફંટાઈ જાય છે. આવું ન બને માટે પૂર્વાચાર્યોએ બહુ સમજપૂર્વક - સ્વાધ્યાયની જગ્યાએ શાસ્ત્ર અધ્યયન મૂક્યું. ને સમય જતાં આપણે શાસ્ત્ર અધ્યયનને જ સ્વાધ્યાય માનવા લાગ્યા.**

**ખરેખર સ્વાધ્યાયનો અર્થ છે સ્વનો અધ્યાય. સ્વ એટલે પોતે. પોતાના આત્માના સ્વરૂપનો અધ્યાય કરવાનો હતો. બહીંમુખી બાદર મનને અંતરમુખી સુક્ષ્મ બનાવી એ સુક્ષ્મ મન દ્વારા મસ્તકથી પગની પાની સુધીની અંતરયાત્રા કરવાની છે.** બહીંમુખી મનને અંતરમુખી અને સુક્ષ્મ બનાવવા શું કરવું? તેનાથી સ્વનો અધ્યાય એટલે સ્વાધ્યાય કેવી રીતે કરવો? સ્વાધ્યાયને ઉત્કૃષ્ટ કેમ કીધો? તેથી કર્મની નિર્જરા કઈ રીતે? તે બધું આપણે આગળ જોશું... પહેલા એ સમજી લો કે સ્વાધ્યાય એ કચરો સાફ કરવાની ક્રિયા છે... એક ઉદાહરણથી સમજો... ધારો કે એક અરીસા પર ખૂબ જ જાડા જાડા માટીના થર વળી ગયા છે. માટે અરીસામાં બિલકુલ પ્રતિબિંબ જોઈ શકાતું નથી. અરીસા ઘણો મોટો છે ને થર પણ ઘણા વળી ગયા છે. હવે જો અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોવું હશે તો પહેલા તો માટીના થર દૂર કરવાની પ્રક્રિયા કરવી પડશે. આ માટીના થર દૂર કરવાની પ્રક્રિયા એટલે જ સ્વાધ્યાય. જે ઘણી લાંબી પ્રક્રિયા છે. કંટાળાજનક છે. પરંતુ જો એકવાર એ પ્રક્રિયામાં સફળ થઈ ગયા એટલે કે ભલે એક જ જગ્યાએથી, તો, એક જગ્યાએથી પણ પૂરેપૂરો ઊંડે સુધીના માટીના પડને તોડવામાં સફળ થઈ ગયા તો જરાક પણ અરીસાનો ભાગ દેખાશે. ને નાના અમથા ભાગમાં પણ તમારૂં પ્રતિબિંબ દેખાશે.... એ જ છે સમ્યક્દર્શન - **આપણા આત્મારૂપી અરીસા પર ચડેલી કર્મોની પ્રતરોની થરને અથાગ પ્રયત્ન દ્વારા (સ્વાધ્યાય દ્વારા) જો એકાદ જગ્યાએથી પણ મૂળ સુધી દૂર કરવામાં સફળ થયા તો એટલા ભાગમાંથી આત્માનો પ્રકાશ (આનંદ) બહાર પડશે ને અવર્ણનીય હશે, અકલ્પ્ય હશે... તે જ છે સમકિત, તે જ છે સમ્યક્દર્શન...** જેમ ચાદરમાં એક છીંડુ પડે તો તે ધીમે ધીમે આખી ચાદર ફાડી નાખવા માટે સમર્થ છે... તેમ એક વખત સમ્યક્દર્શન પ્રાપ્ત કરવાની, સમકિત પ્રાપ્ત કરવાની જો સાધના સફળ થઈ ગઈ તો પછી કેવળદર્શન, કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવવાની જવાબદારી એની છે. **ભલે સ્વાધ્યાય તપ ઘણો લાંબો સમય, ધીરજ અને સમતા માંગી લે છે પણ સ્વાધ્યાય વગર સમ્યક્દર્શન પ્રાપ્ત થઈ શકતું નથી... સમ્યક્દર્શન જ આપણને ધ્યાનમાં ગરકાવ કરી શકે છે ને સ્વાધ્યાયના પગલે પગલે જ ધ્યાનની કેડીએ પહોંચી શકાય છે... ઉત્કૃષ્ટ ધ્યાનની દશામાં ક્યારે કાયાનો ઉત્સર્ગ એટલે કે કાયોત્સર્ગ સધાઈ જાય છે તેની ખબર પણ પડતી નથી... કાયોત્સર્ગ થઈ જાય છે... કરવો પડતો નથી... જે કાયોત્સર્ગ દ્વારા કાયા આત્માથી અલગ ભાસે છે. કાયાને જે કાંઈ થાય છે તે પરને થઈ રહ્યું છે પોતાને નહીં - એવું વેદન થાય છે. પછી પગમાં આગ પેટાવી ખીર રંધાય છે કે માથા પર અંગારા મૂકાય... એ કાયાને થતો ઉપસર્ગ આત્મા એક બાજુ રહી ફક્ત નિહાળે છે અને સ્પર્શતો નથી... 'જે બળે છે તે મારૂં નથી ને મારૂં છે તે બળતું નથી' આવી ઉત્કૃષ્ટ પરિસ્થિતિએ આત્મા પહોંચે છે ત્યારે કાયોત્સર્ગ ખરા અર્થમાં ઘટિતપયો હોય છે.** (જો કે આ પંચમકાળમાં આ સંઘયણ દ્વારા ઉત્કૃષ્ટ કોટીનું ધ્યાન અને કાયોત્સર્ગ ઘટિત થવો લગભગ અશક્ય, અસંભવ છે છતાં અપવાદરૂપ કોઈને થઈ શકે છે.) આપણે તો આ સ્વાધ્યાય નામના તપમાંથી પસાર થઈ સમ્યક્દર્શન કરી શકીએ તો પણ આપણો આ જન્મારો સફળ થઈ જાય... આ તપ એટલે કર્મોનો કચરો સાફ કરતાં કરતાં કદાચ બે-પાંચ-પંદર ભવ પણ લાગી જાય... છતાંય સ્વાધ્યાયની શરૂઆત પણ થઈ જાય તો પણ આપણે ધન્ય બની જઈએ... **આ તપમાં પગલું ત્યારે જ ભરી શકાશે જ્યારે નિર્વેદ અને સંવેગ ઉત્પન્ન થાય... એટલે કે સંસારના ભવભ્રમણમાંથી કંટાળો અને મોક્ષ માટેની તીવ્ર અભિલાષા ઉત્પન્ન થાય.** આ તપને આત્મસાત કરતાં પહેલા એ જાણવું ખૂબજ જરૂરી છે કે આપણા જન્મ-મરણના ચક્કરનો અંત કેમ આવતો નથી? જો ભગવાનના કહેવા પ્રમાણે 'આપણે પર્વતના ઢગલા થાય એટલી વાર ઓઘા લીધા તો પણ આપણને હજી સુધી ભવનો નિસ્તાર કેમ પામી શકતા નથી? તો સમજીએ...'

**જન્મ-મરણના ફેરા :**

સૌ પ્રથમવાર આપણો જીવ નિગોદમાંથી ત્યારે બહાર આવે છે જ્યારે એક જીવ સિધ્ધપદને પામે છે. આમ 'સિધ્ધભગવંત' એ આપણી પ્રથમ માતા છે. પણ યાદ રહે... ફક્ત પ્રથમ વખત જ એ નિયમ છે કે એક જીવ સિધ્ધપદને પામે ત્યારે એક જીવ નિગોદમાંથી બહાર નીકળે. વ્યવહાર રાશિમાં આવે પણ બીજી વખત જીવ પાછો નિગોદમાં ચાલ્યો ગયો તો અનંતા વર્ષો સુધી અકામ નિર્જરા કરતો કરતો જ્યારે કર્મોના ભારથી હળવો થાય ત્યારે બહાર આવે... પાછું એવું પણ નથી કે એક વખત જીવ નિગોદમાંથી બહાર આવ્યો એટલે રાજા થઈ ગયો. એ જીવને મળે છે ફક્ત ૨૦૦૦ સાગરોપમ વર્ષ. એથી વધારે તે ત્રસપણામાં (હાલતા ચાલતા જીવ) રહી શકતો નથી. ૨૦૦૦ સાગરોપમ વર્ષ પૂરા થયા કે જીવને ફરજીયાત એકેન્દ્રિય કે નિગોદપણામાં ચાલ્યા જવું પડે છે. (ઘણાનો એ સવાલ હોય છે કે સાગરોપમ વર્ષ એટલે શું? જુઓ તત્ત્વનું જ્ઞાન મેળવવા માટે થોડી શાસ્ત્રોની ભાષા પણ જાણવી પડે. સાગરોપમથી નાનું માપ પલ્યોપમ વર્ષ છે તે સમજો એટલે સાગરોપમ સમજાઈ જશે... એક યોજન લાંબો - પહોળો ને ઊંડો ખાડો ખોદી તેમાં યુગલિયાના બારીક વાળના ટૂકડા કરી એવા ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કે તેના પરથી ચક્રવર્તીનું આખું લશ્કર ચાલી જાય તો પણ એક વાળ નમે નહિ. દર સો વર્ષે એક વાળનો ટૂકડો બહાર કાઢો જેટલા વર્ષે ખાડો ખાલી થાય તે એક પલ્યોપમ વર્ષ. હવે આવા એક ક્રોડ પલ્યોપમને એક ક્રોડ પલ્યોપમ વર્ષ જોડે ગુણો એટલે એક ક્રોડાક્રોડી પલ્યોપમ થાય. આવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમે એક સાગરોપમ થાય. હવે ખ્યાલ આવ્યો કે એક સાગરોપમ કેટલા અનંતા વર્ષો જેની કલ્પના પણ આપણે ન કરી શકીએ...

નિગોદમાંથી જીવ બહાર નીકળ્યા પછી તેને જે ૨૦૦૦ સાગરોપમ વર્ષ મળે છે તેમાં પણ ૧૦૦૦ સાગરોપમ વર્ષ તો બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચોરેન્દ્રિયપણામાં એટલે કે કીડા, મકોડા, વાંદા વગેરે પણામાં પૂરા થાય છે. જ્યારે બાકીના **૧૦૦૦ સાગરોપમ વર્ષ સંજ્ઞી પંચેન્દ્રિયપણું જીવ પામે. એટલે કે દેવ-નારક-મનુષ્ય તથા તિર્યંચ પંચેન્દ્રિય થાય. તેમાં પણ સૌથી ઓછા મનુષ્યના ભવ થાય. ૪૭ કે ૪૮ ભવ મનુષ્યના મળે.**

મનુષ્યભવમાં આગામી ભવનું આયુષ્ય બાંધવાનો અવસર આઠ વખત આવે પણ કોઈ પણ જીવ ચાલુ ભવમાં આગામી એક જ ભવનું આયુષ્ય બાંધે. પરંતુ જન્મે ત્યારથી મૃત્યુ સુધી પોતાના શુભ-અશુભ કર્મો દ્વારા, ભાવ દ્વારા ચોવીસે કલાક ચારેય ગતિને યોગ્ય આયુ કર્મ જમા કર્યા જ કરે. ચોર્યાશી લાખ જીવાયોનિમાંથી અલગ-અલગ યોનિને યોગ્ય કર્મ જમા કર્યા જ કરે. હવે આપણે થોડાક ઉદાહરણથી આ વાત સમજીએ કે જન્મ-મરણના ફેરામાંથી બાર કેમ નથી નીકળાતું? સમજી લો કે આ જન્મમાં આપણે ૫% મગરને યોગ્ય, ૮૦% નારકીને યોગ્ય, ૫૦% મનુષ્યને યોગ્ય, ૭૦% વ્યંતરદેવને યોગ્ય તથા ૩૦% કુતરાને યોગ્ય આયુષ્ય જમા કર્યું. આવી ઓછામાં ઓછી ૧૦૦૦ પ્યાલી (ગ્લાસ)ની કલ્પના કરો. હવે જે પણ ગતિ યોગ્ય એક કે અડધો ટકો પણ આયુકર્મ નાખી દીધા તો મુનષ્ય જન્મમાં તે પ્યાલી ૧૦૦% પૂરી કરી જે તે ભવમાં જવું જ પડે. પણ એક ભવની પ્યાલીઓને પૂરી કરવા માટે જીવને કેટલાય પુન્યકર્મને કેટલાય પાપકર્મ કરવા પડશે. વળી જે જે આયુષ્યકર્મની પ્યાલીઓ અહીંથી અધૂરી લઈને જશે તે પૂરી કરવા માટે બીજા કેટલાય ભવ કરવા પડશે. તે ભવ કરતાં કરતાં જ્યારે મનુષ્યભવ પામશે ત્યારે આ જીવ અધૂરી પ્યાલીઓ પૂરી કરશે. પણ એ દરમ્યાન બીજી કેટલીયે નવી પ્યાલીઓનો ઉમેરો કરી દેશે.

આપણને જે પાંચ ઉદાહરણ આયુકર્મના લીધા તેમાં સમજો કે જીવે વ્યંતરદેવે યોગ્ય આયુકર્મની પ્યાલી ૧૦૦% કરવાની છે જે ૭૦% છે. હવે શું થશે? આપણે જાણીએ છીએ કે 'પાપ કરવા માટે જીવે પાપ તો કરવું જ પડશે... પણ સાથે સાથે એ પણ વિચારો કે વ્યંતર પણ દેવ છે. તેનું વૈક્રિય શરીર છે. કેટલાય પલ્યોપમ કે સાગરોપમ વર્ષોનું આયુષ્ય છે. ધારે તેવા રૂપ ધારણ કરી શકે છે. તો આ બધા માટે, પુન્ય જોઈશે કે નહિ? આપણે તો ૮૦ વરસ જીવીએ તો કે બહુ પુણ્યશાળી છો. તો આટલા સાગરોપમ કે પલ્યોપમવાળા આયુષ્ય માટે પુણ્ય નહીં જોઈએ? આમ એક એક પ્યાલીઓ ૧૦૦ % ભરવા માટે જીવ કેટલાય પુન્યકર્મ ને કેટલાય પાપકર્મ કરતો જ જાય છે. ધારો કે ૧૦૦૦ પ્યાલીઓમાંથી ૭૦૦ પ્યાલીઓ પૂર્ણ ભરાઈ ગઈ ને ૩૦૦ અધૂરી છે. પણ માનવનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું તો ૭૦૦ માંથી એક ગતિનું આયુષ્ય (આગામી ભવનું) બાંધી બાકીની ૬૯૯ ભરેલી અને ૩૦૦ અધૂરી પ્યાલી સાથે જીવ અહીંથી એક ભવ કરતો કરતો જીવ ફરી પાછો જ્યારે માનવભવ પામે છે ત્યારે અધૂરી પ્યાલીઓ પૂરી કરવામાં લાગી જાય છે ને તે કરતાં કરતાં કેટલીય નવી પ્યાલીઓનો ઉમેરો કરી દે છે આમ ભવચક્કરમાંથી બહાર જ નીકળી શકતો નથી.

આયુષ્યબંધના સમયે જે જે પ્યાલી ૧૦૦% ભરાઈ ગઈ હોય તે તે ભવને યોગ્ય ભાવ પણ ચડ-ઉતર થતાં હોય છે તો આયુષ્યબંધ પડી જાય છે. એકવાર બંધ પડ્યા પછી જે તે ભવમાં જવું જ પડે છે. જે પાંચ પ્યાલીના આગળ ઉદાહરણ લીધા છે તેમાંથી ધારો કે નારક અને કૂતરાને યોગ્ય બંને પ્યાલી ૧૦૦% થઈ ગઈ એટલે કે બે ભવમાં જવા માટે જે કાંઈ પાપ કે પુન્યકર્મ જોઈએ તે પૂરેપૂરા જમા થઈ ગયા ને આયુષ્યબંધનો અવસર આવ્યો તો બેમાંથી જે ગતિનું આયુષ્યબંધ પડશે તે ભવમાં જીવ ચાલ્યો જશે. તેના પછીના ભવનો આયુષ્યબંધ જીવે જમા કરેલી ભરેલી પ્યાલીઓ અનુસાર કોઈ પણ એક ગતિનો આયુબધ પડશે... આમ કરતાં કરતાં જો ૨૦૦૦ સાગરોપમનો સમય પૂરો થઈ ગયો તો થોડી ભરેલી ને

થોડી અધૂરી પ્યાલીઓ લઈને જીવ ફરજીયાતપણે - એકેન્દ્રિય એટલે કે પૃથ્વી, પાણી, તેઉ - વાયુ - વનસ્પતિ કે પછી નિગોદમાં ચાલ્યો જાય છે. ત્યાં કોઈ ટાઈમ લીમીટ નથી... અનંતા અનંતા વર્ષો (અનંતા વર્ષો શબ્દ બહુ નાનો પડે...) કેટલાય પલ્યોપમ કે સાગરોપમ વર્ષો સુધી **જીવ કેટલાય કાળચક્રો પસાર થઈ જાય ત્યાં સુધી જીવ આવા એકેન્દ્રિયપણામાં કે નિગોદમાં પડી રહી અકામ નિર્જરા કરતો કરતો જ્યારે કર્મોના ભારથી જરા હળવો થાય ત્યારે પાછો વ્યવહાર રાશિમાં આવે છે. પાછો બેઈન્દ્રિયથી પંચેન્દ્રિયના ભવ કરતો કરતો માનવ જન્મ પામે છે... ક્યારેક ચારિત્ર પણ ગ્રહણ કરે છે પણ સમકિતની પ્રાપ્તિ ન થઈ હોવાથી... અનુબંધ પાપનો પડવાથી પાછો ભવચક્રમાં અટવાઈ જાય છે.**

માનવ મુખ્ય બે પ્રકારે કર્મ બાંધે છે. નિકાચિત કર્મ અથવા અનિકાચિત કર્મ - અમુક કર્મ કે જે ખૂબજ રસ રેડીને કરવામાં આવે, ખૂબજ વલોપાત કરતાં બંધાઈ જાય... અથવા તો કર્યા પછી વારંવાર મનમાં ઘુંટવામાં આવે કે બરાબર છે, આમ જ કરવા જેવું હતું... આવા અનેક કારણોસર કર્મ નિકાચિત બની જાય એટલે કે કર્મ ભોગવ્યે જ છૂટકો થાય... **પરંતુ જે કર્મ નિકાચિત નથી એવા હળવા કર્મોને સ્વાધ્યાય તપ દ્વારા ઉદીરણામાં લાવી નિર્જરી શકાય છે. નિકાચિત કર્મો તો અનિકાચિતની સરખામણીએ બહુ ઓછા હોય છે માટે સ્વાધ્યાય તપ દ્વારા ઢગલા ને ઢગલા આપતા અનિકાચિત કર્મને નિર્જરી શકીએ, એની શરૂઆત પણ કરી શકીએ તો આત્મા કર્મોના ભારથી હળવો થઈ સમકિત પ્રાપ્તિને યોગ્ય બને છે... ને આ કાર્ય ફક્ત માનવ જન્મમાં જ થઈ શકે છે... તો સ્વાધ્યાય વિષે આગળ જાણીએ**

***આવતા અંકે...***

❑❑❑

૧૯ - ધર્મપ્રતાપ, અશોકનગર, કાંદિવલી (ઈસ્ટ),
મો.: ૮૮૫૦૦૮૮૫૬૭, ૯૮૯૨૧૬૩૬૦૯

## જૈન ધર્મ કા જય હો

જન ગણ મન સંતાપ નિવારક
જૈન ધર્મ સુખદાતા
અરિહંત, સિધ્ધ આચાર્ય, ઉપાધ્યાય
સાધુ સહુ ઉધ્ધારા –
પૂજનિય હૈ યે આદી કાલસે
જીસને પરમ પદ પાયા
તપ ચારિત્ર આરાધો, મનસે ક્રોધ ભગાવો
પ્રેમ ભાવ ફૈલાવો –
જન ગણ મન સબ વેર છોડ કે
મૈત્રીભાવ જગાવો
જય હો, જય હો, જય હો જય જય જય જય હો
જૈન ધર્મ કા જય હો.

**શ્રીમતી પ્રફુલ્લાબેન લલિતભાઈ શાહ**

**નોંધ :** પર્યુષણ પર્વના મહામંગલકારી દિવસો દરમ્યાન પ્રફુલ્લાબેને રાષ્ટ્રગીતની ધૂન પર એક સુંદર ગીતની રચના કરી અને સંવત્સરીના દિવસે શ્રી મુંબઈ સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રાગ સાથે રજૂ કરી હતી. જેને ખૂબજ સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

# સુકલકડી કાયામાં જ્ઞાનનો ભંડાર - અભયસાગરજી મહારાજ

**આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

**વ્ય**ક્તિ અને વિશ્વની વચમાં વિજ્ઞાન અનુસંધાન ખડું કરે છે ત્યારે દુનિયા નાની બની જાય છે. વિકસતા સમયની વચમાં વિજ્ઞાન જ્યારે પોતાનું મહત્ત્વ સિદ્ધ કરી રહ્યું છે ત્યારે ધર્મ એને માર્ગ ચીંધે છે. ધર્મનું પણ વિશિષ્ટ વિજ્ઞાન હોય છે.

હરણફાળ ભરી રહેલા આજના વિજ્ઞાનની અવનવી શોધોને પડકારવી સહેલી નથી. તો આજથી પચાસ વર્ષ પહેલાં તેને પડકારવા માટેનાં સાધનો પણ કેવાં જૂજ હતાં?

એક તો જૂનાં સાધનો અને વળી એ પડકાર ફેંકનાર જ્યારે જૈન મુનિ હોય ત્યારે તો અત્યંત મુશ્કેલ બની રહે તેવી એ ઘટના બની જાય!

એક જૈન મુનિ, ત્યાગી અને આધુનિક સાધનોથી દૂર રહેતા જૈન મુનિ અમેરિકાની અને રશિયાની વિશાળ વિજ્ઞાન સંસ્થાઓને પડકારતા હતા અને કહેતા હતા કે તમે ચંદ્ર ઉપર પહોંચ્યા નથી!

એ જૈન મુનિ એટલે શ્રી અભયસાગરજી મહારાજ.

પાતળી અને સૂકલકડી કાયા. બાળવયમાં તેમણે દીક્ષા લીધી હતી. વડીલો અને પંડિતો પાસે ભાષા અને ધર્મશાસ્ત્રો ભણ્યા હતા. અનેક કષ્ટો અને ત્યાગથી ભરેલી જિંદગીની વચમાં એક જ કામ કરે, સતત ભણે અને સતત વિચારે.

હિન્દુસ્તાન પ્રગતિના પંથે ચડી ગયું હતું. કિંતુ સમગ્ર વિશ્વની નજર અમેરિકા અને રશિયા જેવા દેશો પર હતી. ત્યાંનું વિજ્ઞાન જે શોધના ચમકારા બતાવતું હતું તેનાથી દુનિયા અભિભૂત થતી હતી. લોકો ઠેરઠેર એકબીજાને અમેરિકાના અને રશિયાના દાખલા આપતા હતા. વિદેશોની વાતો કરીને લોકો પોતાને ઘણા જાણકાર છે એમ બતાવતા હતા. એ સમયે અમેરિકા અને રશિયાના વૈજ્ઞાનિકોએ જાહેરાત કરી કે અમે ચંદ્ર પર જઈ રહ્યા છીએ!

અભયસાગરજી મહારાજે આ વાંચ્યું અને વિચારમાં ડૂબ્યા. એમને થયું કે જૈન ધર્મનું પણ સ્વતંત્ર ભૂગોળ અને ખગોળ છે. એ ભૂગોળ અને ખગોળ શું કહે છે તે દુનિયાને કહેવાનો આ જ સાચો સમય છે.

અભયસાગરજી મહારાજ જૈન વિજ્ઞાનના આગમગ્રંથો અને પ્રાચીન ગ્રંથો સતત વાંચવા માંડ્યા. આજનું વિજ્ઞાન ચંદ્ર પર જવા માટે શું કહે છે તે સમજવા માંડ્યું. જૈન શાસ્ત્રોમાં આ વિશે મૂલ્યવાન ઉલ્લેખો મળે છે. અણુપરમાણુ, જ્યોતિષ, ભૌતિક વિજ્ઞાન, રસાયણ, ગણિત, અંતરીક્ષ, સમય, કાળ, આ બધું જ આજના વિજ્ઞાન કરતાં ઘણું જ પ્રાચીન છે. અભયસાગરજી મહારાજને થયું કે આ તત્ત્વ મારે દુનિયાને બતાવવું જોઈએ. જૈન ધર્મ કહે છે કે અત્યારે જે પૃથ્વી દેખાય છે તેના કરતાં અનેકગણી મોટી પૃથ્વીઓ છે. અત્યારે જે સૂર્ય દેખાય છે તે સિવાય અનેક સૂર્ય પણ છે. અત્યારે જે ચંદ્ર દેખાય છે તે સિવાય અનેક ચંદ્ર પણ છે. અત્યારે જે તારામંડળ દેખાય છે તે સિવાયના પણ અનેક તારામંડળો છે. જૈન ધર્મ એમ માને છે કે આકાશમાં અમુક હદ સુધી જ આપણે જઈ શકીએ છીએ. એ પછીની દૂર જે ભૂમિ અને આકાશ છે ત્યાં જવા માટે આજનું વિજ્ઞાન મદદ કરતું નથી. કેમકે એ પ્રદેશોમાં જવા માટે જે વિશિષ્ટ શક્તિ અને ક્ષમતા જોઈએ તે આજના માનવી પાસે નથી. વળી, આજનું વિજ્ઞાન જે પુરવાર કરે છે તેનાથી ચંદ્ર અનેકગણો દૂર છે. આજનું વિજ્ઞાન જે અંતર આપે છે ત્યાં ચંદ્ર નથી!

અભયસાગરજી મહારાજે પોતાનું સંશોધન રજૂ કરતી વિગતો તૈયાર કરી, પણ પછી તેમની મૂંઝવણ વધી. એમને થયું કે પોતે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પંડિત છે. ગુજરાતી અને હિન્દી લખી-વાંચી શકે છે, પણ આ બધું કામ કરનારા તો માત્ર અંગ્રેજી જાણે છે!

અભયસાગરજી મહારાજ વિનમ્ર વિદ્યાર્થી બનીને અંગ્રેજી શીખ્યા. પોતાનો સંશોધનપત્ર અંગ્રેજીમાં તૈયાર કર્યો અને વિશ્વની સમક્ષ મૂક્યો.

વિજ્ઞાન વિશ્વમાં સનસનાટી ફેલાઈ ગઈ.

અમેરિકાના અને ભારતના વૈજ્ઞાનિકોએ સ્વિકાર્યું કે આ જૈન મુનિ, જેમની પાસે દેખીતાં કોઈ સાધનો નથી તે, જે દલીલો કરે છે તેમાં તથ્ય છે.

અમેરિકાએ સ્વીકાર્યું કે પોતે જે જગ્યાએ ગયા છે તે ચંદ્રની જ ભૂમિ છે તે કહેવું કઠિન છે!

એક જૈન મુનિની આ જીત હતી. અભયસાગરજી મહારાજે કહ્યું કે, 'ભગવાન મહાવીરના મહાન ધર્મની જે ઘોષણા છે તેને અવગણી શકાય નહીં.'

વિશ્વના વિજ્ઞાન વિદ્વાનોએ આ જૈન મુનિને વૈજ્ઞાનિક તરીકે સ્વીકાર્યા. અમેરિકાની નેશનલ જ્યોગ્રોફિકલ સોસાયટી, મુંબઈની એશિયાટીક સોસાયટી, દિલ્હીની ઓલ ઈન્ડિયા રીસર્ચ એસોસીએશન અને હૈદ્રાબાદની ડેક્કન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઑબ્ઝર્વરી જેવી સંસ્થાઓએ આ મુનિશ્રીને પોતાના માનવંતા સભ્ય બનાવ્યા. તેમના રીસર્ચ પેપર ધ્યાનથી જોવાતાં થયા. તે સમયે તેમણે જૈન ધર્મ અનુસાર સંશોધન માટે ભૂભ્રમણ શોધ સંસ્થાન નામની

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૫)*

# કોણ ઘડે છે મને ? મારી જ નાનીમા...

ડૉ. ભદ્રાયુ વછરાજાની

(આ અંકથી ભદ્રાયુભાઈની નિયમિત કોલમનો આરંભ કરીએ છીએ. જેમાં તેમના જીવનના સંસ્મરણોની પોટલીના વિવિધ રંગો વાચકની સૃષ્ટિમાં ભળશે. જીવનના અનુભવની વાતો ભદ્રાયુભાઈની કલમે....)

જીવનનાં મધ્યાહ્ન પછી વિચારવા લાગીએ છીએ કે : આપણે કોનાં પગલે જીવ્યા ? કોણ હતું એ કે જેમણે અજાણતાં જ આપણને પોતાની સાથે દોર્યા ? જાણે-અજાણ્યે આપણે કોને આદર્શ ગણીને જીવી રહ્યા છીએ ? ?... મધ્યાહ્ન પહેલાં તો ક્યાં શાન-ભાન હોય છે કે આવું કશું વિચારીએ ! ! અને આમ પણ ''મિલ જાયે વો મિટ્ટી હૈ, ખો જાયે વો સોના હૈ'' ...પાછું વાળીને જોવાની ફુરસદ અને નિસ્બત બન્ને આપણને ખોજમાં ટેકો કરે છે કે : મારો આદર્શ કોણ ?.. આજે હવે બહારી ફુરસદ પણ છે અને અંદરની નિસ્બત પણ છે, એટલે મારા આદર્શની સ્પષ્ટ ઈમેજ ઊભરી રહી છે, માનસપટ પર...

બે અદ્‌ભુત વ્યક્તિવિશેષો આંખ સામેથી ક્યારેય ખસ્યાં નથી કે કદાચ આંખ મીંચાઈ જશે ત્યાં સુધી ખસશે પણ નહીં. એક, જેની પાસે હું ઊછર્યો તે મારી નાની મા. બીજા, જેમની પાસે હું ઘડાયો તે મારા પરમ શિક્ષક -રાહબર- દિલોજાન દોસ્ત-જિનિયસ હ્યુમન બીઈંગ ! ! કહો ને કે નાનીમાએ આંગળી પકડીને ચાલતો કર્યો તો મારા પરમ શિક્ષકે મને બાવડું પકડી દોડતો કર્યો ! ! એકે જીવનનો કક્કો શીખવ્યો, તો બીજાએ આખી જીવન -બારાક્ષરી શીખવી દીધી. નાનીમાએ પ્રેમ અને કરૂણા રોપ્યાં તો પરમશિક્ષકે સત્ય અને શિસ્તની ગળથૂથી પીવડાવી. એકમાં ભારોભાર માતૃત્વ તો બીજામાં અહર્નિશ પિતૃત્વ છલકે. હું માતૃત્વની ગંગામાં નહાઈને પિતૃત્વના શિખર પર પહોંચ્યો...મારાં આજે ઘડાયેલા જીવનના સિક્કાની એક બાજુ મારી નાનીમા તો બીજી બાજુ મારા ચહીતા પરમ શિક્ષક. મારા આદર્શના સિક્કાની ઓળખમાં બસ આટલું જ કહું ત્યાં તો ભર્યોભર્યો થઈ જાઉં છું.

મા કરતાં નાનીમા પાસે ઉછરવાનું ઝાઝું બન્યું. મા-બાપનાં પાંચ સંતાનોમાં હું ચતુર્થ પણ મારી નાનીમાનો તો જાણે હું એકનો એક ! ના-ના, નાનીમાને ઘણાં બધાં સંતાનો હતાં પણ તેના ખોળામાં બેઠેલ સૌને થતું કે હું નાનીમાનો એકનો એક ! કહે છે કે અણસમજ જો સમજમાં પરિવર્તિત થાય અને પછી તેમાં અનુભવ ઉમેરાય તો ડહાપણનો જન્મ થતો હોય છે. મને મારાં ડહાપણે આજે એવું કહેવા મજબૂર કર્યા છે કે : 'સૌની માં તો મારી નાનીમા જેવી જ હોવી જોઈએ.' ..મોસાળમાં જઈએ ને નાનીમા ન હોય તો ગમતું નહીં, કારણ એ વ્યક્તિત્વ જ કંઈક એવું હતું કે તેના ચહેરાની કરૂણા આપણાં બધાં દુઃખ હરી લે ! માથે ઓઢીને બેઠેલી કરૂણા જોઈ લો. પંગતમાં બેસીને જમવાનું, પલાંઠી મારીને નીચે પાટલા પર બેસી જમવાનું પણ સાવ જ અડોઅડ નાનીમા પણ માથે ઓઢીને હસતા ચહેરે પીરસવા બેઠાં હોય. જે હાથે જમતા હોઈએ તે હાથથી જો સાંપડીયામાંથી રોટલી લેવા જઉં તો તરત મૃદુ કંઠે રોકે અને કહે : 'જમેલા હાથેથી જમવાની વાનગીને ન લેવાય.' અને જો જમણા હાથે જમતાં જમતાં ડાબા હાથથી પણ રોટલી પકડાય જાય તો હળવાશથી કહે : 'એક જ હાથ અજીઠો કરાય, બીજો હાથ તો ભગવાને પાણીનો ગ્લાસ પકડવા માટે આપ્યો છે...' અને આપણાથી બીજો અજીઠો (એંઠો) થઈ જાય તો કાં તે હાથ પાણીના છાંટા નાંખી સ્વચ્છ કરાવે અથવા તો પછી તે અજીઠા હાથની મુઠ્ઠી વળાવી દે ! ! જમતી વખતે કોઈ ચમચી માંગે તો નાનીમાં ચમચી આપતાં આપતાં ટકોર કરે કે, ભગવાને પાંચ ચમચી તો આપી છે એક હથેળી સાથે ! !

નવરાત્રિના દિવસોમાં મારી બહેનો નાના-નાના ગરબા લઈ તેમાં દીવો કરી અડોશપડોશમાં ગરબડીયો ગાવા જવાની હોંશ કરતી. નવરાત્રિ પૂરી થતાં સૌ લોકો ગરબો પધરાવવા મંદિરે જતાં. મારી નાનીમાએ નવતર નુસખો શોધેલો. મારી બહેનોના બે ગરબા ઘરમાં રહેલ મોટા તુલસી ક્યારામાં પધરાવવાનું નાનીમાએ શીખવેલું. ગરબા પધરાવેલ એ તુલસીના ક્યારાને નાનીમા રોજ પાણી રેડતી અને ધીમે ધીમે ગરબાને ધરતીમાં સમાય જતા જોયા કરતી ! માટીમાંથી બન્યા છીએ અને માટીમાં ભળી જવાનું છે. એવી જીવનની ફીલસૂફી મારી નાનીમા, મને નાનપણમાં સમજાવી ગયાં છે, તે તો હું મોટો થયા પછી જાણી શક્યો ! !

(ક્રમશઃ)

❑❑❑

bhadrayu2@gmail.com

- ભૂલો કઈ રીતે થઈ તે સમજવામાં જેટલો સમય વેડફાય છે તેના કરતાં ઓછા સમયમાં, એ ભૂલ સુધારી શકાય છે.
- ભૂખ લાગે ત્યા રેખાવું તે પ્રકૃતિ; ભૂખ ન લાગી હોય તોય ખાવું તે વિકૃતિ અને ભૂખ્યા રહી ને બીજા ને ખવરાવવું તે સંસ્કૃતિ...
- માનવીના જ્ઞાનને માપવા માટે, તેની નમ્રતા અને બધાને પ્રેમ કરવાની તેની તાકાતને તપાસવી પડે છે. - ગાંધીજી

# આઝાદીના ઇતિહાસનાં મહત્ત્વનાં સોપાન અને ગાંધીજી

**સોનલ પરીખ**

**''સામ્રાજ્યની મનમાની ચલાવી શકાય નહીં; પણ વિરોધ નૈતિક હોવો જોઇએ. સત્યાગ્રહ એટલે અન્યાય અને દમન સામે ઊભું થયેલું શુદ્ધ આત્મિક બળ'' - મહાત્મા ગાંધી**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં ૧૯૧૯ અને ૧૯૨૦ મહત્ત્વનાં વર્ષો છે. આ વર્ષોમાં ગાંધીએ ઘણાં નવા પડકારોનો સમાનો કર્યો અને ઘણા નવા પ્રારંભ પણ કર્યા. 'ગાંધી ઇન બોમ્બે' પુસ્તકના આધારે આજે આ બે વર્ષ વિશે થોડી વાત કરીએ.

વિશ્વયુદ્ધ પૂરું થાય તે પહેલા આવેલા મોન્ટેગ્યુ-ચૅમ્સફર્ડ સુધારાએ ભારતની સ્વશાસનની માગણી પર ધ્યાન આપ્યું ન હતું. લોકોએ યુદ્ધને લીધે ઘણી હાલાકી ભોગવી હતી. બ્રિટિશ શાસન પરનો ગાંધીનો વિશ્વાસ ડગવા માંડ્યો હતો. તેમાં ક્રાંતિકારીઓના સશસ્ત્ર હુમલાઓથી પરેશાન બ્રિટિશ સરકારે લોકો પાસેથી હથિયારો છીનવી લીધા અને રૉલેટ કાયદો પસાર કર્યો. આ કાયદો ભારતમાં કાળા કાયદા તરીકે ઓળખાયો, કેમ કે તે સરકારને અયોગ્ય રીતે બળ વાપરવાનો હક આપતો હતો. વિશ્વયુદ્ધમાં બ્રિટને લોકશાહીનું રક્ષણ કરવાનો દાવો કર્યો હતો, તેથી બ્રિટિશ સરકાર ભારતની સમસ્યાઓને ન્યાયપૂર્વક જોશે એવી આશા ઊભી થઇ હતી, પણ આ કાયદો તો ભારતની પ્રજાને સકંજામાં લેવાની વાત કરતો હતો.

ગાંધીએ આ કાયદા વિરુદ્ધ સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું અને તેને માટે તેમણે બોમ્બે પસંદ કર્યુ. તેમણે કહ્યું કે સામ્રાજ્યની મનમાની ચલાવી શકાય નહીં; પણ વિરોધ નૈતિક હોવો જોઇએ. સત્યાગ્રહ એટલે અન્યાય અને દમન સામે ઊભું થયેલું શુદ્ધ આત્મિક બળ.

શહેર ત્યારે રાજકીય જાગૃતિથી ધબકતું હતું. ૧૯૧૮ની ૧૨મી ડિસેમ્બરે બોમ્બેના શેરીફે લૉર્ડ વિલિંગ્ડનના માનમાં બોમ્બેના ટાઉન હૉલમાં એક સમારંભ યોજ્યો ત્યારે ઝીણા, હૉર્નિમાન, સોબાની અને અન્ય નેતાઓએ તેનો વિરોધ કર્યો. યુદ્ધની સંધ્યાએ શરૂ થયેલું 'બૉમ્બે ક્રોનિકલ' ૧૯૧૭માં સ્થાપિત થઇ ચૂક્યું હતું. તેનો ફેલાવો ખૂબ હતો.

રૉલેટ કાયદાનો વિરોધ કરવો એટલે સામ્રાજ્યવાદ સાથે સીધી ટક્કર. ગાંધીજીએ એક દળ ઊભું કર્યું. પ્રયુક્તિઓ વિચારી. પોલિસ કમિશનર તેમના પર નજર રાખતા હતા. ગાંધી જ બનાવી શકે તેવા ચોક્કસ નિયમો બનાવાયા અને જાહેર કરાયા. કાયદો રદ ન થાય ત્યાં સુધી સત્યાગ્રહ ચાલુ રાખવાનો હતો. ગાંધીજીએ સ્પષ્ટ કર્યું હતું કે સત્યાગ્રહ કોરી ધમકી નથી, હકીકત છે. આપણે જેવા સાથે તેવા થવામાં માનતા નથી. ધિક્કારનો જવાબ ધિક્કારથી, હંસાનો બદલો હિંસાથી લેવો કે દુષ્ટતાનો પ્રતિકાર દુષ્ટતાથી કરવો તે આપણને શોભે નહીં. આપણે સતત પ્રયત્ન અને ખંતપૂર્વક દુષ્ટતાને સારપમાં ફેરવવાની છે.

પહેલા ૧૯૧૯ની ૩૦ માર્ચના દિવસે સત્યાગ્રહ શરૂ કરવાનું નક્કી થયું હતું. ત્યાર પછી તારીખ બદલાઇ અને ૬ એપ્રિલ નક્કી થઇ. આ સમાચાર દિલ્હી વખતસર પહોંચ્યા નહીં તેથી ત્યાં સત્યાગ્રહ મૂળ કાર્યક્રમ પ્રમાણે શરૂ થઇ ગયો. સભા ભરાઇ. સ્વામી શ્રદ્ધાનંદની આગેવાનીમાં નીકળેલા એક સરઘસ પર પોલિસે ગોળીબાર કર્યા. ૪ એપ્રિલ ૧૯૧૯ના 'ધ બોમ્બે ક્રોનિકલ'માં 'ધ બ્લૅક સન્ડે' મથાળાવાળું પોસ્ટર છપાયું. આ પોસ્ટરનું લખાણ ઘણેભાગે ગાંધીએ તૈયાર કર્યું હતું. પત્રકારો અને નાગરિકોના અધિકારોની રક્ષાના મુદ્દે ગાંધી તરત સક્રિય થતા. જ્યારે 'ટ્રિબ્યૂન'ના તંત્રી બાબુ કાલિનાથ રૉયને સરકારે તેમને જેલમાં પૂર્યા ત્યારે ગાંધીએ તેનો વિરોધ કર્યો હતો.

૬ એપ્રિલે - સત્યાગ્રહના દિવસે રાષ્ટ્રના થઇ રહેલા અપમાન બદલ દુઃખ વ્યક્ત કરતી પ્રાર્થનાસભાઓ બોમ્બેમાં વિવિધ સ્થળે થઇ. રૉલેટ એક્ટના વિરોધમાં ચોવીસ કલાકના ઉપવાસ થયા. પરોઢ પહેલાના અંધકારમાં જ સૌ ચોપાટી આવ્યા અને સમુદ્રસ્નાન કર્યું. ગાંધીજીએ કહ્યું, 'બલિદાન વિના કોઇ દેશ ઊંચો આવતો નથી. બલિદાન વિના રાષ્ટ્રનું નિર્માણ થતું નથી. આપણે આત્મબલિદાનથી અને કોઇ પણ પ્રકારની હિંસાનો આશ્રય લીધા વિના પોતાનું નિર્માણ કરવાનું છે.' ગાંધીના શબ્દો લોકોને દેશાભિમાનથી ભરતા હતા.

ગાંધીએ મુસ્લિમોને અને બહેનોને સત્યાગ્રહમાં જોડાવા અપીલ કરી. શહેરની ૮૦ ટકા દુકાનો અને વ્યાપારવણજ બંધ હતાં. કાપડબજાર, મચ્છીબજાર ને શાકમાર્કેટમાં પણ કાગડા ઊડતા હતા. નાના વેપારી, ફેરિયાઓ, ચપરાસીઓ, કારકુનો, વિકટોરોયા હાંકનારાઓ, હજામો, ધોબીઓ સહુએ પોતાનું કામ બંધ રાખ્યું હતું. સાંજે વિરાટ સભા ભરાઇ. લોકોએ ઉપવાસ છોડ્યા.

સવિનય ભંગની બીજી રીત પ્રતિબંધિત પુસ્તકો વેચવાની હતી. સાંજે સ્વયંસેવકો પુસ્તકો વેચવા નીકળી પડ્યા. એક ગાડીમાં સરોજિની નાયડુ ને ગાંધી નીકળ્યા. પુસ્તકોની નકલો ચપોચપ વેચાઇ. ચારચાર આનાનાં પુસ્તકોના લોકોએ પાંચ, દસ, વીસ

રૂપિયા આપ્યા. એક માણસે તો પચાસ રૂપિયા પણ આપ્યા. ગાંધીએ કહ્યું હતું કે બોમ્બેની હડતાલ પૂર્ણપણે સફળ રહી હતી. સવિનય અસહકારની તૈયારીમાં કોઇ ક્ષતિ રહી ન હતી.

ગાંધીએ ઇન્ડિયન પ્રેસ એક્ટની તરફેણમાં 'સત્યાગ્રહી' નામનું છાપું કાઢ્યું. ૧૩ એપ્રિલ વૈશાખીના દિવસે અમૃતસરના જલિયાંવાલા બાગમાં ભરાયેલી એક સભા પર જનરલ ડાયરે કોઇ ચેતવણી આપ્યા વિના કરાવેલા ગોળીબારમાં સેંકડો નિર્દોષોએ પ્રાણ ગુમાવ્યા. વાતાવરણ સ્ફોટક બન્યું. ક્યાંક ક્યાંક લોકો ઉશ્કેરાઇને હિંસા પર ઊતરી આવ્યા હતા. દેશ ખળભળી ઊઠ્યો. લોકો તૈયાર ન હતા અને સવિનય ભંગને સમજ્યા ન હતા ત્યારે તેમને લડત માટે પ્રેરવામાં પોતે પહાડ જેવડી ભૂલ કરી છે તેવું તેમણે કહ્યું. તેમણે ત્રણ દિવસના ઉપવાસ કર્યા અને ૧૮ એપ્રિલે સત્યાગ્રહ મોકૂફ રાખવાની ઘોષના કરી.

જો કે લોકોના વિરોધથી હચમચી ગયેલી સરકારે આકરા પગલાં ભરવા ચાલુ રાખ્યાં. રોલેટ એક્ટના વિરોધમાં 'બૉમ્બે ક્રોનિકલ'ના તંત્રી હૉર્નિમાને ગાંધીને સાથ આપ્યો. તેમને વિલાયત મોકલી સરકારે 'બોમ્બે ક્રોનિકલ' બંધ કર્યું. શહેરમાં રોષનું મોજું ફેલાયું. ૩૧ મેથી છાપું ફરી શરૂ થયું ત્યારે તેની તંત્રીસ્થાનેથી લખતી કૉલમ પ્રતિબંધના વિરોધમાં કોરી મુકવામાં આવતી હતી. 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' આ ગાળામાં શરૂ થયા હતાં.

આ દરમિયાન ભારતના રાજકીય તખતા પર ખિલાફતના મુદ્દાનો પ્રવેશ થઇ ચૂક્યો હતો. પહેલા વિશ્વયુદ્ધમાં જર્મનીની સહાયથી તુર્કસ્તાન બ્રિટન સામે લડ્યું હતું. વિશ્વયુદ્ધ પૂરું થયા પછી બ્રિટિશ સરકારે મુસ્લિમોના ધર્મગુરુ ગણાતા ખલીફાને ઉદારતાપૂર્વક આપેલાં વચનો પળાયાં નહીં, તુર્ક સામ્રાજ્ય ખળભળી ગયું અને ધર્મસ્થાનો સુરક્ષિત રહ્યા નહીં તેથી ભારતના મુસ્લિમો ખિલાફત આંદોલન ઉપાડ્યું હતું. ગાંધીએ ખિલાફતને ટેકો આપ્યો. રાજકીય મુદ્દાઓ ઉપાડવા સાથે ગાંધી લોકોના ઉત્કર્ષ માટે પણ સજાગ હતા : 'જ્યાં સુધી આપણે સ્વદેશીના એકનિષ્ઠ વ્રતધારી નહી થઇએ ત્યાં સુધી સ્વરાજ આવવાનું નથી. હવા, પાણી અને ખોરાક જેટલી જ અનિવાર્યતા સ્વદેશીની છે, કારણ કે સ્વદેશીના પ્રસારથી જ દેશની ગરીબી દૂર થશે.' સ્વદેશી આંદોલનમાં સ્ત્રીઓ ગાંધીની સૌથી વધારે વિશ્વસનીય અને સક્રિય ટેકેદાર બની રહી. ૧૩ જૂને જૈન માંગરોળ સભા હૉલમાં ભરાયેલી બહેનોની એક સભાને સંબોધતાં ગાંધીએ તેમને ફેશનના પ્રચલિત ખ્યાલોને બાજુ પર મૂકી સ્વદેશી અપનાવવાની પ્રેરણા આપી.

૧૯૧૯ના વર્ષમાં ગાંધી બોમ્બેમાં ખાસ્સું રહ્યા. તેમના અનુયાયીઓ અને ટેકેદારોની સંખ્યા વધતી જ ગઇ. શરૂઆતમાં સરકારને અને ભારતના બૌદ્ધિક વર્ગને સત્યાગ્રહની કાર્યક્ષમતા અંગે શંકાઓ હતી. જો કે કાયદાનું તાત્કાલિક નિરસન થયું ન હતું. પણ રોલેટ સામેનો સત્યાગ્રહ, પંજાબમાં થયેલી આપખુદીનો વિરોધ અને ખિલાફતમાં એમની સક્રિયતાને લીધે તેમની આભા સ્થાનિક પ્રદેશો પૂરતી સીમિત ન રહેતા દેશભરમાં પ્રસરી હતી. રાજકારણનો તેમનો અપરંપરાગત દૃષ્ટિકોણ, અભિનવ રણનીતિ, જુદા જુદા વૈચારિક પ્રવાહોને એકત્ર કરવાનું સામર્થ્ય અને દરેક સ્તરે લોકોને સક્રિય કરવાની ક્ષમતાએ તેમને ભારતના નિર્વિવાદ નેતા તરીકે સ્થાપ્યા. ૧૨ એપ્રિલ ૧૯૧૯ના પત્રમાં ટાગોરે તેમને 'મહાત્મા' કહ્યા અને આ વિશેષણ લોકોના હૈયામાં અચલ બની ગયું.

બ્રિટિશ શાસન સામેનો વિરોધ અને વિવિધ વણસંતોષાયેલી માગણીઓ એક વિરાટ મોજામાં સમાઇ ગયાં અને આ મોજાએ સમગ્ર દેશને આવરી લીધો. વીસમી સદીના પહેલા બે દાયકામાં શાસકોનો દુર્વ્યવહાર, આર્થિક ભીંસ અને અનાજ અને અન્ય જરૂરી ચીજોની તંગીએ લોકોમાં ભારે અસંતોષ પેદા કર્યો હતો. જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે નીમાયેલી હંટર કમિટીના અહેવાલે કોંગ્રેસનો ભ્રમ તોડી નાખ્યો હતો. જુલમી અને આપખુદ શાસન સામે અસહકાર કરવા સિવાય કોઇ માર્ગ રહ્યો નથી તેવી સૌને ખાતરી હતી. અસહકારમાં સરકારી શાળા, કૉલેજ, અદાલત, વિદેશી કાપડ, સરકારી સેવામાંથી રાજીનામાં મૂકવાં, સરકારી પદ છોડવાં અને કર ન ભરવાનો સમાવેશ થતો હતો. આંદોલને વેગ પકડ્યો તે સાથે સ્વદેશી, રાષ્ટ્રીય કેળવણી આપતી સંસ્થાઓની સ્થાપના, કાંતણ અને ખાદી, અસ્પૃશ્યતાનિવારણ અને હિંદુ-મુસ્લિમ એકતા જેવા રચનાત્મક કાર્યક્રમો પણ ઉપાડવામાં આવ્યા. કોંગ્રેસના આ નવા કાર્યક્રમોને લોકોએ ખૂબ ઉત્સાહથી સાથ આપ્યો. તેમાં ગાંધીનો પ્રભાવનો ફાળો પણ ઓછો ન હતો. અસહકારનું ગાંધીએ ફૂંકેલું બ્યૂગલ હવે રણશિંગુ બની ગયું હતું. ૧૯૨૦માં દેશભરમાં ભ્રમણ કરતા હોવા છતાં ગાંધી બોમ્બે સાથે સતત જોડાયેલા રહ્યા. બ્રિટિશ શાસન સામે થઇ રહેલા અસહકારનું બોમ્બે મહત્ત્વનું કેન્દ્ર હતું. ખિલાફત અને સ્વદેશીમાં પણ બોમ્બે અગ્રિમ હરોળમાં હતું.

ખિલાફત બાબતે મુસ્લિમોમાં જેટલો ઉત્સાહ હતો તેટલો કોંગ્રેસમાં કે ત્યારના હિંદુ નેતાઓમાં ન હતો. રવીન્દ્રનાથ ટાગોરના મતે ખિલાફત અતાર્કિક અને રાજકીય વિક્ષોભ કરનારી બાબત હતી. સી.એફ. એન્ડ્રુઝે પણ ગાંધી સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. પણ ગાંધી ખિલાફતને નૈતિક મામલો ગણતા હતા. તેમના સાથીઓમાંના ઘણાને ગાંધીએ વધુ વિશાળ અને ધર્મનિરપેક્ષ મુદ્દો કેમ ન ઉઠાવ્યો તેનું આશ્ચર્ય થતું હતું. ઑગસ્ટ ૧૯૨૦માં અસહકારનો કાર્યક્રમ શરૂ થયો. અને તરત ગાંધીએ ખિલાફતને રાષ્ટ્રવાદી રાજકારણની મુખ્ય ધારામાં ભેળવી દેવાની યોજના અમલમાં મૂકી.

૧૩ એપ્રિલ ૧૯૧૯ના દિવસે જલિયાંવાલા બાગમાં હિંદુ-મુસ્લિમ લોહીની સહિયારી નદી વહી હતી તેની સ્મૃતિમાં ગાંધીએ લોકોને ૬ એપ્રિલને દિવસે ઉપવાસ કરવાનું અને રૉલેટ કાયદાનો વિરોધ કરવાનું સૂચવ્યું હતું. ઉપરાંત ૬ થી ૧૩ એપ્રિલ સુધી જલિયાંવાલાના શહીદોને અંજલિ આપતી પ્રવૃત્તિઓ કરવી અને અંતે સરકારને હત્યાકાંડ અંગે અને એવો હિચકારો બનાવ ફરી ન બને તે માટે નક્કર પગલાં ભરવાની વિનંતી કરતી સભા ભરવી એવી યોજના હતી. ગાંધીએ કહ્યું કે આ રાષ્ટ્રીય સપ્તાહ વિશુદ્ધિ, બલિદાન, શિસ્ત અને રાષ્ટ્રીય સંવેદનાની આપૂર્તિનું બની રહેવું જોઇએ અને આ દિવસો દરમ્યાન દરેકે સત્યાગ્રહ, હિંદુ-મુસ્લિમ એકતા અને સ્વદેશી માટે બનતું બધું કરી છૂટવું જોઇએ.

૨૨ જૂન ૧૯૨૦ના દિવસે મણિ ભવનથી ગાંધીએ વાઇસરૉયને એક પત્ર લખ્યો અને જણાવ્યું કે સર્વ મુસ્લિમો અને હિંદુઓ બ્રિટિશ શાસનના ન્યાયમાં વિશ્વાસ ગુમાવી બેઠા છે, એટલે હવે અસહકાર એ જ એકમાત્ર ગરિમાપૂર્ણ બંધારણીય ઉપાય બચ્યો છે, કારણ કે શાસન જ્યારે કુશાસન બને ત્યારે તેને મદદ ન કરવી એ જ સાચો અને શાશ્વત માર્ગ છે. ૧ ઑગસ્ટ ૧૯૨૦ના દિવસે આંદોલનનો ઔપચારિક પ્રારંભ થયો. ઉપવાસ, હડતાલ અને તિલકના મૃત્યુને દિવસે કાઢેલી શાંતિયાત્રા તેનો ભાગ હતા.

લોકોને કહેવામાં આવ્યું હતું કે જે સક્રિય અસહકાર ન કરી શકે તે મૌન સમર્થન આપે અને આમ સમગ્ર દેશ અસહકારમાં સામેલ થાય. સ્વદેશીનો પ્રચાર પણ અસહકારનો જ એક ભાગ હતો. સફળતા માટે સંપૂર્ણ શિસ્ત અને આત્મનિયંત્રણ અનિવાર્ય છે તે એ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું. ગાંધીએ જાહેર કરી દીધું હતું કે ભાષણો અને સભાઓનો વખત ગયો, હવે આચરણનો સમય આવ્યો છે.

અસહકાર આંદોલનના પ્રારંભથી ભારતના ઇતિહાસનું એક નવું પ્રકરણ ખૂલ્યું. ગાંધીએ વાઇસરૉય પર પત્ર લખી પોતાને મળેલો 'કૈસર-એ-હિંદ' ખિતાબ અને સુવર્ણચંદ્રક પાછાં આપ્યાં. આ બંને તેમને દક્ષિણ આફ્રિકામાં ઝૂલુ વિદ્રોહ અને બોઅર યુદ્ધ વખતે માનવતાના નાતે કરેલી મદદ બદલ બ્રિટિશ સરકારે આપ્યાં હતાં. આ બધું પાછું આપતાં તેમણે લખ્યું કે ખિલાફત સાથે અનુસંધાન ધરાવતા અસહકાર આંદોલનના આજે થતા પ્રારંભ સંદર્ભે એ જરૂરી છે. અને ઊમેર્યું કે યુરોપના કોઇ દેશમાં ખિલાફત કે પંજાબ જેવી ઘટનાઓ બની હોત તો તેનો અંજામ લોહિયાળ ક્રાન્તિમાં આવ્યો હોત. પણ અડધું ભારત હિંસક પ્રતિકાર કરી ન શકે તેટલું નબળું છે અને બાકીનું અડધું તેમ કરવા માગતું નથી. તેથી મેં અસહકારનો ઉપાય શોધ્યો છે, જેથી સરકારને સહકાર આપવા ન માગતા સૌ તેમાં ભાગ લઇ શકે અને જો સરકાર હિંસા કે દમનથી કામ ન લે અને બંધારણીય પગલાં લે તો અમને પણ અમારી ભૂલો સુધારવાનો મોકો મળે. મેં આ નીતિ એટલા માટે પસંદ કરી છે કે મેં બ્રિટિશ શાસનની ન્યાયબુદ્ધિ પરની શ્રદ્ધા હજી ગુમાવી નથી. કઠોર પત્રના અંતે ગાંધીએ વિનયપૂર્વક સહી કરી હતી, 'આપનો આજ્ઞાકિત રહેવા ઇચ્છતો, એમ.કે. ગાંધી.'

વિદ્યાર્થીઓ અને સ્ત્રીઓ મોટા પ્રમાણમાં અસહકાર અને સ્વદેશીમાં જોડાયા હતા. હોમરૂલના નેતાઓએ પણ ઊલટભેર ભાગ લીધો હતો. લોકો નવી ઊર્જાથી ભરાઇ ગયા હતા. આઝાદીની લડાઇનો આ તબક્કો ખૂબ રોમાંચક અને પ્રેરણાદાયક છે. પુસ્તકમાં આપેલી વિગતોનું દસ્તાવેજી મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે.

❑❑❑

મો. ૯૮૩૩૭૦૮૪૯૪


**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું**
**બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.
**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ................ દ્વારા આ સાથે મોકલું છું / તા. ............... ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ..............................................................

સરનામું..............................................................

..............................................................

પીન કોડ........................... ફોન નં. ..............................

મોબાઈલ ...................... Email ID ..............................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**

**ઑફિસ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિફોન : ૦૨૨ ૨૩૮૨૦૨૯૬.
Email ID : shrimjys@gmail.com

## સર્જન-સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **અષ્ટમંગલ માહાત્મ્ય**
સંશોધન : ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્‌વિજય ઘોષ સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ.પૂ. સંઘશાસન આ.ભ. શ્રીમદ્ જયસુંદર સૂરીશ્વરજી મહારાજ
આલેખન : પ.પૂ. વર્ધમાન તપોનિધિ આ.ભ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પ.પૂ. મુનિશ્રી સૌમ્યરત્નવિજયજી મ.સા.
મૂલ્ય : રૂા. ૬૫૦/-. પાના-૧૯૬.



આવૃત્તિ - પ્રથમ, વિ.સ. ૨૦૭૩, ઈ.સ. ૨૦૧૭
પ્રાપ્તિસ્થાન : અમદાવાદ
સિદ્ધાંત મહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી શ્રુતસદન 'પ્રેમકુંજ', પરિમલ જૈન સંઘના ઉપાશ્રયની વાડીમાં આનંદમંગલ કોમ્પ્લેક્ષ-૩ પાસે, તુલસીબાગ સોસાયટી, હીરાબાગ ક્રોસિંગ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૬.
સંપર્ક (૯૯૭૪૫૮૭૮૭૯ - યોગેશ ભાઈ)
મુંબઈ - શ્રી અક્ષયભાઈ શાહ
૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન દેરાસર સામે, સર્વોદય નગર, મુલુંડ (પ),
મુંબઈ-૪૦૦૦૮૭. મો. ૯૫૯૪૫૫૫૫૦૫
કાયમી સંપર્ક : મુનિ સૌમ્યરત્ન વિજય, શિલ્પવિધિ,
C/o. શ્રી બાબુભાઈ બેડાવાળા
૧૧, બોમ્બે માર્કેટ, રેલ્વેપુરા,
અમદાવાદ- મો. ૯૪૨૬૫૮૫૯૦૪

જૈનાગમ, શાસ્ત્રો, પ્રકીર્ણક ગ્રંથો, શિલ્પગ્રંથો, વિધિગ્રંથો, કોશગ્રંથો, દિગંબર ગ્રંથો, અન્ય દર્શનીય (વૈદિક બૌદ્ધ) ગ્રંથો, જૈન સામાયિકો, શોધ લેખો આદિના આધારે ઉપલબ્ધ જૈન સાહિત્યમાં સર્વ પ્રથમવાર શાશ્વત સિદ્ધ અષ્ટમંગલોના પ્રત્યેક મંગલ સંબંધિત વિસ્તૃત વર્ણનાત્મક શોધ નિબંધ સ્વરૂપ શાસ્ત્રીય સંદર્ભ એટલે -

**અષ્ટ મંગલ માહાત્મ્ય**

જગતમાં મંગલો તો અનેક પ્રકારનાં છે. અન્ય દર્શનોમાં પણ વિવિધ પ્રકારનાં મંગલો કહયા છે. પરંતુ જૈન આગમોક્ત અષ્ટમંગલ શાશ્વત સ્વરૂપમાં છે અને આગમોમાં તેને દરિસણિજ્જા અર્થાત્ વારંવાર દર્શન કરવા યોગ્ય - દાર્શનિક કહેવા દ્વારા અત્યંત સન્માનનીય સ્થાન અપાયેલું છે.

**મુનિ સૌમ્યરત્ન જણાવે છે.**

''અષ્ટમંગલ સંદર્ભે થોડી ઘણી છૂટી છવાઈ સામગ્રી ઉપલબ્ધ થતી હતી. આ દરેક સંદર્ભોનું અવગાહન કરવું બધા માટે શક્ય હોતું નથી. તેથી મને પ્રાપ્ત સર્વ સંદર્ભોના એક સ્થાને યથા શક્ય સંગ્રહ થઈ જાય, ભવિષ્યના અન્ય સંશોધન માટેની પૂરક સામગ્રી બને તથા અષ્ટમંગલ એક રેફરન્સ બુક તૈયાર થાય એ ભાવનાથી અહીં શાસ્ત્રસંદર્ભો, શિલ્પસંદર્ભો, અને સંશોધન સંદર્ભોને આવરી લઈને આલેખન કરવાનો પ્રયત્ન કર્યો છે. તથા સંશોધકોની કેટલીક શાસ્ત્રવિરુદ્ધ કલ્પનાઓનો પણ જે તે યોગ્ય સ્થાને રદિયો આપવાનો પ્રયત્ન કર્યો છે.''

સૌ પ્રથમ મંગલ અને અમંગલનું સવિસ્તર આલેખન કરી, ત્યાર બાદ દરેક મંગલ વિશે પ્રરૂપણ કરેલ છે તથા અન્ય પૂરક સામગ્રી પરિશિષ્ટરૂપે આપેલ છે.

આ ગ્રંથમાં નીચેના શીર્ષક પ્રમાણે ચર્ચા કરવામાં આવેલ છે.

(૧) શ્રીવત્સ અને નંદ્યાવર્ત
(૨) અષ્ટમંગલ આલેખન કે પૂજન ?
(૩) અષ્ટમંગલ અને વૈજ્ઞાનિક અભિગમ
(૪) અષ્ટમંગલ અને પંચતત્વ-નવગ્રહ
(૫) અષ્ટમંગલ અને ચિંતન
(૬) અષ્ટમંગલ ચિત્રકાવ્ય સંબંધ
(૭) અષ્ટમંગલ વધામણાં
(૮) અષ્ટમંગલ માહાત્મ્ય ઘોષણા

આચાર્ય વિજય પદ્મસાગરસૂરિજી લખે છે

''જૈનાગમ આદિ વિવિધ શાસ્ત્રોની દષ્ટિએ અષ્ટમંગલમ માહાત્મ્યને ઉજાગર કરવાનો સૌ પ્રથમમાં આપનો આ પ્રયત્ન સ્તુત્ય છે. આ દ્વારા અનાદિકાળથી મંગલસ્વરૂપ આ માંગલિકોનો મહિમા અને જાણકારી જનસાધારણ સુધી પહોંચશે એવી આશા વ્યક્ત કરું છું.''

**આચાર્ય હેમપ્રભસૂરિ લખે છે,**

''આ આઠ મંગલો જગતને સર્વશ્રેષ્ઠ મંગલો છે. જે શ્રી તીર્થંકર પરમાત્માના ચરણોમાં સદા આળોટે છે. આવા મંગલોના વિસ્તૃત વર્ણન દ્વારા સકલ સંઘનું કલ્યાણ થાઓ. તેવી શુભેચ્છા સહ અનુમોદન.''

**વિજય અભયદેવસૂરિ લખે છે,**

''પ્રભુની આગળ આગળ ચાલનારા શાસ્ત્રનિર્દિષ્ટ સૌમ્યતાને ધારણ કરનારા અષ્ટમંગલ અષ્ટનીયનું નિવારણ કરી અષ્ટકર્મને નાશ કરનારા બને છે. ઐશ્વર્યને આપનાર આઠે મંગલ સંઘોને આદરણીય અને આવકાર્ય બને. આપે મંગલ વિષયમાં શાસ્ત્રાનુસારી તલસ્પર્શી અભ્યાસ દ્વારા પુસ્તિકાના માધ્યમે જે માર્ગદર્શન આપ્યું છે તે અનુમોદનીય છે.''

**આચાર્ય રત્નસુંદરસૂરીશ્વરજી લખે છે**

''અહીં સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાન ભદ્રાસન, કલશ, મીનયુગલ, અને દર્પણ આ અષ્ટમંગલ પર વિદ્વર્ય મુનિરાજ સૌમ્યરત્નવિજયજીએ અનેક શાસ્ત્રગ્રંથોના આવેલ અને શાસ્ત્રપંક્તિઓના આધારે જે પ્રકાશ પાથર્યો છે, એ સાચે જ ભલભલા વિદ્વદ્‌જનોને સ્તબ્ધ કરી દે એવો છે !''

આવા ઉત્તમ નજરાણાંની બહુમૂલ્ય ભેટ જૈન વાચકે વાંચવા, વસાવવા અને અન્યોને વંચાવવા - સમજાવવા જેવો આ બહુમૂલ્ય ગ્રંથ જૈન સમાજનું ગૌરવ છે.

◆◆◆

પુસ્તકનું નામ : **ધર્મનાં દશ લક્ષણ**
લેખક : ડૉ. હુકમચંદ ભારિલ્લ, એમ.એ., પીએચ.ડી જયપુર
અનુવાદક : રમણલાલ માણેકલાલ શાહ - બીએસ.સી. બી.ટી.





પ્રકાશક : પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, કહાનનગર, લામરોડ, દેવલાલી-૪૨૨૪૦૧

મૂલ્ય : રૂા. આઠ. પાના-૨૭૬ આવૃત્તિ-ચોથી

'ધર્મના દશલક્ષણો' - આ મનોહર કૃતિ એ ધર્મસાધનાના એક ભાગરૂપે પ્રસિદ્ધ દાર્શનિક વિદ્વાન ડૉ. હુકમચંદજી ભારિલ્લના મનોગત ઊંડા અધ્યાત્મ-ચિંતનનો પરિપાક છે.

આ ગ્રંથનો ઉદ્દેશ્ય ધર્મનું સમ્યક્ સ્વરૂપ પ્રસિદ્ધ કરવાનો છે. આ ગ્રંથમાં દશલક્ષણ - મહાપર્વ, ઉત્તમક્ષમાદિ દશધર્મ અને ક્ષમાવાણી - એમ મળી કુલ બાર પ્રકરણો વિષય અંતર્ગત લખવામાં આવેલા છે. તથા ઉત્તમક્ષમા - માર્દવ - આર્જવ - સત્ય - શૌચ - સંયમ - તપ - ત્યાગ - અકિંચન્ય - બ્રહ્મચર્ય અને દશ ધર્મનું ભિન્ન ભિન્ન વિવેચન કરવામાં આવ્યું છે.

ધર્મના અંતર્બાહ્ય સ્વરૂપને દર્શાવતું હિન્દી ભાષામાં આ પુસ્તક પ્રકાશિત થયા પછી ગુજરાતીમાં અનુવાદ પ્રકટ રમણલાલ શાહે કર્યો; ભારિલ્લજીના અધ્યાત્મચિંતનનો પૂરો લાભ સમાજને થાય એ વિચારના બળે આ સુંદર અનુપમ કૃતિનો અવતાર થયો છે.

ડૉ. પ્રેમચંદજી જૈન લખે છે, ''ડૉ ભારિલ્લે સુંદર રોચક શૈલીમાં ધર્મના સ્વરૂપને સ્પષ્ટ કર્યુ છે. આધ્યાત્મિક રૂચિવાળા પાઠકો માટે આ પુસ્તકમાં ચિંતન મનનની ભરપુર સામગ્રી છે.''

◆◆◆

પુસ્તકનું નામ : **રવીન્દ્ર ચર્યા**

સંપાદકો : નિરંજન ભગત, રાજેન્દ્ર પટેલ, શૈલેશ પારેખ

પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રચતપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

ફોન : ૦૭૯-૨૬૩૦૪૨૫૯

મૂલ્ય : રૂા. ૨૨૫/- પાના : ૧૨+૨૨૪ આવૃત્તિ પહેલી ઈ.સ. ૨૦૧૭

રવીન્દ્રભવનનો આ પ્રથમ પ્રકાશન પ્રયાસ છે. જેમાં રવીન્દ્રનાથની બહુવિધ સાહિત્યિક





પ્રતિભા ગુજરાતીમાં પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. અનેક સાહિત્યકારોએ ગુજરાતી રવીન્દ્ર સાહિત્યને સમૃદ્ધ કર્યુ છે. ગુજરાતી રવીન્દ્ર સાહિત્ય સંખ્યા, વૈવિધ્ય અને ગુણવત્તાની દૃષ્ટિએ માતબર કહી શકાય, તે છતાં ગુજરાતીમાં સંપૂર્ણ રવીન્દ્રનાથને મેળવતાં હજી ઘણો સમય લાગશે. 'રવીન્દ્રચર્યા' આ દિશામાં એક નાનું પગલું કહી શકાય. આ પુસ્તકમાં રવીન્દ્ર સાહિત્યનાં વિવિધ પાસા, અનુવાદ અને વિવેચન દ્વારા પ્રસ્તુત થયા છે. સાથે સાથે ગુજરાતીમાં અપ્રગટ રહેલા રવીન્દ્રનાથના થોડા અંશો પણ અહીં આવરી લેવાયા છે.

નાટકથી આરંભ કરીને નવલકથા, નિબંધ પત્રો અને અનુવાદમાં વિચરતી આ યાત્રા રવીન્દ્રનાથની ભારતીયતામાં વિરમે છે.

ગુજરાતી વાચક સમક્ષ અનુવાદ અને અર્થપૂર્ણ તેમજ રસપ્રદ વિવેચન દ્વારા પ્રગટ થતુ રવીન્દ્ર સાહિત્યનું આ ગુજરાતી અવતરણ રવીન્દ્રનાથની બહુવિધ પ્રતિભાની તેમજ તેમનું વ્યાપક, વિપુલ, વિવિધ વિદ્વત્તા પૂર્ણ અને વિલક્ષણ સાહિત્યની ઝાંખી કરાવે છે.

◆◆◆

પુસ્તકનું નામ : **કોઈ ઝબકે, કોઈ ઝબકાવે**

લેખક : ધીરેન્દ્ર મહેતા

પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

ફોન નં. ૦૭૯-૨૨૧૪૪૬૬૧

મૂલ્ય : રૂા.૧૨૦/- . પાના : ૬ + ૧૦૬.

આવૃત્તિ : પહેલી - ૨૦૧૭





'કોઈ ઝબકે, કોઈ ઝબકાવે' પુસ્તક વિશે લેખક પોતે જ કહે છે કે આ અંગત સ્મૃતિઓએ ઘેરી આપેલા વ્યક્તિચિત્રો છે. જેમાં ઓગણીસમાંથી સોળ વ્યક્તિચિત્રો દિવંગત વ્યક્તિઓ વિશેના છે. જેમાં લેખક સ્મૃતિ સંચિત ક્ષણોને સંવેદ્ય રૂપ આપે છે. જે કેટલીય વાર સ્મૃતિતંત્રમાં આવીને લેખકના સંવેદના તંત્રને ઝબકાવે છે. અને તેથી જ કદાચ. એમના રેખાચિત્રોમાં લેખકને પોતાને ભાવોદ્રેક વરતાતો હોય એમ લાગે છે.

સૌથી વધુ આકર્ષક બીના આ વ્યક્તિચિત્રોમાં આલેખનમાં લેખકે વ્યક્તિના નામની સાથે એક હૃદયસ્પર્શી અને વ્યક્તિની સંપૂર્ણ ઓળખ આવી જાય એવું કથન મૂક્યું છે. જે લેખકની વિશિષ્ટતા ગણાય. દા.ત.'દર્શક' - સમય સાથે સ્મૃતિની સાંઠગાંઠ

ચંદ્રકાન્ત બક્ષી - વ્યક્તિત્વ અને કૃતિત્વની હોડ,

અમૃત ઘાયલ - પાનરસમાં ચમકતું સ્મિત

રાજેન્દ્ર શુક્લ - મને કેમ વીસરે....

સુરેશ જોશી - સાહિત્યિક આબોહવા

પન્નાલાલ પટેલ - શુદ્ધ પ્રણયભાવની અપૂર્વ અભિવ્યક્તિ

વ્યક્તિના શબ્દચિત્રોની સાથે સાથે દરેક વ્યક્તિઓના ફોટા આપી લેખનું આકર્ષણ રંગ પૂરે છે.

◆◆◆

પુસ્તકનું નામ : **વિરાટનો હિંડોળો**

લેખક : બકુલ દવે

પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ

અમદાવાદ - ૩૮૦૦૦૧.

ફોન નં.: ૦૭૯-૨૨૧૪૪૬૬૩

મૂલ્ય : રૂા. ૨૨૫/-. પાના : ૮+ ૨૩.

આવૃત્તિ-પ્રથમ - ૨૦૧૬





પુસ્તકમા પ્રારંભીમાં જ લેખક પોતાના લેખોમા સ્વરૂપ વિશે લખે છે ''હું + મારી ડાયરી = નિબંધ..'' આ પુસ્તકમાં મૂકેલા લેખો લઘુનિબંધ રૂપે છે.

લેખક પોતે જ કહે છે કે પોતે લખેલ ડાયરીનાં પાના ફેરવતાં તેમાં અનેક જગ્યાએ અણીશુદ્ધ એવા ચિંતનાત્મક ગદ્યના પરિચ્છેદો મળી આવ્યા. જેમાં તેઓને

એક સ્વતંત્ર નિબંધની ગુંજાઈશ જણાઈ અને તેને પોતાના નિબંધનો વિષય બનાવ્યો, પોતાની ડાયરીમાં માનવીય સંવેદનાઓ વિશે પાના ભરીને લખ્યું છે વહેતા સમયની સાથે પરિવર્તન પામતી સ્થિતિઓની વાત લખી છે. કેટલાંક પાત્રો અને શેરીનના શબ્દચિત્ર પણ દોર્યા છે. આ બધામાં લેખકે નિબંધનો ચહેરો દેખાયો તેને આ પુસ્તકમાં લાવવાનો તેમણે પ્રયત્ન કર્યો છે.

પોતાની નવલકથાઓમાં એવા ગદ્યખંડો હોય જેમાં નિબંધનું બીજ પડેલું લેખકને જણાયુ. જેમાં ચિંતનની ભરપૂર શક્યતાઓ હતી. આ પુસ્તકમાં એ ચિંતન સ્વતંત્ર નિબંધનો આકાર ધરી પ્રકટ થયા છે. પોતે અનુભવેલ આ જગત અને માનવીય સંવેદનાઓની ફલાશ્રુતિ આ નિબંધિકાઓમાં વ્યક્ત કરી છે.

સૌથી વધુ આકર્ષણની બાબત તો એ છે કે ૧૦૩ નિબંધના શીર્ષક અને તેની નીચે આપેલ કથન બન્ને વિચાર પ્રેરક છે.

દા.ત. (૧) શીર્ષક : પ્રેમમાં પડાય નહિં ઉપર ઉઠાય।

કથન : છોડ દે સારી દુનિયા કિસી કે લિયે
યે મુનાસિબ નહિ આદમી કે લિયે

**ઈન્દિવર**

**(પાનું ૩)**

(૧) શીર્ષક : **અનેક રીતે પ્રગટ થવાનું ઐશ્વર્ય**

કથન : તને જે આવડે તે ગાને,
એ રીતે સ્વયંની વહારે તું ધા

**રમેશ પારેખ**

**(પાનુ ૬૩)**

(૩) શીર્ષક : ચહેરા અને મહોરાં

કથન : કોઈ કિતાબની માફક એ ઉઘાડી બેઠો
નજીક આવ્યો તે એ ચહેરો ઉદાસ વંચાયો

**હરીન્દ્ર દવે**

**(પાનું - ૯૫)**

(૪) શીર્ષક : આત્માથી પરમાત્મા સુધી

કથન : ઊનાં રે પાણીમાં અદ્ભુત મછલાં
તેમાં આસમાની ભેજ એમાં આત્માના તેજ
સાચા તો યે કાચાં જાણે કાચના બે કાચલા

**(પાનું - ૧૫૧)**

**- વેણીભાઈ પુરોહિત**

◆◆◆

પુસ્તકનું નામ : **પુસ્તક એટલે પુસ્તક**
સંપાદક - સંકલન : મુનિ આત્મદર્શન વિજય
પ્રાપ્તિ સ્થાન : (૧) દામજી આસદીર ગડા
ગીતા ભુવન, રૂમ નં. ૯, કાર્ટર રોડ-૭
બોરીવલી (ઈસ્ટ), મુંબઈ
મો. -૯૮૨૧૧૩૮૯૫૧
(૨) કિરીટ કુંવરજી ગડા
માલાની નિવાસ, કાલીના યુનિવર્સિટી સામે
વિદ્યાનગરી માર્ગ, સાન્તાક્રુઝ (ઈ),
મુંબઈ - ૪૦૦૦૯૮.
મો. ૯૮૨૦૮૦૩૩૨૨
મૂલ્ય: રૂા. ૭૫/-. પાના : ૨૬૪.
આવૃત્તિ - દ્વિતીય ઈ.સ. ૨૦૧૨



**આ અંક એવું સંકલન :**

"પેકેજ તમારા હાથમાં આવી રહ્યું છે જે તમને પુસ્તકનો કીડો ન બનાવે પણ પુસ્તકની કળા (જ્ઞાન-કળા) તરફ લઈ જાય અને પ્રસન્નતાનો પમરાટ ફેલાવે. આ પ્રસન્નતા પ્રભુએ મોકલેલી આમંત્રણપત્રિકા છે અને તે પ્રાપ્ત થતાં તમે બોલી ઉઠશો.

'પુસ્તક' એટલે 'પુસ્તક'

સાગરને જેમ સાગર સાથે જ સરખાવાય, એમ પુસ્તક એક એવું તત્વ છે કે, એની સાથે સરખાવવા પુસ્તકની જ ઉપમા આપવી પડે. આ વાતની સચોટ પ્રતીતિ કરાવતું પ્રકાશન છે. 'પુસ્તક એટલે પુસ્તક'.

આ પુસ્તકમાં પૂજ્યશ્રીએ એક ઊંડા ગવેષકની અદાથી સાહિત્યના સાગરને ખુંદી મેળવેલા રત્નો મનોહર માળારૂપે ગૂંથીને રજૂ કર્યા છે, રત્નો મેળવવા જેમ મરજીવા બનવું પડે, એમ આવું સંકલન - સંયોજન કરવા સાહિત્યથી સમૃદ્ધ સમજણ અને અવિરામ ગતિશીલ ગવેષણા -વૃત્તિ જોઈએ. આ બેની ફલાશ્રુતિ કેટલી અદ્ભુત આવી શકે એનું પ્રત્યક્ષ દર્શન પામવા 'પુસ્તક એટલે પુસ્તક' ના પાના ફેરવવાં જ પડે.

ટી.વી. વિડિયોના આ વિકૃત જમાનામાં પુસ્તક પ્રત્યેની ઉપેક્ષામાં દિન પ્રતિદિન વધારો જ થઈ રહ્યો છે. ત્યારે એમાં ઘટાડાનો કડાકો બોલાવી દઈને પુસ્તક પ્રીતિના આંકને ઊંચો ને ઊંચો લઈ જવા 'પુસ્તક એટલે પુસ્તક' અવશ્ય ઉપકારક બની રહેશે. કોઈ એકજ પુસ્તકના માધ્યમે વિવિધ લેખકોની મનોસૃષ્ટિમાં મુસાફરી માણવાના મનોરથો સેવનારો વાચક તો આ પુસ્તક હાથમાં આવતા જ આની પર ઓળઘોળ બની ગયા વિના નહીં જ રહે.

"આ દુનિયામાં 'પુસ્તક અને પુષ્પ' એવી વસ્તુ છે કે જે આપનાર અને લેનાર બન્નેના હાથ અને હૈયામાં સુવાસ મૂકી જાય છે."

**છપ્પા**

જો જો રે મોટાના બોલ,
ઊજડ ખેડે બાજ્યું ઢોલ
અંધ અંધ અંધારે મળ્યા,
જ્યમ તલમાં કોદરા ભળ્યા
ન થાયે ઘેંસ ને ન થાય ઘાણી,
કહે અખો એ વાતો અમે જાણી

✱

દેહાભિમાન હૂતો પાશેર,
તે વિદ્યા ભણતાં વધ્યો શેર
ચર્ચાવાદમાં તોલે થયો,
ગુરુ થયો ત્યાં મણમાં ગયો
અખા એમ હલકાથી ભારે હોય,
આત્મજ્ઞાન મૂળગું ખોય
- અખો

પ્રગતિ વિના સંસ્કૃતિ નહીં, વિચારો વિના પ્રગતિ નહીં, પુસ્તકો વિના વિચારો નહીં, પુસ્તક મારફતે જ માણસ બીજાના કોઈપણ અનુભવને પોતાનો કરી શકે છે, પોતાની પસંદગીના યુગમાં જીવી શકે છે. એક જિંદગીમાં અનેક અવતારો જીવી શકે છે.

**નોર્મન કઝીન્સ.**

# ભાવ-પ્રતિભાવ



તંત્રી-લેખ વચ્ચે રાજેન્દ્ર શુક્લની વાત અપરંપાર બનવાની વિચારણીય લાગી.

આત્માને પ્રવાહ તો સતત્ વહેતો રહે છે, તેનો એક લોટો આપણાં શરીરમાં જે ઠલવાયો છે, તેનો ઉપયોગ, તમે પ્રબુદ્ધ જીવન દ્વારા સમાજની કાયા પલટ માટે કરી રહ્યાં છો, તેની નોંધ સુજ્ઞ વાચકો તો લેતાં જ રહે છે. 'મુંબઈ જૈન યુવક સંઘ' દ્વારા, આ માધ્યમ વડે, કેટલું સુંદર કાર્ય થઈ રહ્યું છે!

શરીરો તો આવ- જા કરતાં જ રહેવાનાં પંચમહાભૂતમાં મળી રૂપાંતર પામતાં રહેવાનાં, પણ તેનાં દ્વારા ઉભી થતી ચેતના, ચૈતન્યનું જ મૂલ્ય રહ્યું છે. આપણે સૌએ મૃત્યુને કેટલું બધું Boaring બનાવી મુક્યું છે, તેમાં આપણી અજ્ઞાનતા ઉભી થઈ રહી છે. એક તદ્દન સ્વાભાવિક ક્રિયાને, મોટું કે ખોટું રૂપ આપીને બિન-જરૂરી ખલેલ ઉભી થતી રહે છે, તેને બદલે દિવંગત્ આત્માની શાંતિ અર્થે, સજાગ પ્રયત્નો થવા જોઈએ. જનારો તો ક્યારનો ચાલ્યો ગયો છે, હવે શો ફાયદો ભેગા થવાથી? એમ પણ કહેવાયું છે જ.

**હરજીવન થાનકી, પોરબંદર**

❋❋❋

જુલાઈ ૨૦૧૭ના અંકમાં પૃ ૩૪ ઉપર ફાધર વર્ગીસ પોલ છેલ્લી લાઈનમાં લખ્યું છે કે

From Dr. Kamini's article on Jainology. I get the impression that women have no equal status with men in jain religion.

May 2017 ના અંકમાં ડો. કામિનીબેન સ્ત્રીઓના Equal Status અંગે અવઢવમાં હતા એટલે ફાધર વર્ગીસે ઉપર મુજબ આક્ષેપ મૂક્યો છે. હું લેખક કે ચિંતક નથી. મારો સહજ અભિપ્રાય નીચે મુજબ છે.

ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી સમવસરણમાં ૧૧ ગણધર ભગવંતો અને ચતુર્વિધ સંઘ શાસન ની સ્થાપના થઈ.

ચતુર્વિધ સંઘ એટલે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ભગવાને ઉમેર્યું કે સ્ત્રીઓ મોક્ષના અધિકારી છે. તેમની હયાતીમાં સાધ્વીશ્રુત ચંદનાબાળા અને સાધ્વીશ્રી મૃગાવતીશ્રી ઉપરાંત બીજી ઘણી બધી સ્ત્રીઓને કેવળજ્ઞાન થયું હતું. એટલે તેઓ મોક્ષે ગયા. ભગવાન આદિ પુરૂષો પણ મોક્ષે ગયા. મોક્ષમાં Equal Status અનંતકાળ પર્યંત રહેવાનું છે.

મોક્ષમાં ૧૫ ટાઈપના જીવો જાય છે તેમાં સ્ત્રીઓ પણ છે.

આવતી ચોવીસીમાં સુલસા આદિ ભગવાનની ત્રણ શ્રાવિકાઓ તીર્થંકર બનીને (પુરૂષ) મોક્ષે જશે. કન્યા લગ્ન પછી સાસરે આવે ને એક પતિવ્રત જીવન પર્યંત પાળે છે તેવી જ રીતે પુરૂષ પણ એક પત્નીવ્રત જીવંત પર્યન્ત પાળે છે. અને અહીં જે સુખ-દુઃખ આવે તે કર્મજન્ય હોવાથી ભોગવવા પડે જ.

એટલે ફાધર વર્ગીસનું વાક્ય

I get the impression that women have no equal status with men in jain religion - આનું ખંડન કરવું જ રહ્યું. તમારી પાસે બીજી દલીલો હોય તો તે રીતે કરશો. તમારી પાસે વિદ્વાનોની ફોજ છે તેથી સારી દલીલો મળે તો તેનો ઉપયોગ કરશો.

**રસિકભાઈ દોશીના પ્રણામ**

❋❋❋

''ચાલો આપણે બુધ્ધ ધર્મને સમજીએ'' – લેખક : તત્વચિંતક પટેલ (પ્ર.જી. અંક જુલાઈ-૨૦૧૭) ના લેખના અનુસંધાનમાં મારા પ્રતિભાવો લખું છું.

પ્રથમ વાત એ કે હિંદુ ધર્મ એટલે શું? હિંદુ ધર્મવાચક શબ્દ નથી - જાતિવાચક છે. ભારતમાં પ્રાચીન સમયથી ત્રણ દર્શન પરંપરાઓ હતી અને છે. – વૈદિક, જૈન અને બૌધ્ધ. ત્રણેય ધર્મમાં બે ભાગ છે. (૧) તત્વ-દર્શન (૨) આચારસંહિતા.

તત્વદર્શન એટલે જીવ, જગત અને ઈશ્વર વિષેના વિચારો, જન્મ-પુનર્જન્મ અંગેની માન્યતા વગેરે વગેરે. આચારસંહિતા એટલે પરમ તત્વ, પરમ સત્યને પામવા માટેની સાધનાની ક્રિયા માટેનો ઉપદેશ. કાળના વહેણ સાથે આચારસંહિતામાં સમય પ્રમાણે બદલાવ આવે છે પણ તત્વ-દર્શન તો અટલ જ રહે છે.

ભાઈશ્રીએ લેખમાં હિંદુ-ધર્મની આચાર શિથિલતા માટે બહુ જ એકાંતિક વિધાનો કર્યા છે. આ વિધાનો દલીલ નથી પણ આક્ષેપોના સ્તરના છે. દા.ત. હિંદુ ધર્મમાં કટ્ટરતા છે, વિશાળતાનો અભાવ છે. હિંદુઓ ચર્ચને સળગાવે છે, મસ્જીદો તોડે છે. હિંદુધર્મમાં આવો કોઈ કથાકાર કે ધર્માત્મા છે ખરો? વગેરે વગેરે, આવા આક્ષેપો સાથે હિંદુ તત્વદર્શનને જોડી દેવામાં કશું ઔચિત્ય ખરૂં? અનુયાયીઓની આચાર શિથિલતા કયા ધર્મમાં નથી? વધતે ઓછા અંશે બધા ધર્મોમાં છે.

દર્શન-શાસ્ત્રમાં જૈન ધર્મની અમૂલ્ય દેણગી (યોગદાન) છે - અનેકાંતવાદ. તેને સમજવા હાથી અને અંધજનોનું દૃષ્ટાંત અપાય છે. થોડાક અંધજનો સમક્ષ હાથી લાવવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે તમે હાથીનું વર્ણન કરો. જેણે હાથીના પગને સ્પર્શ કર્યો તેણે કહ્યું કે હાથી થાંભલા જેવો છે. જેણે પૂંછડાનો સ્પર્શ કર્યો તેણે કહ્યું કે હાથી સાવરણી જેવો છે. જેણે કાનને સ્પર્શ કર્યો તેણે

કહ્યું કે હાથી સુપડા જેવો છે. આમ દરેક અંધજન તેમની દૃષ્ટીએ સાચો હતો પણ સમગ્રતાની દૃષ્ટિએ અધુરો હતો.

આમ અનેકાંતવાદ એટલે સામા પક્ષમાં રહેલા સત્યને ખોળી કાઢવું, સ્વીકારવું અને પૂર્ણતા તરફ આગળ વધવું. સંઘર્ષ ટાળવો અને સંવાદ સાધવો. આ નિયમ વ્યક્તિ, સમાજ અને દેશના પ્રશ્નોમાં સરખો લાગુ પડે છે.

વ્યક્તિ કે સમુહ કોઈ ચોક્કસ વિચાર કે પંથ તરફની આસક્તિ કે મોહના આવરણને કારણે સત્ય દર્શન ચૂકી જાય છે.

સમસ્ત બ્રહ્માંડ, આત્મા-અનાત્મા, વગેરે ઉપર બહુ જ ગહનતાથી વિચાર કરવામાં આવ્યો છે. આવું જ અન્ય ધર્મ-ગ્રંથોની બાબતમાં છે.

**રમેશ પી. શાહ**
કાંદિવલી (વેસ્ટ)
મુંબઈ-૪૦૦૦૬૭
મો. ૯૮૧૯૭૩૮૨૮૯

❀❀❀

છેલ્લા અમુક વર્ષો થી 'પ્રબુધ્ધ જીવન' વાંચુ છું જ્ઞાનવર્ધક લેખો બહુ ગમે છે. જેમા આપના તંત્રીલેખનો પણ સમાવેશ હોય છે.

જુલાઈ-૨૦૧૭ પ્રકાશિત અંકમા શ્રી સુબોધીબેન મસાલીયા દ્વારા લખાયેલ ''જૈન શ્રમણ.... જૈન સંઘ સાવધાન'' લેખ વાંચી આ પત્ર લખવાની પ્રેરણા થઈ છે. લેખકશ્રી અને પ્રકાશકને ખુબ ધન્યવાદ.

ખુબજ સમયોચિત અને સમજણ ભર્યો લેખ છે. દિક્ષા અંગિકાર કરતા પહેલાની ટ્રેનીંગ ની જે છણાવટ કરી છે. તે આપણાને વિચારતા કરી મૂકે છે. સાધુગણો સાથે શ્રાવક સાથે સંપૂર્ણ જૈન સંઘને સાવધાનીની રાહ બતાવતો હિંમત ભર્યો સચોટ લેખ છે. જ્યારે મર્યાદા માર્ગ મૂકે ત્યારે, આગળ આવી, સમાજને જાગૃત કરવો જ રહ્યો. આ સીધુ વિધાન સંપૂર્ણ જૈનશાસ્ત્રની ઓથ નીચે રહી સમજાવવામાં આવ્યુ છે. હવે જો જાગૃત ન થઈએ તો સુકા ઘાસ સાથે લીલુ ઘાસ બળે એવી હાલત થાય. પણ લીલા ને બળતુ અટકાવવા સુકાને ઓલવવુ પડે અથવા તો અલગ કરવું પડે.

ફરી એકવાર આવો હિંમત ભર્યો લેખ લખવા બદલ ધન્યવાદ... આભાર.

ખાસ સૌ ધર્મના આગેવાનો 'સકારાત્મક વિચાર' ના સંગાથે યોગ્ય અથવા તો પગલા ભરે એવી મારી વિનંતી છે.

**દિપક વાયા**
**મોબાઈલ : ૯૩૨૪૨૩૩૦૫૯**

❀❀❀

૮૩મી પર્યુષણ વ્યા. માળા ૨૦૧૭ સ્નેહ સંમેલન. પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ, ઉપ-પ્રમુખ શ્રી નીતિનભાઈ તંત્રી, સેજલબેન અને આપ્તજનો જય જિનેન્દ્ર જય જગત.

યુવક સંઘની વ્યાખ્યાન માળાને આજે ૮૩-૮૩ વર્ષ થયા! એક ધારી સતત ઉત્તરોત્તર પ્રગતિના શિખરો આંબતી આવી. સૌની પ્રેરણાસ્ત્રોત સિમાચિન્હ રૂપ રહી છે, આ ગૌરવ લેવા જેવી વાત છે.

બાપુજી સાથે આ પર્યુષણ વ્યા. માળામાં આનંદબાગ-હીરા બાગમાં જતાં અને હજુ સ્મૃતિ શેષ છે. વર્ષો સુધી બ્લેપેટસ્કી લૉજ-રોક્ષી બિરલા ક્રીડા કેંદ્ર અને હવે પાટકર એના યાત્રાધામો રહ્યા છે. પ્રબુધ્ધ જૈન અમારે ઘેર નિયમિત આવતુ. આદય મુરબ્બીઓ શ્રી ખીમજી માંડણ ભુજપૂરિયા શ્રી પરમાનંદભાઈ, પંડિત્ય સુખલાલજી ગૌરીપ્રસાદ ઝાલા, શ્રી સુબોધભાઈ ચીમનલાલ જે. શાહ રમણભાઈ, ધનવંતભાઈ ઈત્યાદિ સૌના આપણે ઋણી છીએ સૌને સ્મરણાંજલિ.

આ વર્ષની ૮૩ મી વ્યા. માળા ઉત્તમ-જ્ઞાનપ્રદ રહી. વિદ્વાન ઉત્તમ વક્તાઓ, વિવિધ વિષયો આપણા આંતર મનને ઝંબોળી નાખતા, આત્મ ચેતનાને જાગૃત કરી ઉજાગર કરતા,''સાધનામ્ દર્શણમ પુણ્યમ'' થી આઠ દિવસની અર્હદ્ સ્વજનોની જ્ઞાનયાત્રા અદ્ભુત રહી. અંતિમ પડાવમાં આનંદઘન ઉવસ્સગ હરમ્ સ્તોત્ર નવકાર મંત્ર અને મોટી શાંતિથી હોલમાં એક વિશિષ્ટ ઉર્જાના આંદોલનનો અનુભવ થતો હતો!

આવી સુંદર વ્યા. માળાનું આયોજન બહુ મહેનત - પરિશ્રમ દ્રષ્ટિમાંગી લે છે. શ્રી નીતિનભાઈ અને સેજલબેનને આપણે બિરદાવીએ, તેમનું અભિવાદન કરીએ. તેમના તાલમેલ વિના આ પરિપાક ન જ થાય, આપણે એમના ઋણી છીએ. એમને ધન્યવાદ!

આપણો 'પ્રબુધ્ધ જીવન'નો અંક પણ ઉત્તરોત્તર સુંદરને સુંદર જ્ઞાનપ્રદ બનતો જાય છે, વૈચારિક-મૌલિક બનતો જાય છે. આનું શ્રેય શ્રી ધનવંતભાઈનું અને એમની કેડીએ ચાલતા મંત્રીશ્રી સેજલબેનને જાય છે. ''પ્રબુધ્ધ જૈન'' ''જીવન'' પરમાનંદભાઈના તંત્રીપદથી હું એના અદનો વાચક રહ્યો છું.

સંઘની પોતાની જગ્યા વગર એક નાની ઑફિસથી આ સૌ સંચાલન કરવું અઘરું છે. તાત્કાલિક પ્રબંધ કરવો ઘટે.

આપણે સૌ આ સંઘને એક કુટુંબ સમજી કાર્યરત છીએ. સૌ પ્રેમાર્થે એને સીંચીએ છીએ. આના મોભી નિતીનભાઈ, સેજલબેનને પ્રમાણ સંઘની ઉત્તરોત્તર પ્રગતિ થાય એજ શુભેચ્છા-પરમને પ્રાર્થના.

અસ્તુ...

**લી. હસમુખ ડી. શાહ**

❀❀❀

**પોટલીવાલા - બાબા**

એણે હાથમાંની પોટલી ઉપાડી, પછી માથે મૂકી પાછી પોટલી નીચે ઉતારી. ગાંઠ ખોલીને જોયુ, બધુ જ બરાબર હતું. એણે ફરી પોટલી બાંધી આ વખતે ગાંઠની સંખ્યા વધી.

આ સ્મરણોની પોટલી, અપેક્ષાઓની પોટલી, બીજા પ્રત્યેની નફરતોની પોટલી, પૂર્વગ્રહોની પોટલી, સેજલબેન સાચે જ ભાર વધતો જાય છે. વાંચનારને તરત જ હળવા ફૂલ થવાની ઈચ્છા જાગે છે. તમે કહ્યું દરેક માણસને સિધ્ધ પુરુષ મળતા નથી, પણ અમને સેજલ બેન મળ્યા, જેણે અમારા માથાપરના ભાર સામે આંગળી ચીંધી. તેણે અમને કહ્યું કે 'તું તારા ભારને ચાહી રહ્યો છે, તેને બદલે તારી મુક્તિને ચાહતાં શીખ.'

સાચે જ સેજલબેન આંતર-બાહ્ય જગતના વ્યાપારો એકબીજા સાથે ઝઘડયા કરે છે. જગતનો વ્યવહાર તદ્દન જૂઠો લાગે, અંતર નો અવાજ કંઈ જુદુ જ કરવાનું કહે. આ બન્ને વ્યાપાર જગતનું જો એક્કીકરણ કરવું હોય તો તમે કહ્યું કે જીવનના સર્વ ભાવોને સૂક્ષ્મ રીતે, અખિલાઈથી-એકાગીતા ટાળીને જોવાની તાલીમ જ મુખ્ય ધ્યેય છે.

પૂર્વગ્રહોથી પીડાતો માણસ કરવા કંઈક સારું ચાહે પરંતુ અનાયાસે ખરાબ થઈ જાય અને પછી પાછો પશ્ચાત્તાપથી બળે, વળી એ બનેલી ઘટનાનો પ્રતિભાવ ન ધારેલો મળે. આમ ભાવ-પ્રતિભાવ ની જોડી માણસને અયોગ્ય માર્ગે લઈ જાય છે.

આપે અંગુલીનિર્દેશ કર્યો 'આન્વીક્ષિકી' નિરીક્ષણ અને ચિંતન નો માર્ગ, એટલેકે કોઈ પણ પૂર્વાગ્રહો વગર થયેલા અનુભવ અને પ્રતિભાવને જો આ પધ્ધતિથી મૂલવીએ તો "લાંબુ જુઓ ટૂંકું નહિં એ ઉપદેશ વડે માનવી પૂર્વગ્રહમુક્ત થઈ શકે, અને તો જ માણસ માણસને મળે, તેનાં પ્રતિબિંબને નહીં, આ પ્રયોગ બધા માટે ખૂબ ઉપયોગી સાબિત થાય.

સુખની ઝંખના, એકવાર મળેલા સુખની પ્રતિઝંખના, ક્યારેય શક્ય નથી. જેમ નદીના પ્રવાહમાં એકવાર મૂકેલા પગને ફરી એ જ પાણી નો સ્પર્શ કદીએ થતો નથી, એ પાણી તો વહી ગયું છે. પરંતુ મનુષ્ય સ્વભાવથી જ સુખની શોધમાં ફર્યા કરે છે. આપે કહયુ 'સ્વભાવ જ અભાવ' સર્જે છે. માટે કેટલાક અંતિમો મૃગજળ સમાન હોય અને છોડીને જ ચાલવામાં મઝા છે. સેજલ બેન સુખ શોધમાં ફરતા માનવી માટે આ વાક્ય 'રામબાણ' છે.

કાર્ય-કારણ સંબંધ, કારણ હોય તો જ કાર્ય ઉત્પન્ન થાય, એમ કદી સેજલ બેન તમે નૈયાયિકોના 'અસતકાર્યવાદનો' ઉલ્લેખ કર્યો. ખૂબ જ વિધતાપૂર્ણ, ફીલોસોફીના અભીગમવાળો લેખ વાંચી આનંદ થયો.

